આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૧૧૨ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૭૬૦૦૭ ૧૭૩૧૦ ❖ ફેક્સ : ૨૪૨૨૭૧૧

# ગણપતિ બાપા મોરિયા અગલે બરસ તુ જલ્દી આ... પુઢચ્યાં વર્ષી લવકર યા...






















વલસાડ જિલ્લામાં આજે અનંત ચૌદસના દિવસે ઠેર ઠેર ગણેશ ચતુર્થીએ સ્થાપિત કરેલ શ્રીજીની પ્રતિમાને ભક્તો દ્વારા વાજતે ગાજતે ડીજેના તાલે ભારે હૈયે વિદાય આપવામાં આવી હતી.

## વલસાડ પંથકમાં અશ્રુભીની આંખે 'બાપા'ને વિદાય

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ તા. ૧૭ :** આજરોજ અનંત ચૌદસના દિવસે શહેરના વિવિધ વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારોમાંથી ગણપતિ બાપાની વિસર્જન યાત્રા ઢોલ નગારા અને ડીજે સાઉન્ સાથે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે બાપાની નાની-મોટી પ્રતિમાઓને શહેરની ઔરંગા, વાંકી નદી,તળાવ અને દરિયામાં અશ્રુભીની આંખે બાપાને વિદાય આપી હતી. વિસર્જન યાત્રામાં ડીએસપી દ્વારા ગણેશ વિસર્જન યાત્રામાં ૨ ડીવાયએસપી, પીઆઇ ૭, પીએસઆઇ ૧૨, પોલીસ કર્મચારી ૧૭૦ હોમગાર્ડ ટીઆરબી જીઆરડી એસ આર ડી મળી ૨૦૦ જવાનો મળી કુલ ૩૯૧ જેટલા પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

મહારાષ્ટ્ર રાજય બાદ ગુજરાત રાજયમાં ગણેશ મહોત્સવનું અનેરો ઉત્સવ જોવા મળતો હોય છે. વલસાડ શહેર તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં ગણેશ ચતુર્થીના દિવસે ગણપતિ બાપા ની મૂર્તિની ગણેશ મંડળો તેમજ ઘરોમાં બાપાની મૂર્તિની સ્થાપના કરવામાં આવતી હોય છે. બાપાને દસ દિવસ સુધી (અનું. પેજ નં.૭ પર)

## અબ્રામા ઝોન કચેરી પાસે કાર ચાલકે ત્રણ વીજપોલ ધરાશાયી કરતા અંધારપટ છવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૧૭ :** વલસાડ શહેરના અબ્રામા વિસ્તારમાં ગઈકાલે રાત્રે અબ્રામા નગરપાલિકા ઝોન કચેરી નજીક એક પૂર ઝડપે લઈ જતા કાર ચાલકે વીજ થાંભલા સાથે ધડાકાભેર અથડાવતા ત્રણ જેટલા થાંભલા તાર સાથે તૂટી પડતા વિસ્તારમાં અંધકાર છવાઈ ગયો હતો. જોકે રાત્રે ગણેશ મંડપમાં મહાપ્રસાદ લઈ રહેલા તમામ ભક્તોમાં અફરા તફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા વીજ કંપનીની ટીમ દોડી જઈ યુદ્ધના ધોરણે રીપેરીંગ કામ કરી ત્રણ કલાક બાદ વિસ્તારમાં લાઈટ ચાલુ કરતા લોકોએ હાશકારો લીધો હતો.

વલસાડ શહેરના અબ્રામા વિસ્તારમાં આવેલી નગરપાલિકાની ઝોન કચેરી નજીક ગત રાત્રીએ એક કાર નબર જીજે ૧૫/ સીજી / ૩૦૦૬ નો કાર પૂર ઝડપે હંકારે લઈ જતી વખતે કાર પરથી સ્ટીયરિંગ પર થી કાબુ ગુમાવતા રોડ પરના એક વીજ થાંભલા સાથે કાર ધડાકાભેર અથડાતા એક સાથે ત્રણ વીજ થાંભલા તાર સાથે તૂટી પડ્યા હતા. એક સાથે ત્રણ વીજ થાંભલા તૂટી પડવાની ઘટના બનતા વિસ્તારમાં અંધકાર છવાઈ ગયો હતો જ્યારે નગરપાલિકા ઝોન ઓફિસ કચેરીની બાજુમાં આવેલા એ ગણેશ મંડળ દ્વારા મંદિર પાસેના ખુલ્લા પટાંગણમાં મહાપ્રસાદ લેવા માટે મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. તે દરમિયાન એક સાથે ત્રણ વીજ પોલ તાર સાથે પડવાની ઘટના બનતા ભક્તોમાં અફરા તફરી મચી ગઈ હતી. ત્રણ વીજ થાંભલા તૂટી પડવાની ઘટના બનતા વિસ્તારમાં અંધકાર છવાઈ ગયો હતો. જોકે ઘટનાની જાણ થતા વલસાડ વીજ કંપનીની ટીમ દોડી આવી વીજ પુરવઠો બંધ કર્યો હતો અને તાત્કાલિક વીજ થાંભલા યોજના ધોરણે ઉભા કરી રીપેરીંગ કામ કરી ત્રણ કલાક બાદ લાઈટ ચાલુ આપતા વિસ્તારમાં રહીશો એ હાશકારો લીધો હતો. જોકે આ બનાવ અંગે ઘટના સ્થળેથી માહિતી મળી કે કાર ચાલક નશાની હાલતમાં હોવાનું સ્થાનિક લોકોએ જણાવ્યું હતું. જે બનાવો અંગે વલસાડ સીટી પોલીસની ટીમે આગળની તપાસ હાથ ધરી છે.




## દાનહમાં અનંત ચતુર્થીનું રિવરફ્રન્ટ પર શ્રીજી વિસર્જન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૧૭ :** દાનહમાં આજે ગણપતિને ધામધૂમથી વિદાય આપવામાં આવી હતી. દાનહમાં આજે અગિયારમા દિવસના ગણપતિનું વિસર્જન કરવા માટે ભક્તો મોટી સંખ્યામાં દમણગંગા રિવર ફ્રન્ટ સેલવાસ ખાતે પહોંચ્યા હતા. ભક્તોએ ધામધૂમથી વિસર્જન યાત્રા કાઢી હતી અને ગણેશજીને વિદાય કર્યા હતા. સમગ્ર દાનહમાં ગણેશ વિસર્જન શાંતિપૂર્વક થયું હતું. પોલીસ વિભાગ દ્વારા કાયદો અને વ્યવસ્થા તેમજ ટ્રાફિક ન થાય એ માટે બંદોબસ્ત ગોઠવામાં આવ્યો હતો. દમણગંગા રીવર ફ્રન્ટ ખાતે આજે લગભગ ૭૦-૮૦ જેટલી મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું. દમણગંગા રીવર ફ્રન્ટ ખાતે દાનહ પ્રશાસન દ્વારા કુત્રિમ તળાવ ઉભું કરવામાં આવ્યું હતું.

જેમાં મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું.પોલીસ અને ફાયરના જવાનોએ વિસર્જન સ્થળે હાજર રહીને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તેની તકેદારી રાખી હતી.

## બલીઠા ફાટક શનિવાર સુધી બંધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૭ :** વાપી નજીકના બલીઠા રેલવે ફાટક નંબર ૮૧ પર લેવલ ક્રોસિંગ ગેટમાં એન્જિનિયરિંગ ટ્રેક અને રોડ નું સમારકામ હોવાથી ચાર દિવસ સુધી ફાટક બંધ રહેશે જેને લઇ વાહન ચાલકોએ અન્ય માર્ગ ઉપરથી ડાઈવર થઈ જવા સૂચનો કરાયું છે.

પશ્ચિમ રેલવે દ્વારા આજે વલસાડ રેલવે વિભાગ અને વાપી રેલવે સ્ટેશન તેમજ બલીઠા ગ્રામ પંચાયતના સરપંચને પત્ર લખી વાપી નજીકના બલિઠા ગામે આવેલ ૮૧ નંબરની ફાટક ઉપર રોડ લેવલ તેમજ ટ્રેક ઉપર જરૂરી સમારકામ કરવાનું હોવાથી તારીખ ૧૮-૯-૨૦૨૪ થી ૨૧ ૯ ૨૦૨૪ ના સાંજે છ કલાક સુધી કુલ ચાર દિવસ બલીઠા રેલવે ફાટક બંધ રહેશે જેને કારણે આ માર્ગ ઉપરથી પસાર થતા વાહન ચાલકો તેમજ સ્થાનિક લોકોને અન્ય માર્ગ ઉપરથી ડાઈવર્ટ થવા માટે ની સૂચના આપવામાં આવી છે જોકે હાલમાં વાપીમાં નવા બની રહેલા રેલ્વે ઓવરબ્રિજ તેમજ અંડરબ્રિજની કામગીરીને લઈ એકમાત્ર બલીઠા રેલવે ફાટક ભારે વાહનો માટે ઉપયોગમાં લેવાતું હતું પરંતુ તેને પણ બંધ કરી દેવા હતા વાપી થી સંઘ પ્રદેશ દમણ તરફ જતા ભારે વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડશે તેમ લાગી રહ્યું છે.

**ફોર્ચુન લેન્ડ માર્ક વાપીમાં દુકાનો ભાડે આપવાની છે**

વિશાલ મેઘામાર્ટની સામે ફોર્ચુન લેન્ડ માર્કમાં
હલ્દીરામની ઉપર પહેલા માળે દુકાન
નં.121/122 સ્કેવર ફુટ 411/411
શો રૂમ, રેસ્ટોરન્ટ, બેંક, ફાયનાન્સ, ઓફિસ
લાયકો માટે દુકાનો ભાડે આપવાની છે

મો.નં. - 97256 87106, 97120 54996

**ફ્લેટ વેચવાનો છે**

આસોપાલવ એરીયામાં મેઈન રોડ ટચ
નેપ્ચુન ટાવરની બાજુમાં ફ્લેટ વેચવાનો છે.
૨ બેડરૂમ/ ૨ બાથરૂમ / કીચન / હોલ
ફર્નિચર સાથે

મો.નં. - 98252 68389

## આજે વાપીનાં વિયરમાં ૧૩૮થી વધુ શ્રીજી પ્રતિમાનું વિસર્જન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૭ :** વાપી તથા તેની આજુબાજુમાં ૪૫૦૦ થી વધુ શ્રીજીની સ્થાપના કરવામાં આવી હતી જેમાં અગાઉ દોઢ , ત્રણ, પાંચ સાત અને નવ દિવસના શ્રીજી ની પ્રતિમાઓનું વિસર્જન કઈ હતી જ્યારે આજે મંગળવારે ગણેશ મહોત્સવના અંતિમ દિવસ એટલે કે, અનંત ચૌદસના દિવસે વાપીની ૫૦૦થી વધુ શ્રીજીની પ્રતિમાનું વિસર્જન વાપી જીઆઈડીસીના વીયર ડેમ પાસે ઈમરજન્સી રેસ્યુ ટીમ દ્વારા ૧૩૮ પ્રતિમાનું વિસર્જન કરાયું જ્યારે રાતા ખાડી, હરિયા પાર્ક ડુંગરા અને નર્મદા દમણ ગંગા નદી સાથે દમણના દરિયા કિનારે આજે ભારે વર્ષ અને ઉલટ સાથે શ્રીજીનું વિસર્જન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વાપીના ભડકમોરા ખાતેથી નીકળેલ શિવસેનાનીની ગણપતિનું વિસર્જન યાત્રા બપોરે બે કલાકે નીકળી હતી. જે મોડી રાત્રે સુધી વાપી જીઆઈડીસી



તેમજ ગુંજન વિસ્તારમાં ફરી સેલવાસ રોડથી દમણગંગા નદી કિનારે પહોંચી હતી જયાં ઈમરજન્સી સેવા આપતી ટીમ અને ફાયર બિગેડના જવાનોના સહયોગથી શ્રીજીની પ્રતિમાનું વિસર્જન કરવામાં આવ્યું હતું. જોકે તેવી જ રીતે વાપીના અન્ય વિસ્તારોમાં પણ શ્રીજીનું ભારે ધામધૂમથી વિસર્જન યાત્રા નીકળી હતી. જેમાં હજારોની સંખ્યામાં ભક્તો જોડાયા હતાં.

## ધરમપુરમાં વાજતે ગાજતે ગણેશ વિસર્જન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૧૭ :** ધરમપુર પંથકમાં દસ દિવસ સુધી ગણપતિ બાપ્પાની સ્થાપના કર્યા બાદ આજરોજ અંનત ચૌદસનાં દિવસે ગણેશ ભક્તો દ્વારા વાજતે ગાજતે વિસર્જન યાત્રા કાઢવામાં આવી હતી બાદ આ ગણપતિ બાપ્પાની વિસર્જન યાત્રા નગરના મોટાં બજાર તથા મસ્જીદ ફળિયા ગાર્ડનરોડ દંશોદી ફળીયા, વાલોડ ફળીયા, આસુરા ઝાંપા, આસુરા ચોકડી થઈ આસુરા તેમજ બામતિની માન નદીમા વિસર્જન કરવામાં આવ્યું હતું. ધરમપુરમાં નાની મોટી ૧૦૦ થી વધુ જેટલી પ્રતિમાઓનું વાજતેગાજતે ભિકતભાવ પૂર્વક વિસર્જન કરવામાં આવ્યું હતું દરેક મંડળના સભ્યો રંગ બેરંગી ટી સર્ટ મા ગણપતી બાપ્પા મોરયાના નાદ સાથે ઝૂમી ઉઠ્યા હતાં. કાયદા વ્યવસ્થાનાં ભાગરૂપે ધરમપુરનાં પીએસઆઇ જી એસ પટેલ તથા સીપીઆઈ વસાવા દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવતા પોલીસ કર્મીઓ તેમજ જીઆરડીના જવાનોએ ખડે પગે કામગીરી કરી હતી.



# અન્ય સમાચારો

Wednesday 18, September 2024
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

## વાપીમાં ભાજપ દ્વારા રક્તદાન શિબીર યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** વાપીમાં ભાજપ દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસને ધ્યાને લઈ આજે રક્તદાન શિબીર નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૨૪૦ યુનિટ રક્ત ભેગુ કરાયું હતું.

પારડી વિધાનસભા ભાજપ સંગઠન અને રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં આજે વાપી જીઆઈડીસી ખાતે આવેલ પુરીબેન પોપટ લાખાભાઈ બ્લડ બેન્ક માં સેવા પખવાડિયા અંતર્ગત રક્તદાન શિબિરનું આયોજન ભાજપ સંગઠન પારડી વિધાનસભા એન્જિનિયરિંગ એસોસિએશન વાપી લઘુ ઉદ્યોગ ભારતી અને વી આઈ એ ના સંયુક્ત ઉપક્રમે આ રક્તદાન કેમ્પનું આયોજન સવારે ૯:૦૦ થી બપોરે બે કલાક સુધી રાખવામાં આવ્યું હતું જેમાં ૨૪૦ યુનિટ રક્ત ભેગું કરાયું હતું. આ કાર્યક્રમમાં રાજયના નાણામંત્રી તેમજ સ્થાનિક ધારાસભ્ય કનુભાઈ દેસાઈ વલસાડ જિલ્લા ભાજપના મહામંત્રી સીલ્પેશભાઈ દેસાઈ એના પ્રમુખ અને વાપી શહેર સંગઠનના પ્રમુખ સતિષભાઈ પટેલ લઘુ ઉદ્યોગ ભારતીના પ્રમુખ મેહુલભાઈ પટેલ એન્જિનિયરિંગ એસોસિએશનના પ્રમુખ કમલેશભાઈ લાડ મુકેશ સિંહ ઠાકુર વિઠ્ઠલભાઈ પટેલ હેમંતભાઈ પટેલ વિયાએના માજી પ્રમુખ કમલેશભાઈ પટેલ તેમજ કલ્પેશભાઈ વોરાઅને સ્થાનિક સંગઠનના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતા

## મધુબન ડેમના સેવાનિવૃત કર્મચારીઓનું સ્નેહમિલન યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૭ :** મધુબન ડેમના સેવાનિવૃત કર્મચારીઓનું સ્નેહમિલન દાનહના રખોલી કોમ્યુનિટી હોલ ખાતે યોજાયું હતું.જેમાં મધુબન ડેમ ખાતે સેવા આપીને નિવૃત થયેલા સરકારી કર્મચારીઓ ગુજરાતના ખૂણે ખાચરેથી આવીને હાજરી આપી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ બધા જ નિવૃત્ત કર્મચારીઓ વચ્ચે આત્મીયતા વધે અને નિવૃત્તિ પછી પણ એક બીજાના સંપર્કમાં રહીને સારું નિવૃત જીવન માણી શકે એ માટે નો હતો. હાજર રહેલા બધા કર્મચારીઓએ પોતાના કાર્ય અનુભવ બધા લોકોને જણાવ્યો



હતો અને એક બીજા પ્રત્યે પ્રેમ અને આત્મીયતાની ભાવનાને બધા સાથે વહેંચી હતી. આ કાર્યક્રમમાં સરકારી નિવૃત્ત કર્મચારી ઉપરાંત સ્વામિનારાયણ સંપ્રદાયના ચિન્મય સ્વામીએ પણ હાજરી આપી હતી.

સ્નેહ મિલન સમારંભની સફળતા માટે અરવિંદભાઈ, હિતેશભાઈ તેમજ પ્રદીપ ઢાલી બાબૂ વગેરેએ જેહમત ઉઠાવી હતી. ભવિષ્યમાં આ અભિયાન વધારે મજબૂત બને અને બીજા વય નિવૃત્ત થતાં કર્મયોગીઓને પણ ચોક્કસ માર્ગદર્શન પુરી પાડે એવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

## સમર્પણ જ્ઞાન સ્કૂલમા હિંદી દિવસની ઉજવણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** વાપી ખાતે આવેલ સમર્પણ જ્ઞાન સ્કૂલમા ૧૪ સપ્ટેમ્બરે લાયન્સ ક્લબ ઓફ વાપી તરંગીની અને સમર્પણ જ્ઞાન સ્કૂલના સંયુક્ત ઉપક્રમે હિંદી દિવસ ઉજવવામા આવ્યો. જેથી બાળકો રાષ્ટ્રભાષા હિંદીને વધુ ઉંડાણપૂર્વક જાણે અને સમજે તેમજ હિંદી ભાષાના કોઈ પણ ક્ષેત્રમા સિધ્ધિ હાંસલ કરી દેશનુ નામ રોશન કરે.માનવ ને માનવ સાથે જોડતી હિંદી ભાષા પ્રત્યે બાળકોને વાળવા માટે શાળામા હિંદી પખવાડાનુ આયોજન કરાયુ જેની અંદર હિંદી ભાષાને લગતી ધોરણવાર વિભિન્ન પ્રવૃતિ કરાઈ હતી.

જેમા કહાની કથન, કવિતા ગાયન, નારા લેખન, દોહા ગાયન, નિબંધ લેખન, આકર્ષક રૂપે અક્ષર લેખન, વાદ વિવાદ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને હિંદી નાટક જેવી પ્રવૃતિઓ કરાવાઇ હતી. પ્રવૃતિ દરમિયાન સ્પર્ધામા વિજેતા થનાર બાળકોને પ્રોત્સાહિત કરવા પ્રમાણપત્ર પણ આપવામા આવ્યા હતા. સ્કૂલ ફાઉંડર ટ્રસ્ટી લાયન મૂકેશ પટેલે હિંદી પખવાડા ઉજવવા પાછળના હેતુ જણાવતા કહ્યુ કે અંગ્રેજી માધ્યમમા ભણતા બાળકોને રાષ્ટ્રભાષા હિંદીનુ જ્ઞાન હોવુ જરૂરી છે અને હિંદી ભાષાને માન આપવુ એ પણ હર ભારતીયની ફરજ છે તો આવનારી પેઢીને નાનપણથી આવા સંસ્કાર આપવા જરૂરી છે. શાળામા દર વર્ષે હિંદી દિવસ ખુબ જ ઉત્સાહપૂર્વક ઉજવાય છે અને બાળકો હિંદી પખવાડાની રાહ પણ જોતા હોય છે. આ સમગ્ર કાર્યક્રમ સ્કૂલ ચેઅરપર્સન લાયન હિના પટેલના માર્ગદર્શન હેઠળ યોજવામા આવ્યો હતો.

## સુબીરમાં મજુર અધિકાર મંચ દ્વારા શેરડી કાપણી કામદારોને લઈઆવેદનપત્ર આપ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૭ :** પ્રાપ્ત વિગતો અનુસાર ૧૩ સપ્ટેમ્બર એ આદિવાસી અધિકાર દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે મજૂર અધિકાર મંચ દ્વારા ડાંગ જિલ્લાનાં સુબીર ખાતે આદિવાસી અધિકાર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં આદિવાસી સમાજના કેટલાક પ્રશ્નોને લઈને ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને શેરડી કાપણી કામદારોની રિવાઈઝ કરેલ લઘુત્તમ વેતનની ચુસ્તપણે અમલવારી તેમજ અન્ય માંગણીઓ સંદર્ભે મુખ્યમંત્રીને સંબોધીને ડાંગ જિલ્લાનાં સુબીર મામલતદારને આવેદનપત્ર પાઠવ્યુ હતું.

ડાંગ જિલ્લામાં મોટાભાગે આદિવાસી સમાજ વસવાટ કરે છે અને આ વિસ્તાર અનુસૂચિ પાંચ હેઠળનો વિસ્તાર છે.

ત્યારે ૧૩ મી સપ્ટેમ્બરનાં રોજ આદિવાસી અધિકાર દિવસની ઉજવણીના ભાગરૂપે સુબીર ખાતે એક સંમેલનનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

તેમજ શેરડી કાપણીના કામદારો પોતાના પરિવાર સાથે કામ અર્થે આવતા હોય જેમાં બાળકો તથા સગર્ભા પણ સામેલ હોય છે ત્યારે આ તમામને આઈસીડીએસ, શિક્ષણ અને આરોગ્યની સેવાઓ પૂરી પાડવામાં આવે, શેરડી કાપડીના કામદારો પોતાના વતન થી કાર્ય સ્થળ ઉપર આવવા જવા માટે ભાડું સુગર ફેક્ટરીઓ દ્વારા ચૂકવવામાં આવે, જંગલ જમીન ખેડનારા તમામ દાવેદારોની સ્થળ ચકાસણી કરી કાયદા અંતર્ગત અન્ય આધાર પુરાવા માન્ય રાખી માંગણી પ્રમાણે દાવાઓ મંજૂર કરવામાં આવે, પેન્ડિંગ દાવાઓને સત્વરો નિકાલ કરવામાં આવે, ડાંગ જિલ્લો અનુસૂચિ હેઠળનો છે.

ત્યારે પાંચમી અનુસૂચિની અસરકારક અમલવારી કરવામાં આવે,સુબીર રેફરલ હોસ્પિટલમાં ગાયનેક ડોક્ટરની નિમણૂક કરવામાં આવે વગેરે મુદ્દાઓને લઈને મજૂર અધિકાર મંચ દ્વારા મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય શ્રમ મંત્રી, ગુજરાત રાજ્ય વન મંત્રી, આદિજાતિ વિકાસ મંત્રી, કલેકટર તથા સુબીર મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું.

## વલસાડમાં ડાક અદાલત યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે સિનિયર સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસ, વલસાડ ડિવિઝન ખાતે તા. ૨૫-૦૯-૨૦૨૪ના રોજ બપોરે ૧૨-૦૦ વાગ્યે 'ડાક અદાલત'નું આયોજન કરવામાં આવ્યું છે. આ અદાલતમાં નીતિવિષયક મુદ્દા સિવાયની ટપાલ સેવાઓને લગતા અન્ય મુદ્દાઓ સંબંધિત ફરિયાદો સાંભળી નિકાલ કરવામાં આવશે. ટપાલ સેવા સંબંધી અદાલતમાં રજૂ કરવાની ફરિયાદો સિનિયર સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસ, વલસાડ ડિવિઝન-વલસાડ-૩૯૬૦૦૧ને અંતિમ તા.૨૩-૦૯-૨૦૨૪ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. નિર્ધારિત સમય મર્યાદા બાદ મળેલી ફરિયાદોને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

## દમણગંગા ટાઈમ્સ CORPORATE NEWS

### એસબીઆઈ લાઈફ સ્પેલ બી ૨૦૨૪ની ૧૪મી એડિશન લોન્ચ કરી

**સુરત, તા. ૧૭ :** ભારતની સૌથી વિશ્વસનીય લાઈફ ઈન્સ્યોરર્સ પૈકી એક એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સે મિર્ચી સાથેની ભાગીદારીમાં એસબીઆઈ લાઈફ સ્પેલ બી ૨૦૨૪ની ૧૪મી એડિશન લોન્ચ કરી હોવાની જાહેરાત કરી છે, આ પ્લેટફોર્મ વર્ષોથી ભારતના તેજસ્વી યુવાનોના મગજને વધુ તીક્ષ્ણ બનાવતાં આકાર આપે છે. સ્પેલ બી તેના વ્યાપક વિઝન અને સ્પેલિંગ કૌશલ્યમાં વધારો કરવાની ખાતરી સાથે આ વર્ષે ફરી આવ્યુ છે. તેનો ઉદ્દેશ યુવાનો ભવિષ્યમાં મહાન લીડર્સને સશક્ત બનાવીને શિક્ષણ, સર્જનાત્મકતા અને સફળતાના જુસ્સાની ઉજવણી કરવાનો છે.

કોમ્પિટિશનની ૧૪મી એડિશન ૩૦ શહેરો, ૫૦૦થી વધુ શાળાઓના ૩ લાખથી વધુ વિદ્યાર્થીઓને આવરી લેશે. ભારતભરમાંથી ટોચના ૫૦ વિદ્યાર્થીઓ નેશનલ ફાઈનલ માટે ક્વોલિફાય થશે. આ ટોપ અચીવર્સને દેશવ્યાપી 'સ્પેલમાસ્ટર ઓફ ઈન્ડિયા ૨૦૨૪'નું સન્માન મળશે. આ પ્રતિષ્ઠિત ખિતાબ ઉપરાંત, વિજેતાને રૂ. ૧ લાખનું ભવ્ય ઈનામ અને ડિઝનીલેન્ડ, હોંગકોંગની યાદગાર સફર કરવાની તક મળશે. આ વર્ષની થીમ બી સ્પેલબાઉન્ડ! છે. જે પ્લેટફોર્મના ગહન મિશનને પ્રતિબિંબ કરે છે. સ્પેલ બી ૨૦૨૪નું ફોકસ શ્રેષ્ઠ સ્પેલર્સ પર રહેશે.

## દમણ રેડિયો 102.3 FM

**બુધવાર**

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૫ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૩૫ હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૭.૦૦ પ્રાદેશિક સમાચાર (દિલ્હી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૦ - પ્રકૃતિ, ૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - ભારત કી ગુંજ, ૯.૩૦- આજ કે ફનકાર, ૧૦.૦૦ - ગીત ગાતા ચલ, ૧૦.૩૦- સુગમ સંગીત, ૧૧.૦૦-હિન્દી ફિલ્મ સંગીત. **બપોરે :** ૧૨.૦૦- લોક સંગીત અને ૧૨.૩૦ - મહિલા જગત (અમદાવાદ-વડોદરાથી), ૧.૦૦ - કુછ બાતે કુછ ગીત - ૨.૦૦ - ગાને તરાને, ૩.૦૦ - સખી સહેલી, ૪.૦૦ આજ મહેમાન. **સાંજે :** (દમણથી) ૫.૦૦ - ગુલમહોર (હિન્દી ફિલ્મ સંગીત), ૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ - NCERT - ઉમંગ, ૬-૦૦ શ્રી રામ ચરિતમાનસ ગાન, ૬-૧૦ - કાર્યક્રમ વિવરણ, ૬.૧૫ -શ્રવણ માધુરી, ૬.૩૦ યુવવાણી (અમદાવાદ-વડોદરાથી), ૬.૫૫ - પ્રાદેશિક સમાચાર, ૭-૧૦ હિન્દી સમાચાર, ૭-૨૦ કિસાન વાણી (સ્થાનિક ખેડૂતો, તજજ્ઞો સાથે મુલાકાત), ૭.૫૦ ગુજરાતી સમાચાર (દિલ્હીથી), ૮-૦૦ સમાચાર સંધ્યા (દિલ્હીથી, ૮.૩૦ - રજનીગંધા (હિન્દી ફિલ્મ સંગીત), ૯.૦૦ - આજ કે ફનકાર, ૯.૩૦ છાયા ગીત, ૧૦.૦૦ નાટક ( અમદાવાદ -વડોદરાથી), ૧૦.૩૦ - ગોલ્ડન અવર્સ, ૧૧.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૧૧-૧૦ સભા સમાપન

## પિતૃઓનું શ્રાદ્ધ-તર્પણ નિષ્કામ ભાવેકરવું જોઈએ

શ્રદ્ધા પરથી શ્રાદ્ધ શબ્દ બન્યો છે. શ્રદ્ધાપૂર્વક કરેલા કાર્યને શ્રાદ્ધ કહે છે.જેમને આપણી ઉપર ઉપકાર કર્યો હોય, જેમના દ્વારા આપણને કંઈ લાભ થયો છે તેમના પ્રત્યે આદર પ્રગટ કરવો, તેમના પ્રત્યે કૃતજ્ઞ હોવું એ શ્રદ્ધાળુનું પરમ કર્તવ્ય છે.શ્રાદ્ધ એ ફક્ત કર્મકાંડની વિધિ નથી.શ્રાદ્ધ એટલે પૂર્વજોનું કૃતજ્ઞતા,શ્રદ્ધા અને આદર સહિત સ્મરણ કરવું.ભાદરવા સુદ પૂનમથી ભાદરવા વદ અમાસ સુધીના સોળ દિવસ શ્રાદ્ધના દિવસો કહેવાય છે.શ્રાદ્ધ એટલે શુદ્ધ સંકલ્પોની શ્રદ્ધાંજલિ.આપણા પૂર્વજો જેઓ આપણી વચ્ચેથી શરીર છોડીને ગયા છે એમની પાછળ કરવામાં આવતી શ્રદ્ધાપૂર્વકની વિધિ.

કબીરજીનો એક પ્રસંગ છે કે એકવાર કબીરના ગુરૂ રામાનંદજી કહે છે કે આપ ગાયનું દૂધ લઈ આવો જેથી આજે આપણે શ્રાદ્ધ કરીએ.કબીરજી દૂધ લેવા જાય છે ત્યાં રસ્તામાં એક ગાય મરેલી પડી છે તેને કબીરજી ઘાસ નાંખે છે અને રાહ જુએ છે કે ગાય ઉભી થાય અને મને દૂધ આપે ! આ બાજુ તેમના ગુરૂજી કબીરજીની રાહ જોતા હતા.ઘણો સમય પસાર થયો છતાં તેઓ આવ્યા નહિ તો તેમને શોધવા ગુરૂજી પોતે જાય છે તો જુએ છે રસ્તામાં કબીરજી એક મૃત ગાય પાસે બેઠા હોય છે. ગુરૂજી પૂછે છે કે આ શું કરો છો? ત્યારે કબીર કહે છે કે આ ગાય ઘાસ ખાય અને પછી દૂધ આપે તો દૂધ લઈને આવીશ.ગુરૂજી કહે છે કે આ ગાય તો મરેલી છે એ ઘાસ કેવી રીતે ખાશે? ત્યારે કબીરજી કહે છે કે આપણે શ્રાદ્ધ કરીને વાસ નાંખીએ છીએ તો એ ભોજન મૃત પિતૃઓને કેવી રીતે પ્રાપ્ત થાય? આ પણ એક વિચારણીય બાબત છે.

વર્તમાન સમયમાં બુદ્ધિજીવીઓ શ્રાદ્ધની મશ્કરી કરે છે તેઓ માનવજીવનનો સાચો મર્મ સમજ્યા નથી. તેઓ કહે છે કે બ્રાહ્મણ કે બહેન દિકરી ભાણેજને ખવડાવીએ તે જો પિતૃઓને પહોંચતું હોય તો અમદાવાદમાં જેને ખાધું તે વડોદરામાં રહેનારને કેમ નથી પહોંચતું? આવી દલીલ કરે છે તેનો જવાબ એ છે કે ભારતની બેંકમાં જમા કરેલ નાણાં અમેરીકામાં રહેતા સ્વજનને ત્યાંની કરન્સીમાં મળી જાય છે. ગુજરાતના સ્વજનનો અવાજ મોબાઈલથી એવોને એવો જ દૂરદેશોમાં રહેનાર સાંભળી શકતા હોય તો ભાવ-ભક્તિ,શુદ્ધ અંતઃકરણ અને અનન્ય શ્રદ્ધાથી કરેલું શ્રાદ્ધ પિતૃઓને તૃપ્ત કરે છે તેમાં શંકા નથી.

કહેવાનો ભાવ એ છે કે જીવતાં જીવત આપણે એવા કર્મ કરવા જોઈએ કે જેનાથી આપણા માતાપિતા કે વડીલો સંતુષ્ટ થાય,ખુશ થાય,રાજી થાય,આર્શીવાદ આપે પરંતુ વર્તમાન સમયમાં આપણે જોઈએ છીએ કે આવા પુત્ર અથવા સંતાનો કેટલા? જીવતાં-જીવ આપણે આપણા માતાપિતાને વૃદ્ધાશ્રમોમાં મુકી આવીએ છીએ.જો માતાપિતા આપણી સાથે રહેતા હોય તો પણ એમની સાથે સારો વ્યવહાર કરતા નથી તેમ છતાં મા-બાપ પોતાના સંતાનો માટે કયારેય ખરાબ ઈચ્છતા નથી,તેઓ હંમેશા એ જ આર્શિવાદ આપે છે કે દિકરા ખુશ અને સુખી રહેજે.

શ્રાદ્ધમાં કાગડાને જ કેમ વાસ નાખવામાં આવે છે? તેની પાછળ પણ વિજ્ઞાન છે.આપણા ઋષિ મુનીઓએ આ વિજ્ઞાનની વાતોને ધર્મ સાથે જોડીને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.આ દિવસોમાં કાગડા ઈંડા મૂકે છે એને પૌષ્ટિક ભોજનની જરૂર હોય છે.આ કાગડો વડ અને પીપળો કે જે ચોવીસ કલાક પ્રાણવાયુ આપે છે એના બીજ ખાય છે એના પેટમાં એની પ્રોસેસ થાય છે પછી એની ચરક જયાં પડે છે ત્યાં વડ કે પીપળાના છોડ ઉગે છે. આમ મનુષ્ય જાતિને બચાવવા ઓકિસજન મળી રહે તે માટે કાગડાને બચાવવા જરૂરી



છે એટલે કાગડાને કાગવાસ નાંખવામાં આવે છે.

ભાદરવા મહિનામાં શરીરમાં પિત્તની વૃદ્ધિ થતી હોય છે એટલે આયુર્વેદ પ્રમાણે દૂધ અને ચોખાની ખીર બનાવીને આરોગવામાં આવે તો આ પિત્તનું શમન થાય છે એટલે દૂધ-પાક ખાવાનો મહિમા છે.

માતા-પિતા અને ગુરૂનો ઉપકાર આપણી ઉપર સૌથી વધારે છે તેના બદલામાં તેમના પ્રત્યે અખૂટ શ્રદ્ધા રાખી તેમને મનુષ્ય દેહધારી દેવતા માનવા અને તેમના ઉપર શ્રદ્ધા રાખવી. આ કૃતજ્ઞતા ભાવ મનમાં રહે તે ખૂબ જ જરૂરી છે.પિતૃઓના મૃત્યુની પુણ્યતિથિના દિવસે શ્રાદ્ધ કરવાની એટલે તેમને શ્રદ્ધાપૂર્વક યાદ કરવાની વિધિ શાસ્ત્રોમાં બતાવી છે.

સત્કર્મ ભલે સ્વેચ્છાએ કર્યું હોય કે અનિચ્છાએ કે કોઈ વિશેષ હેતુ માટે કર્યું હોય તો પણ ઉત્તમ કર્મોનું ફળ ઉત્તમ જ મળે છે. શ્રાદ્ધ નિમિતે જે દાનધર્મ કરવામાં આવે છે તેનું ફળ તે સ્વર્ગીય વ્યક્તિને ભલે મળે કે ના મળે પરંતુ દાન કરનાર વ્યક્તિ માટે તે કલ્યાણકારક છે. સત્કર્મ ક્યારેય નિષ્ફળ જતું નથી. શ્રાદ્ધની મહત્તા એટલા માટે સ્વીકારવી જોઈએ કે શ્રાદ્ધના રીવાજના કારણે અનિચ્છાએ પણ લોકો ધર્મકાર્ય કરવા વિવશ બને છે.

**પ્રાસંગિક**

શ્રાદ્ધ દ્વારા શ્રદ્ધા જીવિત રહે છે.જીવિત પિતૃઓ અને ગુરૂજનો પ્રત્યે શ્રદ્ધા પ્રક્ટ કરવા માટે એમની અનેક પ્રકારે સેવાપૂજા કરી તેમને સંતુષ્ટ કરવા જોઈએ પરંતુ સ્વર્ગીય પિતૃઓ પ્રત્યે શ્રદ્ધા પ્રકટ કરવા, પોતાની કૃતજ્ઞતા પ્રક્ટ કરવા કોઈ નિમિત્ત જરૂરી છે આ નિમિત્ત એ શ્રાદ્ધ છે. આપણે ભગવાનના અવતારો દેવતાઓ ઋષિઓ મહાપુરૂષો અને પૂજનીય વડીલોની તિથિઓ ઉજવીએ છીએ,તેમના ગુણોનું વર્ણન કરીએ છીએ, એમને શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ અને એમનાં ચરિત્રો અને વિચારોમાંથી પ્રેરણા મેળવવાની છે.

જો આપણા મનમાં એવો તર્ક ઉભો થતો હોય કે મૃત્યુ પામેલી વ્યક્તિએ તો બીજી જગ્યાએ જન્મ પણ લઈ લીધો હશે તો પછી તેમની તિથિ ઊજવવાનો શો અર્થ? આ તર્ક ખોટો છે.મનુષ્ય માટીનું રમકડું નથી કે જે તૂટી જવાથી કચરાના ઢગલામાં તિરસ્કારપૂર્વક ફેંકી દેવામાં આવે.તેમનો યશ યુગો સુધી રહે છે અને તે એટલું જ કામ કરે છે જેટલું જીવિત શરીર કરે છે.આજે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામ, ભગવાન શ્રી કૃષ્ણ, પ્રહલાદ, સત્યવાદી હરિંદ્ર, ધ્રુવ, દાનવીર કર્ણ, શિવાજી, રાણાપ્રતાપ, તપસ્વી તિલક, જગતગુરૂ શંકરાચાર્ય, ગૌતમ બુદ્ધ, મહાવીર, નાનક,કબીર વગેરે જીવિત નથી પરંતુ તેમનો યશોદેહ આજે પણ એટલું જ કામ કરે છે જેટલું જીવિત શરીર કરતું હતું.કરોડો વ્યક્તિઓને તેમના જીવનમાંથી પ્રેરણા અને પ્રકાશ પ્રાપ્ત થાય છે.

શ્રાદ્ધ અને તર્પણનો મૂળ હેતુ આપણી કૃતજ્ઞતા અને આત્મિયતાની સાત્વિક વૃત્તિઓને જાગૃત કરવાનો છે. આ પ્રવૃત્તિઓ જીવિત અને જાગૃત રહે તે જગતની સુખ-શાંતિ માટે અત્યંત આવશ્યક છે. આવી આવશ્યક વૃત્તિઓનું પોષણ કરવા શ્રાદ્ધ જેવાં અનુષ્ઠાન જરૂરી છે. મૃત્યુ પામ્યા પછી જીવ નાશ પામતો નથી.તે કોઈને કોઈ રૂપમાં આ સંસારમાં રહે જ છે. એના પ્રત્યે બીજાઓની સદભાવના તથા દુર્ભાવના ખૂબ જ સહેલાઈથી પહોંચે છે.

શ્રદ્ધા-કૃતજ્ઞતા આપણા ધાર્મિક જીવનની કરોડરજજુ છે. જો આ શ્રદ્ધા નીકળી જાય તો બધી જ ધાર્મિક ક્રિયાઓ વ્યર્થ,નિરસ અને પ્રયોજન વગરની બની જાય.

ભૌતિકવાદી નાસ્તિક દ્રષ્ટિકોણ અને ધાર્મિક આસ્તિક દ્રષ્ટિકોણમાં મુખ્ય આ જ તફાવત છે.ભૌતિકવાદી નિરસ શુષ્ક કઠોર દષ્ટિકોણવાળો માણસ સ્થુળ બુદ્ધિથી વિચારે છે કે પિતાજી મૃત્યુ પામ્યા હવે મારે અને એમને શું સંબંધ? જ્યાં હશે ત્યાં પોતાનાં કર્યા કર્મ ભોગવતા હશે,તેમના માટે હું શું કામ દુઃખી થાઉ? આનાથી બિલ્કુલ ઊલટું ધાર્મિક દ્રષ્ટિવાળો માણસ સ્વર્ગીય પિતાના અગણિત ઉપકારોને યાદ કરીને કૃતજ્ઞતાના ભારથી નતમસ્તક બની જાય છે.તે ઉપકારમયી સ્નેહમયી સ્વર્ગીય મૂર્તિના નિઃસ્વાર્થ પ્રેમ અને ત્યાગનું સ્મરણ કરતાં કરતાં એનું હૃદય ભરાઈ જાય છે, એનું હૃદય પોકારે છે હે સ્વર્ગીય પિતૃઓ ! તમે ભલે સશરીર અહીયાં નથી પરંતુ તમારો આત્મા આ લોકમાં ક્યાંક તો હશે જ. તમારા ઋણથી દબાયેલો હું તમારાં ચરણોમાં શ્રદ્ધાની અંજલિ અર્પણ કરૂં છું.ધાર્મિક કર્મકાંડ સ્થૂળ રીતે તો બહુ મહત્વ ધરાવતાં નથી પરંતુ તે બધાની પાછળ જે ભાવનાઓ રહેલી છે તે જ મહત્વની છે

.આ ભાવનાઓ જ માણસને સુખી સમૃદ્ધ સ્વસ્થ સંપન્ન વૈભવશાળી યશસ્વી પરાક્રમી અને મહાન બનાવે છે.

જીવનમાં આપણા ઉપર ત્રણ ઋણ છે જે ચૂકવવાના હોય છે:પિતૃઋણ-દેવઋણ અને ઋષિઋણ. જેમને આપણને જન્મ આપ્યો,જેમની કૃપાથી નાનાથી મોટા થયા,આપણા ઉજ્જવળ ભવિષ્ય માટે જેને પોતાના સ્વાર્થનો ત્યાગ કર્યો તે પિતૃઓના ઋણમાંથી તેમને તૃપ્તિ થાય તેવું કરવાથી મુક્ત થવાય છે. દેવ(પ્રભુ પરમાત્મા)નું નિરંતર ધ્યાન પૂજન સેવા સુમિરણ સત્સંગ કરવાથી દેવના ઋણમાંથી મુક્ત થવાય છે. ઋષિઓના વિચારોનો પ્રચાર-પ્રસાર કરવાથી ઋષિઋણમાંથી મુક્ત થવાય છે.શ્રાદ્ધમાં મારે પણ મારા બાપ-દાદાઓની જેમ આ દુનિયા છોડીને જવાનું છે તે યાદ કરી સારા કર્મોનું ભાથું બાંધવાનું છે.

ઉપકારનો બદલો ચૂકવવા માટે હંમેશાં તૈયાર રહેવું જોઈએ જેથી આપણી ઉપર રહેલો ઋણનો બોજો હલકો બને.જે ઉપકારી પૂજનીય આત્માઓ સ્વર્ગે સિધાવ્યા છે એમના પ્રત્યે મનમાં કૃતજ્ઞતા રાખવી જોઈએ અને સમય આવ્યે કૃતજ્ઞતા પ્રક્ટ કરવી જોઈએ. શ્રાદ્ધમાં ભાવના મહત્વની છે. શ્રદ્ધા અને ભાવનાનો આપણે ક્યારેય ત્યાગ ન કરવો જોઈએ.

**આલેખનઃ**
**વિનોદભાઈ માછી નિરંકારી**




## આજનું પંચાગ

**તા.** ૧૮-૦૯-૨૦૨૪, **વારઃ** બુધવાર, **તિથિઃ** પૂનમ **વિક્રમ સંવતઃ** ૨૦૮૦
**સૂર્ય ઉદયઃ** ૦૬:૦૨ **સૂર્ય અસ્ત :** ૧૮:૨૬ **ચંદ્રરાશિઃ** મીન

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજનો દિવસ તમારી જાતને બિનજરૂરીપણે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે.

**વૃષભ(બ.વ.ઉ) :** આજનો દિવસ ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે.

**મિથુન(ક.છ.ઘ) :** આજનો દિવસ તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે-એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે.

**કર્ક(ડ.હ) :** આજનો દિવસ ઉચ્ચ કૅલેરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો.

**સિંહ(મ.ટ.) :** આજનો દિવસ તમારા પરિવાર સાથે વધુ સમય વિતાવી એકલાપણાની લાગણીથી મુક્ત થાવ.

**કન્યા(પ.ઠ.ણ.) :** ક્કાજનો દિવસ ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો.

**તુલા (ર.ત.) :** આજનો દિવસ સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજનો દિવસ તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજનો દિવસ મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે.

**મકર(જ.ખ) :** આજનો દિવસ સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે.

**કુંભ(ગ.શ.સ.) :** આજનો દિવસ શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આજનો દિવસ આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે.

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# સેગવીની સર્વોદય હાઈ. નો વિદ્યાર્થી રાજ્ય કક્ષાએ જશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૭ :** સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા અયોજિત અને જિલ્લ રમત પ્રશિક્ષણકેન્દ્ર વલસાડ દ્વારા સંચાલિતSGFI શાળાકીય રમત સ્પર્ધામાં સર્વોદયહાઈસ્કૂલ, સેગવીના વિદ્યાર્થીઓ વિવિધરમતોમાં ભાગલઈસફળતા મેળવી રહ્યા છે. જેમાં અંડર-૧૯કુમારમાટે ૨૦૦ મીટર દોડ અને અંડર-૧૯કુમારમાટે લાંબી કૂદની સ્પર્ધામાં શાળાનો ધોરણ૧૨સામાન્ય પ્રવાહનો વિદ્યાર્થી દર્શનમાંગેલા બંને સ્પર્ધાઓમાં જિલ્લા કક્ષાએદ્વિતીય ક્રમપ્રાપ્તકર્યો છે અને હવેએરાજ્ય કક્ષાએવલસાડ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. દર્શન માંગેલાને શાળામંડળના ઉપપ્રમુખ અશ્વિનભાઈપટેલતરફથી રૂપીયા ૧૧૦૦નું રોકડ પુરસ્કાર પ્રોત્સાહનસ્વરૂપે આપવામાં આવ્યું અને શાળામંડળના હોદ્દેદારોએ પુષ્પગુચ્છ આપી શુભેચ્છા પાઠવી. શાળાના આચાર્યા ઉન્નતિ દેસાઈએ સમગ્ર શાળા પરિવાર તરફથી દર્શનને રાજ્ય કક્ષામાં પણ સફળતા પ્રાપ્ત થાયએવી શુભેચ્છા પાઠવી.

# સરીગામમાં ઈદે મિલાદુન નબીના જુલુસમાં કોમી એકતા જોવા મળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૭ :** સરીગામમાં ઈદે મિલાદુન્ન નબીના જુલુસમાં મોટા પ્રમાણમાં માનવમેદની ઉમટી પડી હતી. જુલુસમાં ભાઈચારો અને કોમી એકતાના અનેકો દ્રશ્યો ઠેર ઠેર નજરે પડ્યા હતાં.

સરીગામથી ભીલાડ સુધીના આ રૂટ ઉપર નીકળેલા જુલુસમાં બાળકો, યુવાનો, વૃદ્ધોને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તેની ખાસ કાળજી આયોજકો તરફથી લેવામાં આવતી હતી. એટલું જ નહીં આ રોડ પર ઠેર ઠેર હિન્દુ યુવા કાર્યકર્તાઓ તરફથી ઠંડુ પાણી, ઠંડા પીણા, દૂધ કોલ્ડ્રીંક્સ, તેમજ હળવો નાસ્તાના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા. હિન્દુ યુવા કાર્યકર્તાઓ આગ્રહભર્યા શાંત સ્વરે મુસ્લિમ બિરાદારોની પ્યાસ બુઝાવતાની સાથે ઘણી ખુશી અને આનંદની લાગણી વ્યક્ત કરતા હતા.

સરીગામ વેપારી એસોસીએશનના પ્રમુખ કમલેશભાઈ ચુનીલાલ શાહ તથા રમેશભાઈ (પાયલ જ્વેલર્સ) તેમજ બાળમિત્ર મંડળ- ભીલાડના કાર્યકર્તાઓ અંકુર પાંચાલ, હિતેશ શર્મા, અમિત કનોજીયા, વિવેક ભંડારી વગેરે મિત્રોએ પણ ઠંડા પીણા પિવડાવીને, ખુશી વ્યક્ત કરતા સૌ મુસ્લિમ બિરાદારોને મીઠો આવકાર આપ્યો હતો. સરીગામ મુસ્લિમ સમાજના ઉપપ્રમુખ, સેવાભાવી સામાજિક કાર્યકર્તા મનાનભાઈ મેમણ, સાજીદભાઈ, મકબુલભાઈ મેમણ, હારૂનભાઈ માલવીયા, આરીફભાઈ બોડાતર, રહેમાનભાઈ, અસરફભાઈ ચુડાસમા વગેરેએ આ તમામ હિન્દુ સેવાભાવી યુવા કાર્યકર્તાઓને પુષ્પગુચ્છ આપી સન્માનિત કર્યા હતા. ભીલાડ પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. ડોડિયા તથા બંદોબસ્તમાં ખડે પગે રોકાયેલી એમની સમગ્ર પોલીસ ટીમની પણ તમામ લોકોએ મુક્તકંઠે પ્રશંસાકરી હતી અને તેઓને પણ પુષ્પગુચ્છથી સન્માનિત કર્યા હતા.

# વાવડી-છીપવાડના યુવાનો ચૌદ વર્ષથી રક્તદાન કરી ગણેશોત્સવની અનોખી ઉજવણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૭ :** વલસાડના છીપવાડ સ્થિત શ્રી નાની છીપવાડ યુવક મંડળ તથા શ્રી વાવડી ગણેશ મહોત્સવ ના યુવાનો છેલ્લા ચૌદ વર્ષ થી ગણેશોત્સવ તથા ધુળેટી જેવા ધાર્મિક તહેવારોની ઉજવણીની સાથોસાથ રક્તદાન શિબિરનુ આયોજન કરી અજ્ઞાત માનવજીવન બચાવવાનુ ભગીરથ કાર્ય કરી રહ્યા છે.

અતુલ રૂરલ ડેવલપમેન્ટ ફંડ અતુલ ના સહયોગથી તેમજ શ્રી વાવડી ગણેશ મહોત્સવ તથા શ્રી નાની છીપવાડ યુવક મંડળ દ્વારા આયોજીત ૨૮માં રક્તદાન શિબિર માં ૬૧ રકતદાતાઓએ રક્તદાન કરી અનોખી ઉજવણી કરી હતી. જેમાં ત્રણ મહિલા રક્તદાતાઓ તથા ત્રણ યુગલ રક્તદાતાઓ જીતેશ તથા ચિંતલ ભાવસાર, નરેશ પ્રજાપતિ તથા મનીષા પ્રજાપતિ, જશમીન તથા સપના પ્રજાપતિ એ પણ રક્તદાન કરી અન્યો માટે પ્રેરણા પુરી પાડી હતી. તેમજ અન્ય ત્રણ મહિલા રકતદાતાઓ ખુશ્બુ ભંડારી, યોગિતા પ્રજાપતિ તથા રાજસ્થાની સમાજ માંથી ઈન્દીરાબેન મેવાડાએ પ્રથમ વખત રક્તદાન કરી મારવાડી સમાજની મહિલાઓ માટે રકતદાન કરવાની પ્રેરણા પુરી પાડી હતી. આ રક્તદાન શિબિરમાં વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનના પી આઈ બી. ડી. જીત્યા ખાસ ઉપસ્થિત રહી રક્તદાતાઓને પ્રોત્સાહીત કર્યા હતાં તેમજ મંડળની સેવાકીય પ્રવૃતિઓને બિરદાવી ભવિષ્યમાં પણ આવા કાર્યો કરતા રહેવા પ્રેર્યા હતાં. આ શિબિરમાં વલસાડ તાલુકા હોલસેલ વેપારી મહામંડળના પ્રમુખ સમીરભાઈ મપારા તેમજ ઉપપ્રમુખ શિવલાલ મેવાડા તથા ભાજપ યુવા મોરચાના ઉપપ્રમુખ ભાસીન દેસાઈ એ પણ ખાસ ઉપસ્થિત રહી રક્તદાતાઓ તથા શિબિર આયોજકોને પ્રોત્સાહન પુરુ પાડયું હતુ. શતકવીર રક્તદાતાઓ ભીખુ ભાવસાર તથા મીતેશ (મોન્ટુ) ભંડારી તેમજ અન્ય નિયમિત રક્તદાતાઓ કિરણ ભંડારી, પરેશ પ્રજાપતિ, જયેશ મહેતા તથા તમામ કાર્યકરો એ આ શિબિરને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. આ રક્તદાન શિબિરમાં વલસાડ રક્તદાન કેન્દ્રના મેડીકલ ઓફિસર ડો. તૃપ્તિબેન તથા તમામ કર્મચારીઓની કામગીરી શિસ્તબદ્ધ તથા સરાહનીય રહી હતી.

# વલસાડ જિલ્લા કક્ષાની SGFI સ્પર્ધામા કલ્યાણી શાળાનો પ્રસંશનીય દેખાવ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૭ :** સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા આયોજીત જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, વલસાડ અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, વલસાડ દ્વારા સંચાલિત SGFI શાળાકીય એથ્લેટિક્સ સ્પર્ધા, ઉમરગામ તાલુકાના નારગોલ પંચાયત ગ્રાઉન્ડ, નારગોલ મુકામે યોજાય હતી. જેમા કલ્યાણી શાળા અતુલનાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગનાં જુદી જુદી સ્પર્ધામા ભાગ લઈ નીચે મુજબના કુલ- ૦૫ ખેલાડીઓ રાજ્ય કક્ષાની સ્પર્ધામા પ્રતિનિધિત્વ કરવા સફળતા મેળવી છે. (૧) હર્ષ ટી.નાયકા અંદર-૧૪ વિધ્નદોડમાં પ્રથમ (૨) સોનમ વાય.પટેલ અંદર-૧૪ ચક્રફેકમાં પ્રથમ, (૩) નીલ આર.પટેલ અંદર-૧૭ વિધ્નદોડમાં પ્રથમ (૪) મિષ્ટી જે.પટેલ અંદર-૧૪ ગોળાફેકમાં દ્રિતીય, (૫) હર્ષ એસ. નાયકા અંદર-૧૭ ચક્રફેકમાં દ્રિતીય. તમામ ખેલાડીઓ આગામી દિવસોમા યોજાનાર રાજ્ય કક્ષાની SGFI એથ્લેટિક્સ સ્પર્ધા મા વલસાડ જિલ્લાનુ પ્રતિનિધિત્વ કરશે. સંચાલક મંડળ, શાળાના આચાર્ય સુનીલ પટેલ તથા સમગ્ર કલ્યાણી શાળા પરિવારે વિજેતા વિદ્યાર્થીઓ તથા એમનાં માર્ગદર્શક શિક્ષક મનોજ ઠાકોરને અભિનંદન આપી આગામી રાજયકક્ષાની સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## વાપી નગરપાલિકા દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણમાં

# વાપીની શ્રી એલ.જી. હરિયા શાળાએ પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત કર્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** વાપી નગરપાલિકા દ્વારા મેરા શહર મેરી પહેચાન -૨૦૨૪ અંતર્ગત સ્વચ્છતા સર્વેક્ષણનુ આયોજન કરવામાં આવ્યું હતું અને આ સર્વેક્ષણમાં વાપીની શ્રી એલ જી હરિઆ મલ્ટિપર્પઝ શાળા એ ખાનગી શાળાઓની કેટેગરીમાં સ્વચ્છતાના તમામ માપદંડો પૂર્ણ કરી પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત કર્યો છે. વાપી નગરપાલિકા દ્વારા શાળા ને પ્રથમ પુરસ્કાર માટે પ્રમાણપત્ર એનાયત કરી શાળાના આચાર્યા બીની પૌલ અને એચ આર અને એડમિન હેડ વિજય રાઉન્ડલ ને શુભેચ્છા પાઠવી અને શાળા દરેક પ્રવૃત્તિઓમાં ઉત્તરોત્તર સેલવાસમાં ઈદેમિલાદનું જુલુસ કાઢવામાં આવ્યુંગતિ કરે એવી શુભકામના વ્યક્ત કરી. શાળાના મેનેજમેન્ટ અને ટ્રસ્ટી ગણે પણ શાળાને મળેલ પુરસ્કાર માટે સૌને અભિનંદન પાઠવ્યા હતા.

# સેલવાસમાં ઈદેમિલાદનું જુલુસ નીકળ્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૭ :** સેલવાસમાં મુસ્લિમ સમાજ દ્વારા ઈદેમિલાદનું જુલુસ કાઢવામાં આવ્યું હતું. મિલાદ-ઉન-નબીને ઈદ-એ-મિલાદ તરીકે પણ ઓળખવામાં આવે છે. ઈસ્લામ ધર્મમાં ઈદ મિલાદ-ઉન-નબીના તહેવારને પયગંબર હઝરત મોહમ્મદના જન્મદિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે મુસ્લિમ સમુદાયમાં વિશેષ નમાઝ અને ઉજવણી કરવામાં આવે છે. લોકો નમાજ કરવા મસ્જિદોમાં જાય છે અને -નેફેટ મુહમ્મદના ઉપદેશોને યાદ કરે છે.

સેલવાસમાં જામા મસ્જિદખાતેથી ઈદનું જુલુસ કાઢવામાં આવ્યું હતું જે ઝંડા ચોક, કિલવાણી નાકા,ટોકરખાડા થઈને ફરીથી જામા મસ્જિદ ખાતે પહોંચ્યું હતું.



## વલસાડના દોલત-ઉષા ઈન્સ્ટિટ્યૂટનું ગૌરવ

દોલત-ઉષા ઈન્સ્ટિટ્યૂટ ઓફ એપ્લાઇડ સાયન્સીસ એન્ડ ધીરૂ-સરલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ, વલસાડના ટી.વાય.બી.બી.એ. માં અભ્યાસ કરતો વિદ્યાર્થી ગર્વ ભૈરવ છાયા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની બેડમિન્ટન (ભાઈઓ) ની ટીમમાં પસંદગી પામી ઓલ ઈન્ડિયા આંતર યુનિવર્સિટી સ્પર્ધા રમવા માટે ભોપાલ મુકામે જશે, આ સિધ્ધી બદલ કોલેજના આચાર્યશ્રી ડો.સ્નેહલ કે. જોશી, શારીરિક શિક્ષણના પ્રાધ્યાપક ડો.ભાવિન એમ. પટેલ તથા વિવિધ વિભાગીય વડાઓ અને સ્ટાફે ગર્વ છાયાને અભિનંદન અને શુભેચ્છા પાઠવે હતી.

# નાનીવહીયાળ હાઈસ્કૂલ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૭ :** સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા આયોજીત જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર વલસાડ અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી વલસાડ દ્વારા સંચાલિત SGFI શાળાકીય એથ્લેટિક્સ સ્પર્ધા ઉમરગામ તાલુકાના નારગોલ મુકામે યોજાય હતી.

જેમા વોક ગેધસ ઉમેદભાઈ દોષી સાર્વજનિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા નાનીવહીયાળ.તા.ધરમપુરે જુદી જુદી સ્પર્ધામા ભાગ લઈ કુલ- ૧૮ સ્પર્ધામાં પ્રથમક્રમ, કુલ -૯ સ્પર્ધા માં બીજો ક્રમ અને કુલ-૮ સ્પર્ધા માં તૃતીય ક્રમ પ્રાપ્ત કરી નાનીવહીયાળ હાઈસ્કૂલ ધરમપુર તાલુકો અને વલસાડ જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે.

પ્રથમ ક્રમમાં વિભાગ અન્ડર -૧૪, ૧-૪૦૦મીટર દોડ.૨-૮૦,મીટર હડલ્સ ઉર્વશીબેન જે ગાયકવાડ. વિભાગ અન્ડર -૧૭ બહેનો ૩-૪૦૦ મીટર દોડ. ૪-૧૧૦ મીટર હડલ્સ સ્નેહાંગી બેન જી.પટેલ, ૫-હેમર થ્રો. સ્નેહાબેન એસ ભાવર ૬-વાંસકુદ. કુંજલ એલ. પટારા અન્ડર-૧૭ ભાઈઓ, ૭-જલદચાલ -હર્ષદભાઈ બી ચૌધરી, ૮-વાંસકુદ. હિરેનકુમાર ડી. વાંક

વિભાગ-અન્ડર -૧૯ બહેનો.ભાઈઓ, ૯-ઉચીકુદ.૧૦-૪૦૦ મીટર હડલ્સ કૃતિકાબેન બી.ગવળી, ૧૧- ક્રોસ કન્ટ્રી ૪.કીમી કૃણાલીબેન બી.મહાકાળ, ૧૨-બરછી ફેક નિષાબેન આર.દાંડેકર, ૧૩-ત્રિપલ જંપ સમીક્ષાબેન એ. માહતુ,૧૪-વાંસકુદ જાગૃતિબેન એ.માહતુ, ૧૫-ત્રિપલ જંપ પ્રીતમ કુમાર એન.ગાંગડા,૧૬-જલદચાલ હિતેશભાઈ આર.કડુ, ૧૭-વાંસકુદ વિપુલભાઈ કેસરે, ૧૮-ક્રોસ કન્ટ્રી રાકેશભાઈ આર.સોળીયા બીજો ક્રમમાં વિભાગ. અન્ડર -૧૭ માં ૧-વાંસકુદ ૨-ત્રિપલ જંપ, વિભાગ અન્ડર- ૧૯, ૩- વાંસકુદ, ૪--૮૦૦મીટર દોડ, ૫-ગોળા ફેંક, ૬- બરછી ફેક, ૭-૪૦૦ મીટર હડલ્સ, ૮- ચક્ર ફેક, ૯-૩૦૦૦ મીટર દોડ મા બીજો ક્રમ સાથે કુલ ૯ સ્પર્ધા મા બીજો ક્રમ પ્રાપ્ત કરેલ છે.

વિભાગ અન્ડર- ૧૭.૧૯ ભાઈઓ બહેનો મા કુલ-૮ સ્પર્ધા મા તૃતીય ક્રમ -ાપ્ત કરેલ છે. ૧૮ સ્પર્ધામાં આગામી દિવસોમા યોજાનાર રાજ્ય કક્ષાની SGFI એથ્લેટિક્સ સ્પર્ધામા વલસાડ જિલ્લાનુ પ્રતિનિધિત્વ કરશે.

# વાપી રોફેલ કોલેજમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે સેમિનાર યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ વાપીમાં ઉદીશા ક્લબ (પ્લેસમેન્ટ સેલ) અંતર્ગત કોળી પટેલ સમાજ સાંસ્કૃતિક ભવન ફણસા ખાતે દર રવિવારે વિનામૂલ્યે આયોજન થઈ રહેલા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટેના જીપીએસસી ગવર્મેન્ટ જોબ અવેરનેસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું કે જેમાં જીપીએસસીના ફેકલ્ટી ડૉ રાહુલ દિવાન સર અને જીપીએસસીના ગુજરાતી ટિચર જીગીષાબેન પટેલ દ્વારા વિદ્યાર્થીઓને કોલેજ દરમિયાન જ કેવી રીતે ગવર્નમેન્ટ જોબ માટેની સરકારી વિભાગોની જુદી જુદી ભરતીઓ માટેની તૈયારી કરી શકે તે અંગેની વિસ્તારથી સમજણ આપી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા મનહર માછી દ્વારા કરવામાં આવ્યું હતું કે, આ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. હેમાલીબેન દેસાઈ દ્વારા સંપૂર્ણપણે સહકાર આપવામાં આવ્યો હતો, અને પ્રિન્સિપાલે જણાવ્યું હતું કે ભવિષ્યમાં ગવર્મેન્ટ જોબની તૈયારી માટેના કોચિંગ ક્લાસીસ વાપી કોલેજમાં જ આયોજન થઈ શકે તે માટેનું સૂચન જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ ૧૮૭ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

## વિશ્વવિધાલય કક્ષાની સ્પર્ધામાં

# કે.બી.એસ. એન્ડ નટરાજ કોલેજના N.S.S. ના વિદ્યાર્થીઓ ઝળક્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** ચણોદ કોલોની સ્થિત કેશવજી ભરમલ કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજ વાપીમાં રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) યુનિટની સેવા કાર્યરત છે. રાજ્યકક્ષાના એન.એસ.એસ. દિવસની ઉજવણી-૨૦૨૪ અંતર્ગત ભાગ લેવા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત ખાતે N.S.S. વિભાગ દ્વારા વિશ્વવિધાલય કક્ષા એ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ સ્પર્ધાઓમાં વિવિધ એન.એસ.એસ. સંલગ્ન કોલેજોના ૧૮૦ થી વધુ N.S.S. ના સ્વયંસેવકો/સેવિકાઓએ ભાગ લીધો હતો. જેમાં સદર કોલેજમાંથી પણ ઘણા સ્વયંસેવકો/સેવિકાઓ દ્વારા વિવિધ સ્પર્ધામાં ભાગ લઈ ઉત્કૃષ્ઠ દેખાવ કરતાં (૧) અર્વાચીન ગરબામાં વિદ્યાર્થીનીઓ પ્રથમ સ્થાન (૨) મોનો એકટીંગમાં વીર સનાસે (T.Y.B.C.A.) પ્રથમ સ્થાન (૩) વાજીંત્ર વાદન સ્પર્ધામાં ઉજ્જવલ દિપસિંહ (F.Y.B.Com) પ્રથમ સ્થાન તથા (૪) રંગોલીમાં કરણ વિશ્વકર્મા (S.Y.B.Com) બીજા સ્થાને રહ્યા હતા. પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાને રહેલ વિદ્યાર્થીઓને કાર્યક્રમમાં હાજર રહેલ મહાનુભવો ડો. કે. એન. ચાવડા (વાઈસ ચાઈન્સીલર V.N.S.G.U.) તથા ડો. પ્રકાશચંદ્ર પટેલ (N.S.S. પોગ્રામ કો - ઓર્ડિનેટર અને યુવક અને શારીરિક શિક્ષણ વિભાગના O.S.D.) તથા અન્ય મહાનુભવો દ્વારા અભિનંદન પાઠવતા હર્ષની લાગણી અનુભવી હતી. સદર સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનાર સ્વયંસેવકો તા. ૨૨ અને ૨૪ સપ્ટેમબર દરમિયાન ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ, ખાતે યોજાનાર રાજ્ય કક્ષાની એન.એસ.એસ. દિવસની ઉજવણી ૨૦૨૪ ના ભાગરૂપે રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરશે. તમામ સ્વયંસેવકોને તાલીમ તથા માર્ગદર્શન સદર કોલેજના N.S.S. પ્રોગ્રામ ઓફિસર ડૉ. ખુશ્બુ દેસાઈ દ્વારા આપવામાં આવ્યુ હતું. N.S.S. ના સ્વયંસેવકો દ્વારા ઉતૃષ્ઠ દેખાવ કરતા યુનિવર્સિટી કક્ષાએ કોલેજનું નામ રોશન કરવા બદલ કોલેજના આચાર્ય ડૉ. પૂનમ ચૌહાણે તેમજ ટ્રસ્ટીગણે આનંદ વ્યક્ત કરતા દરેક સ્વયંસેવકો તથા પોગ્રામ ઓફિસરનો આભાર વ્યકત કરી અભિનંદન પાઠવ્યા હતા.

# ધરમપુરમાં પાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૭ :** ભારત સરકાર દ્વારા ૨જી ઓકટોબરના રોજ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતીની શ્રદ્ધાંજલિ આપવા



સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જન આંદોલનની ઉજવણીને આહવાન કરવામાં આવેલ છે. આ વર્ષે સ્વચ્છ ભારત મિશનના ૧૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે આ દિવસને સ્વચ્છ ભારત દિવસ તરીકે ઉજવવાનું આયોજન કરવામાંઆવ્યું હતું. સ્વચ્છ ભારત દિવસની ઉજવણીના ભાગરૂપે ભારત સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશન તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ થી તારીખ ૨ ઓક્ટોબર ૨૦૨૪ સુધી સ્વચ્છતા એ સેવા ૨૦૨૪ પખવાડીયાનું આયોજન કરવામાં આવેલ છે. જે અન્વયે રાજ્ય સરકાર દ્વારા નિર્મળ ગુજરાત ૨.૦ ની કામગીરી અને પ્રાધાન્યતાને ધ્યાને લઈને સમગ્ર રાજ્યમાં સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ અભિયાનને તારીખ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ થી ૩૧ ઓક્ટોબર ૨૦૨૪ સુધી લંબાવી સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવાનું નક્કી કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમના ઉદઘાટન અંતર્ગત આજરોજ ધરમપુર વિધાનસભાના માન.ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, ભાજપ શહેર પ્રમુખ પ્રણવભાઈ શિંદે, નિલમભાઈ પટેલ, માજી પ્રમુખ જયદીપસિંહ સોલંકી, માજી ઉપપ્રમુખ નરેશભાઈ પટેલ, નગરના પુર્વ શહેર પ્રમૂખ સમીપભાઈ રાંચ, ચીફ ઓફિસર વિજયભાઈ ઈટાલીયા, નગરપાલિકાના કર્મચારીઓ તેમજ NSS ના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો

www.damangangatimes.com

# વાપીમાં ફોરલેન રેલ્વે ઓવરબ્રિજનું કામ ટૂંકમાં ગતિ પકડશે

**ચલા રોડ કોંક્રિટસનો બનવાની વાતે વિવાદ : ચલાના અગ્રણીઓના મતે હાલનો ડામર રોડ ટનાટન છે તો કોંક્રીટનો બનાવવા પાછળનો આશય શું ? : અગ્રણીઓ આંદોલનનું રણસીંગૂ ફૂંકવાની તૈયારીમાં હતા : કાર્યપાલક ઈજનેર જતીન પટેલના કહેવા પ્રમાણે ચલા રોડને પાંચ વર્ષ થયા છે : નવો ઓરબ્રિજ બને ત્યાં સુધીમાં દુરસ્તી જરૂરી બનશે, જેથી સરકારે ચલા રોડને ટકાઉ બનાવવા કોંક્રીટસનો બનાવવાનો લોક હિતમાં નિર્ણય કરેલો છે : માર્ગના વિસ્તૃતિકરણની વાત તથ્યહીન હોવાનું કાર્યપાલક એન્જિનિયરે જણાવ્યું**

વાપીમાં છેલ્લા બે વર્ષથી જુના રેલવે ઓવરબ્રિજને ભોંય ભેગો કરવા ટ્રાફિકની અવરજવર ઉપર પ્રતિબંધ મુકાયા બાદ તેને નષ્ટ તો ફટાફટ કરી દેવાયો હતો પરંતુ એ જગ્યાએ જે નવો ફોર લેનનો ઓવરબ્રિજ આકાર લેવાના હતો તે કામ છેલ્લા નવેક મહિનાથી સાવ ઠપ્પ થઈ ગયેલ હોવાથી ટ્રાફિકની મોટી મોકાણ સર્જાયેલી છે. એટલું જ નહીં, નવા ઓવર બ્રિજના બાંધકામ માટેના અધૂરા થાભલાઓના બાંધકામે વાપીને એક ખંડેર નગર બનાવી દીધેલ હોવાનું ચિત્ર ઉપસેલું છે.

દુકાળમાં અધિક માસની જેમ વાપી નગરપાલિકા અને જ્યાં આ નવો પુલ બનવાનો છે તે જાહેર બાંધકામ ખાતાના કાર્યક્ષેત્રમાં આવતા પુલની આસપાસના બે સર્વિસ રોડની પણ બૂરી હાલત થઈ ગયેલી હોવાના કારણે સવારથી રાત સુધી ચલાથી વાપી ટાઉન તરફ આવતા રોડ ઉપર ટ્રાફિકજામનું દ્રશ્ય સામાન્ય બની રહેલ છે.

વાપીના નગરજનો આ રોજની પીડાથી ત્રાસી તો ગયેલાં જ હતાં તેમાં એવી વાત વહેતી થઈ કે વાપીથી ડાભેલ તરફ જતાં ચલા રોડને જાહેર બાંધકામ કામ ખાતું ખોદી કાઢનાર છે. અને એ જગ્યાએ સિમેન્ટ કોંક્રીટનો રોડ બનાવનાર છે. થયું, દોડવું હતું ને ઢાળ મળી ગયો જેવી વાત થઈ ગઈ એટલે ચલાના કેટલાક અગ્રણી નાગરિકોએ નિર્ણય કર્યો કે ચલા રોડ તો આજે પણ ટનાટન છે તો પછી તેને ખોદી સિમેન્ટ કોન્ક્રીટનો બનાવવા પાછળ ક્યૂં તર્ક ? આવા સવાલનો હાથવગો જવાબ લોકોના મનમાં એમ જ ધૂમરી લે કે, આ બધું પૈસા ખાવા કરવામાં આવે છે. ચલાના કેટલાક અગ્રણીઓએ તો ભેગા થઈ એવું પણ નક્કી કર્યું કે, આ પ્રશ્નોને આપણે આંદોલનનો માર્ગ લેવો પડશે. અધૂરામાં પૂરું એવી અફવા પણ ફેલાઈ કે ચલા રોડના વિસ્તૃતિકરણની વાત પણ વિચારાઈ રહી છે. ચલાવાસીઓને લાગ્યું કે, કોંક્રિટનો રોડ અને વિસ્તૃતિકરણની બે આફત આવી રહી છે. એટલે જલદ આંદોલન વિના એ નહીં અટકે. એક અગ્રણીએ તો આ પ્રશ્ન ગાંધીનગરનો માર્ગ પકડવાની પણ ખાતરી સૌને આપી દીધી હતી.

વાત અમારી પાસે આવી એટલે અમે આંદોલનની આગેવાની લેનારા એક અગ્રણીનો ફોન પર સંપર્ક સાધ્યો ત્યારે એમણે કહ્યું કે હા, ચલા રોડ આટલા વરસાદમાં પણ ખરાબ નથી થયો એટલે કોંક્રિટનો રોડ બનાવવાના કામે જ્યારે સારો રસ્તો પાયમાલ થશે ત્યારે વહનચાલકોની પરેશાની અસહ્ય બની રહેશે. આ અગ્રણીએ સાથે ઉમેર્યું કે, ચલામાં કોંક્રિટનો રોડ બનાવવાનું ટેન્ડર પણ અપાઈ ગયું છે એટલે હવે તો આ પાર કે તે પાર !

ચલા રોડ ના પ્રશ્ને ચળવળ થાય તો વાપીનું વાતાવરણ ડહોળાઈ અને સરકાર અને જનતા વચ્ચે વગર જોઈતી ટક્કર થાય. આવી સ્થિતિ ન સર્જાય એટલે અમે ચલાના કોંક્રેટ રોડના વિવાદ બાબતમાં સાચી હકીકત જાણવા વલસાડ જિલ્લાના જાહેર બાંધકામ ખાતાના કાર્યપાલક ઈજનેર જતીનભાઈ પટેલને ફોન કરી બધી વાતથી વાકેફ કર્યા. જતીનભાઈ પટેલ અગાઉ વાપી જાહેર બાંધકામ કચેરીમાં નાયબ કાર્યપાલક ઈજનેર હતાં. એ પછી તેમને બઢતી મળતા કાર્યપાલક ઈજનેર તરીકે સુરતનું પોસ્ટિંગ મળ્યું હતું. પરંતુ જાણવા મળ્યા પ્રમાણે વાપી ઓવરબ્રીજો અને રેલવે અંડરબ્રિજની યોજના અંગે જતીનભાઈ પટેલ અપેક્ષિત અને સમયબદ્ધ કામ પૂરું કરવા સક્ષમ હોવાનું નાણામંત્રી કનુભાઈ દેસાઈને જણાતા તેમણે જતીનભાઈ પટેલની નિયુક્તિ વલસાડના કાર્યપાલક ઈજનેર તરીકે થાય એવા પ્રયાસો કરતાં તેઓની વલસાડ ખાતે નિયુક્ત થઈ હતી.

ચલાના કોંક્રિટના રોડના વિવાદના સંદર્ભમાં કાર્યપાલક ઈજનેર જતીનભાઈ પટેલે અમને જણાવ્યું કે ચલાનો હાલનો રોડ સારો છે એ વાત ખરી પરંતુ તેને બનાવીને પાંચેક વર્ષ થઈ ગયા છે. ફોર લેનનો નવો રેલવે ઓવરબ્રીજ પૂર્વથી પશ્ચિમમાં ચલા રોડ ઉપરના મુક્તાનંદ રોડ સુધી પહોંચવાનો છે. લગભગ દોઢ અબજ રૂપિયાના ખર્ચે થનારા આ નવા ફોર લેન રેલવે ઓવરબ્રીજનું કામ પૂરું થાય ત્યાં સુધીમાં હાલના ચલાના ડામર રોડની દૂરસ્તી કરવાનો સમય આવી જશે. સરકારનો આશય જનતાને ટકાઉ માર્ગની સુવિધા મળે એવો હોવાથી સરકારે એવો નિર્ણય લીધેલો છે કે, નવા રેલવેના ફોરલેન રેલવે ઓવરબ્રીજનું કામ સંપૂર્ણ થાય એ પછી ચલા રોડને સિમેન્ટ કોન્ક્રીટનો બનાવવો. સિમેન્ટ કોંક્રિટના રોડને બનાવવા પાછળ આશરે ૧૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે એમ તેમણે જણાવ્યું હતું.

દમણગંગાના તીરેથી



- પ્રવિણસિંહ પરમાર

(વરિષ્ઠ પત્રકાર, વાપી)

મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯

કાર્યપાલક ઈજનેર જતીન પટેલે વધુમાં જણાવ્યું કે સિમેન્ટ કોંક્રીટના રોડ માટેનો કોન્ટ્રાક્ટ અપાઈ ગયાની વાતમાં જરાય તથ્ય નથી.

અમારી ચર્ચા દરમિયાન કાર્યપાલક ઈજનેરે રાહત જનક વાત એ કરી કે, નવા ફોર લેન ઓવરબ્રિજના કામમાં હવે ગતિ આવી રહી છે. સૌપ્રથમ કામગીરી પુલની આસપાસના બે સર્વિસ રોડની કરવામાં આવનાર છે. ડિઝાઈન મુજબ સર્વિસ રોડનું કામ ટૂંક સમયમાં જ શરૂ થઈ જશે.

ગયા અઠવાડિયાના અમારા લેખમાં અમે તસવીર સાથે વાપી આઝાદ નગરના બે સર્વિસ રોડ ઉપર પેવર બ્લોક પાથરવા તેની ઉપરનો ડામર રોડ ખોદી કાઢવામાં આવેલો તે ડામર રોડનો ઢગ બે સર્વિસ રોડની વચ્ચે વાહનચાલકોને નડતરરૂપ થાય એ રીતે લાંબા સમયથી પડેલો છે. જણાવતા આનંદ થાય છે કે આ લેખ પ્રસિદ્ધ થયાના બીજા દિવસથી જ સ્થાનિક જાહેર બાંધકામ ખાતાએ જેસીબી કામે લગાડી ડામરના ઢગોને હટાવી દીધા હતાં.

**રેલવે ફાટક : ખલનાયક !**

વાપી નગરમાં ટ્રાફિક જામનો મોટો ખલનાયક રેલવે ફાટક છે પૂર્વ પશ્ચિમનો આ રેલવે ફાટક જ અનુકૂળ વિકલ્પ હોઈ, દરરોજ હજારો વાહનોની રેલવે ફાટક ઉપર ભીડ જામતી હોય છે. હવે તો ટ્રેનોની ફ્રિકવન્સી પણ ખૂબ વધી ગયેલ હોવાથી ફાટક વારંવાર બંધ કરવાની નોબત આવતી હોય છે. ફાટકના થાંભલા ટ્રેન આવવાના કારણે બંધ કરાતા હોય ત્યારે પણ વાહનચાલકો ફાટકમાં ઘૂસ મારતા હોય છે. એટલે ફાટક વાળો પણ ત્રણ ચાર ટ્રેન જાય પછી જ ફાટક ખોલતો હોય છે. પરિણામે ફાટકની બંને બાજુના જુદા જુદા રોડ ઉપર ટ્રાફિકજામના કદરૂપા દ્રશ્યો જોવા મળતા હોય છે .

જો પોલીસ તંત્ર ફાટકના થાંભલા નમે ત્યારે જ બંને તરફના વાહનોને ઘુસ મારતા રોકે તો કદાચ ફાટકવાળો ચાર ટ્રેનો પસાર થયા પછી જ ફાટક ખોલવાનો ખેલ ન કરે. ભારતના વાહન ચાલકોમાં ટ્રાફિકસેન્સ ન હોવાના કારણે પ્રાણઘાતક અકસ્માતો જેવાં ગંભીર પરિણામો ભોગવવા પડતાં હોય છે. આપણે ટ્રાફિક ડિસિપ્લિન ક્યારે શીખીશું?

**ટ્રાફિક નામનું સિર દર્દ કેમ મટતું નથી?**

વાપી નગરપાલિકાનો વિસ્તાર હોય કે નોટિફાઈડ એરિયાનો વિસ્તાર હોય ટ્રાફિકના માથાના દુઃખાવાની સમસ્યાનો ઈલાજ હજુ શોધાયો નથી .

વાપી નગરપાલિકા વિસ્તાર તો ટ્રાફિક બાબતમાં ખિટી એ ધોતિયાં જેવો છે. નગરમાં ક્યાંય પાર્કિંગ અથવા નો-પાર્કિંગની વ્યવસ્થા જ નથી. એટલે જ નગર ટ્રાફિક બાબત અરાજક બની ગયેલ છે. વાપી નોટિફાઈડ એરિયામાં નોટિફાઈડ એરીયાના કારભારીઓ ટ્રાફિક બાબતે ક્યારેક સળવળાટ કરતાં હોય છે. પરંતુ અમલમાં અલલાયોજ જણાય છે. આજથી ચાર વર્ષ ઉપર એટલે કે ૧૫/૯/૨૦૨૦ના દિવસે જીઆઈડીસીમાં ટ્રાફિકની સ્થિતિ વણસી ગઈ હોવાનું જણાતા તેના ઉકેલ તરીકે વલસાડ જિલ્લા કલેકટરના જાહેરનામા અનુસંધાનમાં વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન અને વાપી નોટિફાઈડ એરીયા ઓથોરિટીએ તારીખ ૧૬/૯/૨૦૨૦થી સવારે સાત વાગ્યાથી દર મહિનાની એકી સંખ્યા વાળી તારીખે ઉલ્લેખ કરેલી જગ્યા ઉપર માર્ગની ડાબી તરફ વહનો પાર્ક કરવા અને બેકી સંખ્યા વાળી તારીખ હોય માર્ગની જમણી બાજુ વહાનો પાર્ક કરવા. એ ઉપરાંત અન્ય ત્રણ માર્ગોને નો પાર્કિંગ જાહેર કરવામાં આવ્યા હતાં. આનું પાલન ન કરનાર દંડાશેની ચીમકી પણ અપાઈ હતી !

વન સાઈડ પાર્કિંગવાળા ૧૦ જેટલા રોડનો ઉલ્લેખ પત્રમાં કરાયેલો છે. જ્યારે નો પાર્કિંગના ત્રણ માર્ગ આ મુજબ છે. એક, વીઆઈએથી પ્રાઈમ હોટલ, બીજો ગિરિરાજથી મોરારજી સર્કલ સુધી અને ત્રીજો ગેલેક્સી હોટલથી અંબામાતા મંદિર સુધી. વીઆઈએના હાલના પ્રમુખ સતીશ પટેલે ત્યારે આ જાહેરાત ઉપરના માનદ મંત્રી તરીકે સહી કરી હતી. વીઆઈએના પ્રમુખ સતીશ પટેલ આ સૂચનોનો કેટલો અમલ થયો તે જણાવશે? અમારા મતે એકી બેકી અને નો પાર્કિંગની વાત માત્ર વાતોના વડાં જ બની રહેલ છે.

**રોહિતભાઈ સોમપુરા શું કહે છે ?**

વાપીના અગ્રણી રોહિતભાઈ સોમપુરાએ સોશિયલ મીડિયામાં પોતાના વિચારો જણાવતા કહ્યું, નોટિફાઈડ બોર્ડ ૧૫/૯/૨૪થી પૂરું થઈ ગયું છે. હવે અહીં નગરપાલિકા કે મહાનગરપાલિકા બને તો પણ આવકાર્ય બની રહેશે. ૫૦૦૦૦ની નોટિફાઈડની વસ્તીને પોતાના જન પ્રતિનિધિઓ મળી રહે તેના જેવું ઉત્તમ શું હોઈ શકે? જો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા બને તો ઓડિટોરિયમ, સ્વિમિંગ પુલ, સ્પોર્ટ કોમ્પ્લેક્સ વગેરેની સુવિધાઓ પણ ઉપલબ્ધ થાય અને ભરપૂર ગ્રાન્ટ પણ મળે. આશા રાખીએ રોહિતભાઈ સોમપુરાની વાત મિલે સુર મેરા તુમ્હારા તો બન જાયે હમારા જેવી બની રહેશે અને નોટિફાઈડ એરિયાની આબાદી એક અવાજે નગરપાલિકા યા મહાનગરપાલિકાનું સ્વપ્ન સાકાર કરવા અવાજ ઉઠાવશે. આમ થશે તો જ હાલની નોટિફાઈડ એરીયા ઓથોરિટી ચિર નિંદ્રામાં પોઢશે.

# સૌથી વધુ એવોર્ડ વિજેતા અભિનેત્રી શબાનાઆઝમી



નાટક, ફિલ્મ અને ટેલીવિઝનના -તિભાશાળી અભિનેત્રી શબાનાઆઝમી આજે ૭૦ વર્ષના થયાં. ૧૮ સપ્ટેમ્બર, ૧૯૫૦ના રોજ હૈદરાબાદમાં તેમનો જન્મ. પુણેની ફિલ્મ એન્ડ ટીવી ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયાના તેવો પૂર્વ વિદ્યાર્થીની છે. ૧૯૭૪માં પહેલી વાર તેઓ પડદા પર દેખાયાંઅને સમાંતર સિનેમાના જાણીતા અભિનેત્રી બની ગયાં. ગંભીર મુદ્દાઓ અને ખાસ કરીને ડાબેરી વિચારસરણીની પ્રણેતા તથા સાહજીક એવી બંગાળથી શરૂ થયેલી સિનેમા શૈલી 'સમાંતર સિનેમા' રૂપે ઓળખાઈ. શબાનાએ એવી ફિલ્મોમાં અનેકવિધ ભૂમિકાઓ કરી અને દેશના શ્રેષ્ઠ અભિનેત્રીઓમાંના એક બની ગયાં. તેમના ખુબ વખાણ થયાં અને એવોર્ડ્સ પણ મળ્યાં, જેમાં શ્રેષ્ઠ અભિનેત્રીના વિક્રમ જનક પાંચ નેશનલ એવોર્ડ સામેલ છે. તેમને અનેક આંતરરાષ્ટ્રીય સન્માન પણ મળ્યાં. પાંચ ફિલ્મફેર એવોર્ડ્સ ઉપરાંત ભારતના ૩૦માં આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવમાંશબાના'વુમન ઈન સિનેમા' રૂપે સન્માનિત પણ થયાં. ૧૯૮૮માં શબાનાનેપદ્મશ્રીનાએવોર્ડથી અને ૨૦૧૨માં 'પદ્મભૂષણ' રૂપે સન્માનવામાં આવ્યા હતાં.

શબાનાએ ૧૨૦થી વધુ હિન્દી અને બંગાળી ફિલ્મોમાં અભિનય કર્યો છે. તેમાં મુખ્ય ધારાની અને સમાંતર સિનેમાનો સમાવેશ છે. ૧૯૮૮થી તેમણે અનેક વિદેશી પ્રોજેક્ટ્સમાં પણ કામ કર્યું છે. એમની અનેક ફિલ્મોને પ્રગતિશીલ ભારતીય સમાજની ચિત્રણ કરતી ફિલ્મ રૂપે માનવામાં આવે છે. જેમાં ભારતીય પરંપરાઓ અને રિવાજને દર્શાવાયા છે. અભિનય ઉપરાંત શબાનાનું મોટું પ્રદાન તેમની સામાજિક અને મહિલા અધિકાર માટે પ્રવૃત્ત નેતા રૂપે પણ છે. તેઓ કવિ અને સિને લેખક ગીતકાર જાવેદ અખ્તરના પત્ની છે. યુનાઈટેડ નેશનના પોપ્યુલેશન ફંડના તેઓ ગુડવિલ એમ્બેસેડર પણ બન્યાં. જેનું મુખ્ય કાર્ય ભારતમાં વસ્તી નિયંત્રિત કરવા માટે એબોર્શન અને ગર્ભનિરોધક સાધનો વહેચવાનું છે. એમના જીવન અને કાર્યને બિરદાવવા માટે કોંગ્રેસ સરકારે તેમને રાજ્ય સભાના અનીર્વાચિત સભ્ય રૂપે નિમ્યા હતાં.

શબાના હૈદ્રાબાદના મુસ્લિમ પરિવારમાં શાયર કૈફી આઝમી અને રંગમંચના અભિનેત્રી શૌકત આઝમીના દીકરી છે. તેઓ બંને ભારતીય સામ્યવાદી પક્ષના સભ્યો હતાં. તેમના ભાઈ બાબા આઝમી સિનેમેટોગ્રાફર છે. શબાના સાથે જાવેદના બીજા લગ્ન હતા. પહેલાં ફિલ્મ લેખિકા હની ઈરાની સાથે થયા હતા. જાવેદ જેવાં પરિણીત અને ફરહાન અખ્તર અને ઝોયા અખ્તર જેવાં સંતાનોના પિતા સાથે શબાનાના પરણવા અંગેના નિર્ણયનો શબાનાના માતા-પિતાએ વિરોધ કર્યો હતો.

શબાના મુંબઈની જાણીતી ક્વિન મેરી સ્કૂલમાં ભણ્યા, મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાંથી મનોવિજ્ઞાનના વિષય સાથે સ્નાતક થયાં. જયા ભાદુડીની પુણે ઈન્સ્ટિટયૂટની ડીપ્લોમા ફિલ્મ 'સુમન' થી પ્રભાવિત થઈને શબાના પણ તેમાં વિદ્યાર્થીની બન્યાં. 'મારે જે જોઈતું હતું તે પુણે ઈન્સ્ટિટયૂટમાં મળ્યું' એવું કહેનારા શબાના ૧૯૭૨ના બેચના ટોપર છે.

શબાનાની યાદગાર ફિલ્મોમાં અંકુર (૧૯૭), પરિણય, ફાસલા, નિશાંત, શક, ફકીરા, શતરંજ કે ખિલાડી, અમર અકબર એન્થોની, કિસ્સા કુર્સી કા, ઝૂનુન, સ્વામિ, તૂટે ખિલૌને, દેવતા, સ્વર્ગ નરક, લહુ કે દો રંગ, જીના યહાં, સ્પર્શ, થોડીસી બેવફાઈ, આલ્બર્ટ પિન્ટો કો ગુસ્સા ક્યોં આતા હૈ, હમ પાંચ, અપને પરાયે, અર્થ, યે નઝદીકીયા, નમકીન, માસૂમ, અવતાર, મંડી, દુસરી દુલ્હન, આજકા એમએલએ, પાર, ખામોશ, કમલા ને યાદ કરી શકાય. હજી તેઓ 'એ ડીસન્ટ એરેન્જમેંટ' (૨૦૧૪), કલ્પવૃક્ષ (૨૦૧૫), 'ચોક એન્ડ ડસ્ટર' (૨૦૧૬) કે 'નીરજા' (૨૦૧૬) માં અભિનય કરતાં દેખાય છે. શબાના આઝમીએ ૨૦૧૩માં ભારતીય ટીવી શ્રેણી '૨૪' માં અને ૨૦૧૬માં 'એક માં જો લાખોં કે લીયે બની - અમ્મા' માં અભિનય કર્યો હતો.આજના જન્મ દિને, હાલ શબાના 'હેપી બર્થ ડે નિકીતા' નામનું અંગ્રેજી નાટક બ્રિટનમાં ભજવી રહ્યાં છે.

શબાનાને 'શ્રેષ્ઠ અભિનેત્રી'ના પાંચ નેશનલ એવોર્ડ્સ 'અંકુર' (૧૯૭૪), 'અર્થ' (૧૯૮૩), 'ખંડહર' (૧૯૮૪), 'પાર' (૧૯૮૫) અને 'ગોડમધર' (૧૯૯૯) ફિલ્મોના અભિનય માટે મળ્યાં છે.તો જે ફિલ્મોના અભિનય બદલ શબાનાને શ્રેષ્ઠ અભિનેત્રીના ફિલ્મફેર એવોર્ડ્સ મળ્યાં છે, તેમાં 'સ્વામી', 'અર્થ', 'ભાવના'નો સમાવેશ થાય છે. 'શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી'નો ફિલ્મફેર એવોર્ડ તેમને 'નીરજા' ફિલ્મના અભિનય માટે મળ્યો હતો. ૨૦૦૬માં તેમને ફિલ્મફેર દ્વારા લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ અપાયો હતો.તે ઉપરાંત શબાનાના તેમના 'અંકુર', 'થોડીસી બેવફાઈ', 'માસૂમ', 'અવતાર', 'મંડી', 'સ્પર્શ', 'મકડી' અને 'તેહજીબ' ફિલ્મોના અભિનય માટે ફિલ્મફેરનું 'શ્રેષ્ઠ અભિનેત્રી'નું નામાંકન મળ્યું હતું.૧૯૯૩માં 'લિબાસ'ના અભિનય માટે નોર્થ કોરિયામાં શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો હતો. ગૌતમ ઘોષની ફિલ્મ 'પતંગ' માટે તેમને ઈટલીના તાઓરીમા આર્ટે ફેસ્ટીવલમાં શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો હતો. તો ૧૯૯૬માં 'ફાયર'ના અભિનય માટે ચિકાગો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટીવલમાં સિલ્વર હ્યુગો એવોર્ડ ફોર બેસ્ટ એક્ટ્રેસ મળ્યો હતો. એજ ફિલ્મ માટે તેમને એલ.એ. આઉટફેસ્ટમાં 'આઉટસ્ટેન્ડીંગ એક્ટ્રેસ ઈન અ ફીચર ફિલ્મ'નો એવોર્ડ પણ મળ્યો હતો.

'સપ્ટેમ્બરનાસિતારા- નરેશ કાપડીઆ' પુસ્તકમાંથી- શુભ સાહિત્ય,ગોપીપુરા, સુરત

## આજનો દિવસ

## પ્રા. એમ. એલ. દાંતવાલા

(૧૮, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૦૯)

પ્રાધ્યાપક એમ.એલ. દાંતવાલા જેવા ટૂંકાક્ષરી નામે જાણીતા બનેલા મૂર્ધન્ય અર્થશાસ્ત્રી મોહનલાલ લલ્લુભાઈ દાંતવાલાનો જન્મ ૧૮, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૦૯ ના રોજ દક્ષિણ ગુજરાતના સુરતમાં થયો હતો. એમના પૂર્વજોનો હાથીદાંતનો વેપાર હોઈ તેમની અટક દાંતવાલા પડેલી. તેમના પિતા મહારાષ્ટ્રના ધૂળિયામાં જિનિંગ ફેક્ટરીમાં મેનેજર તરીકે નોકરી કરતા હતા. તેથી તેમનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ધૂળિયામાં મરાઠી માધ્યમમાં થયેલું. મેટ્રિક થયા પછી તેઓ સુરતની કોલેજમાં જોડાયેલા. પણ પછી બી.એ. માટે તેમણે મુંબઈની વિલ્સન કોલેજમાં પ્રવેશ મેળવેલો. ભણવામાં તેઓ કુશાગ્ર બુદ્ધિના હોઈ એમ.એ. સુધી પ્રથમ નંબરે જ પાસ થયેલા. કપાસ પર તૈયાર કરેલો એમ.એ. ની ડિગ્રી માટેનો તેમનો શોધ નિબંધ બી.કોમ. ના વિદ્યાર્થીઓ માટે પાઠ્યપુસ્તક તરીકે સ્વીકારાયેલો.

એમના જીવન પર યુસુફ મહેર અલી, પ્રા. પેસ્તનજી વાડિયા. પ્રા. આર.ડી.ચોકસી અને પ્રા. જી.એન. જોશીનો વિશેષ પ્રભાવ પડેલો. અશોક મહેતા, બાબુભાઈ જશભાઈ પટેલ અને ધીરૂભાઈ દેસાઈ તેમના સહાધ્યાયીઓ હતા. તેમને ઈતિહાસ અને સાહિત્યનાં પુસ્તકો વાંચવાનો ભારે શોખ. આઝાદીના આંદોલનમાં તેમણે ભૂગર્ભ પ્રવૃત્તિઓમાં પણ ઝૂકાવેલું. આ કારણે એમની ધરપકડ થયેલી અને આર્થર જેલમાં મોકલી આપવામાં આવેલા. તેમણે તેમના શોધનિબંધનું છેલ્લું પ્રકરણ જેલમાં પૂરું કરેલું. જેલમાં ડૉ. કુમારપ્પા, કાકાસાહેબ ગાડગીલ, મોરારજી દેસાઈ, એસ.કે.પાટિલ, અમૃતલાલ શેઠ, બળવંતરાયમહેતા, જય-કાશ નારાયણ, મીનુ મસાણી અને અચ્યુત પટવર્ધન જેવા સ્વાતંત્ર્ય સેનાનીઓ સાથે પરિચય થયેલો.

જેલમાંથી છૂટયા પછી તેઓ ધૂળે આવી મજૂર આંદોલનમાં જોડાયા. તેમની આ પ્રવૃત્તિથી પિતા નારાજ હતા. તેથી ઈ.સ. ૧૯૩૬ માં અમદાવાદની નવી શરૂ થતી એસ.એલ.ડી. કોલેજમાં અધ્યાપક તરીકે જોડાઈ ગયા. અહીં દાદા સાહેબ માવલંકર, કસ્તૂરભાઈ લાલભાઈ અને સારાભાઈ પરિવારે તેમને પ્રેમ અને હૂંફથી આવકારેલા. ૧૦ વર્ષ નોકરી કર્યા પછી ગાંધીજીએ કરેલી વ્યક્તિગત સત્યાગ્રહની હાકલથી પ્રેરાઈ તેઓએ નોકરી છોડી સત્યાગ્રહી તરીકે નામ નોંધાવેલું. પરિણામે એમના ઘરમાંથી એમની ધરપકડ કરી સરકારે તેમને નાસિક જેલમાં મોકલી આપેલા. જેલમાંથી છૂટયા પછી મોરારજીભાઈના માર્ગદર્શન હેઠળ ગુજરાત કોંગ્રેસમાં તેમણે સક્રિય હોદ્દો સ્વીકારેલો.

અનેકવાર જેલવાસ ભાગવ્યા પછી એચ.એલ. કોમર્સ કોલેજમાં ફરીવાર જોડાયા. એક વર્ષ બાદ પ્રા. જે.જે.અંજારિયાના પરિચયથી તેઓ મુંબઈની 'સ્કૂલ ઓફ ઈકોનોમિક્સૅ માં જોડાયા. હવે એમણે રાજકારણનો ત્યાગ કરી દીધો હતો. વ્યાખ્યાતા તરીકે આ સંસ્થામાં જોડાયેલા. પ્રા.દાંતવાલા ઈ.સ. ૧૯૭૩માં અર્થશાસ્ત્ર વિભાગના વડા તરીકે નિવૃત્ત થયા હતા.

તેમણે અર્થશાસ્ત્ર વિષયમાં ૩૦૦ થી વધુ લેખો લખ્યા છે. તેમનાં પંદર જેટલાં પુસ્તકો પણ પ્રકાશિત થયેલાં છે. ઈ.સ. ૧૯૯૮ માં તેમનું છેલ્લું પુસ્તક 'સ્વૈચ્છિક કાર્ય દ્વારા સામાજિક પરિવર્તન' પ્રગટ થયું હતું.

તેમની વિદ્વતા વિશ્વવ્યાપી હતી. તેમણે અનેક પરિષદોમાં અધ્યક્ષપદ શોભાવ્યું હતું. ઈ.સ. ૧૯૬૮ માં નેધરલેન્ડની એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીએ તેમને 'ડૉકટર ઈન એગ્રીકલ્ચરલ સાયંસની માનદ પદવી આપી હતી. તેઓ મુંબઈ વિદ્યાપીઠના માનદ પ્રાધ્યપક હતા. તેમને ફાઈનાન્શિયલ એક્સપ્રેસ એવોડ પણ એનાયત થયો હતો. ભારત સરકારે તેમની કૃષિલક્ષી સેવાઓને બિરદાવીઈ.સ. ૧૯૬૯ માં 'પદ્મભૂષણ' નો ખિતાબ અર્પણ કરી તેમનું બહુમાન કર્યું હતું. ઈ.સ. ૧૯૯૫ માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને 'સ્વામી પ્રણવાનંદ' એવોર્ડ અર્પણ કર્યો હતો.

તેમનું વ્યક્તિત્વ મૂલ્યનિષ્ઠ સમાજવાદીનું હતું. ગાંધીજીના ટ્રસ્ટીશીપના સિદ્ધાંતને અંતિમ સ્વીકાર્ય રૂપ આપવામાં પ્રા. દાંતવાલાનો ફાળો ઘણો મહત્વનો છે. ભારતીય અર્થતંત્રની સમસ્યાઓને વત્તેઓ છે અંશે હલ કરી આર્થિક વિકાસની દિશા સૂચવામાં તેમની મહત્વની ભૂમિકા રહી છે. 'માર્કેટિંગ ઓફ ધ કોટન', 'ગાંધીઝમ ફીકન્સિડર્ડ', પોવર્ટી ઈન ઈન્ડિયા ધેન એન્ડ નાઉ', ડાઈલેમાઝ ઓફ માય ગ્રોથ ધ ઈન્ડિયન એક્સ્પિરિયન્સ અને 'સોશિયલ ચેન્જથ્રૂ વોલન્ટરી એકશન તેમના મહત્વના ગ્રંથો છે.

ગુજરાત અને ભારતના આ સમાજવાદી મૂલ્યનિષ્ઠ અર્થશાસ્ત્રી ઓક્ટોબર, ઈ.સ. ૧૯૯૮ માં દિવંગત થઈ ગયા હતા.

# ભારતે પાંચમી વખત ફાઈનલમાં ચીનને હરાવી ઈતિહાસ રચ્યો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**નવીદિલ્હી,તા.૧૭,** ભારતે ફાઈનલમાં ચીનને ૧-૦થી હરાવીને એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૪નો ખિતાબ જીતી લીધો છે. પ્રથમ ત્રણ ક્વાર્ટર ગોલ ન થયા બાદ આખરે ટીમ ઈન્ડિયાએ ચોથા અને છેલ્લા ક્વાર્ટરમાં શાનદાર ગોલ કરીને ૧-૦ની સરસાઈ મેળવી લીધી હતી જે અંત સુધી ટકી હતી. મેચનો એકમાત્ર ગોલ ભારતના જુગરાજે કર્યો હતો. ઈતિહાસમાં આ પાંચમી વખત છે જ્યારે ભારતે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી જીતી છે.

મેચમાં ભારતનો એકમાત્ર ગોલ ૫૧મી મિનિટે થયો હતો, જ્યાં ભારતીય કેપ્ટન હરમનપ્રીત સિંહે જુગરાજને પાસ કર્યો હતો અને તેણે બોલને ગોલ પોસ્ટમાં ધકેલીને શાનદાર ગોલ કર્યો હતો. અંતિમ ક્ષણોમાં ચીનના ખેલાડીઓએ લાંબા સમય સુધી બોલ પર કબજો જમાવ્યો હતો, પરંતુ ભારતનું ડિફેન્સ પણ શાનદાર હતું.

ભારતને પહેલા ક્વાર્ટરમાં જ બે પેનલ્ટી કોર્નર મળ્યા, પરંતુ બંને વખત ચીનના ગોલકીપરે પોતાની ગોલ પોસ્ટ સુરક્ષિત રાખી. બીજા અને ત્રીજા ક્વાર્ટરમાં પણ બંને ટીમોએ ગોલ કરવાનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો હતો. પરંતુ મેચનો એકમાત્ર ગોલ ૫૧મી મિનિટે આવ્યો, જ્યાં ભારતીય કેપ્ટન હરમનપ્રીત સિંહે જુગરાજને પાસ કર્યો અને તેણે બોલને ગોલ પોસ્ટમાં ધકેલતા શાનદાર ગોલ કર્યો.

આ જીત સાથે ભારતે ગોલ્ડ મેડલ અને ચીને સિલ્વર મેડલ જીત્યો છે. જ્યારે ત્રીજા સ્થાન માટે પાકિસ્તાને દક્ષિણ કોરિયાને ૫-૨થી હરાવ્યું હતું. અંતિમ ક્ષણોમાં ચીનના ખેલાડીઓએ લાંબા સમય સુધી બોલ પર કબજો જમાવ્યો હતો, પરંતુ ભારતનું ડિફેન્સ પણ શાનદાર હતું. આ પહેલા ટૂર્નામેન્ટના ગ્રુપ સ્ટેજ દરમિયાન ભારત અને ચીન આમને-સામને આવ્યા હતા, જ્યાં ટીમ ઈન્ડિયાએ ૩-૦થી આસાન વિજય નોંધાવ્યો હતો.

એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની શરૂઆત ૨૦૧૧માં થઈ હતી, જ્યાં ભારતે ફાઈનલમાં પાકિસ્તાનને પેનલ્ટી શૂટઆઉટમાં ૪-૨થી હરાવીને ટાઈટલ જીત્યું હતું. જે બાદ ૨૦૧૬માં ભારતે ફરી એકવાર પાકિસ્તાનને ૩-૨થી હરાવી ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી. ૨૦૧૮માં ભારત અને પાકિસ્તાનને સંયુક્ત વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. ૨૦૨૩માં યોજાયેલી ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં ભારતે મલેશિયાને ૪-૩થી હરાવીને ચોથી વખત આ ટ્રોફી જીતી હતી.


દમણગંગા ટાઈમ્સ

ઈ-પેપર મેળવવા નીચેની વેબસાઈટ ની મુલાકાત લો

damangangatimes.com

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી. વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫ ઈમેલ- editor.dgt@gmail.com

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો: 9879374605

# કેબીનેટ મંત્રી કનુભાઈ દેસાઈએ પારડીના વિવિધ ગણેશ મંડળોની મુલાકાત લીધી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૧૭ :** પારડી પંથકમાં શ્રી ગણેશ ઉત્સવની ઉજવણી કરવામાં આવી છે આ ગણેશ ઉત્સવ દરમિયાન પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈજોડાયા હતા. બાલાખાડી ના રાજા શ્રીજીની પ્રતિમાની આરતી કર્યા બાદ તેઓ પારડીના પ્રાચીન ગણેશ મંડપમાં ગયા હતા અને પૂજા કરી હતી એમની પ્રેરણાત્મક ઉપસ્થિતિના પગલે રાત્રી હોવા છતાં પણ વિશાળ સંખ્યામાં પારડીના નગરજનો ઉપસ્થિત રહ્યાં હતા અને એમની સાથે શ્રીજીની પૂજા કરી હતી. અહીં ગત શનિવારના રોજ પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈ પોતાના કાફલા સાથે સર્વપ્રથમ બાલાખાડી આવી પહોંચ્યા હતા જ્યાં તેઓએ બાલાખાડીના રાજા શ્રી ગણેશ ભગવાનના દર્શન કર્યા હતાં. બાદમાં તેઓ ચાર રસ્તા ભંડારવાડ પહોંચ્યા હતા અને ભંડારી સમાજ દ્વારા સ્થાપિત ચાર રસ્તાના રાજા શ્રીજીની પ્રતિમાના પૂજન કર્યો હતો આશીર્વાદ લીધા હતાં અને વોર્ડ નંબર બે ની મુલાકાત લીધી હતી. અહીંથી તેઓ વોર્ડ નંબર ૩ શાકભાજી માર્કેટના રાજાના દર્શન કર્યા હતા આ બંને મંડપમાં વિશાળ સંખ્યામાં ભક્તો હાજર રહી એમની સાથે જોડાયા હતા. વાલ્મિકી વાસ ઓમકાર યુવક મંડળ મંડપમાં જઈને તેઓએ શ્રી ગણેશ ભગવાનની પૂજા કરી હતી. તેઓ રાણા સમાજની વાડીમાં પહોંચ્યા હતા અને પ્રાચીન પરંપરાગત ભગવાન શ્રીજીની મૂર્તિના દર્શન કર્યા હતા. ત્યારબાદ તેઓ સુલતાન ફળિયામાં પહોંચ્યા હતાં. ત્યારબાદ તુલસી ક્યારો પટેલ ફળિયામાં તેઓ પહોંચ્યા હતાં જ્યાં મહિલાઓએ ભજન કીર્તન દ્વારા એમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. ત્યારબાદ મારુતિ પાર્ક જ્યાં આવે ત્યાં રામલાલાના મંદિરની થીમ બનાવવામાં આવી છે. એમના દર્શન કરી શ્રીજીના આશીર્વાદ લીધા હતાં. બાદમાં દમણી ઝાપા ત્રણ રસ્તા માય સ્થાપિત કરાયેલા શ્રીજીની પ્રતિમાના દર્શન કર્યા હતાં. કહારવાડ પહોંચ્યા હતા જ્યાં માતા વૈષ્ણોદેવીના ગુફાની થીમના દર્શન કર્યા હતા. ત્યારબાદ જૂની મામલતદાર કચેરી બ્રહ્મદેવ મંડળ દ્વારા સ્થાપિત કરવામાં આવેલ બદ્રીનાથ થીમના દર્શન કર્યા હતાં. અહીં ૨૦૦૦ થી વધુ લોકો એમની સાથે પૂજામાં જોડાયા હતાં.

અહીંથી તેઓ પારડી પોણીયા પહોંચ્યા હતાં. આહીર ફળિયામાં જઈને શ્રીજીના દર્શન કર્યા હતા. આહીર સમાજના આગેવાનો વિશાળ સંખ્યામાં એમની સાથે જોડાયા હતાં. એમની સાથે વાપીના સતિષભાઈ સહિત વગેરે નેતાઓ જોડાયા હતાં.

## પારડી જીવ દયા ગ્રૂપ દ્વારા

# ડુંગરીમાં ઘરવિહોણા બનેલા આદિવાસીને ઘર બનાવી અપાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૧૭ :** પારડીમાં હનુમાન ડુંગરી વિસ્તારમાં ભારે વરસાદમાં આદિવાસી સમાજના એક વ્યક્તિનું ઘર તૂટી ગયા બાદ તેઓ ઘરવિહીના બની ગયા હતા પરંતુ પારડી જીવ દયા ગ્રુપ એમના વહારે આવી એમનો ઘર બનાવી આપતા આદિવાસી પરિવારને રાહત મળી છે. અહીં હનુમાન ડુંગરી વિસ્તારમાં રહેતા મંગુભાઈ નાયકા કે જેમનો દીકરો નરેશભાઈ નાયકાનું અવસાન થયા બાદ તેમના વહુ સોનલબેન અને એમના દીકરાના બે દીકરા નિશિત અને દીપ તથા એક દીકરી મીનલ નિરાધાર બન્યા હતા. મંગુભાઈની ઉંમર થઈ હોય જેથી એવો અશક્ત હોય કામ કરી શકતા ન હોય વરસાદમાં એમનો ઘર પડી જતા તેઓ ઘર વગર બની ગયા હતા ત્યારે આ વોર્ડના ભારતીય જનતા પાર્ટીના માજી સદસ્ય અને જીવદયા ગ્રુપના પ્રમુખ અલી ભાઈઅન્સારીને આ બાબતની જાણ થતા તેઓએ અભિયાન ચલાવ્યું હતું અને દાનવીરોના મદદથી ઘર વગરના આ આદિવાસી પરિવારને મદદ કરી હતી અને નવું ઘર બનાવી આપતા આદિવાસી પરિવારને રાહત મળી છે. જીવદયા ગ્રુપના પ્રમુખ અલી ભાઈ અન્સારી ઉપપ્રમુખ અશ્વિનભાઈ દેસાઈ ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ રાજેશભાઈ પટેલ મહામંત્રી કેતનભાઈ પ્રજાપતિ માજી પ્રમુખ રાજનભાઈ ભટ્ટ પાલિકાના માજી સદસ્ય દેવેનભાઈ શાહ સહિત અગ્રણીઓ પહોંચ્યા હતા અને નિરાધાર આદિવાસી પરિવાર માટે બનાવવામાં આવેલ મકાનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું અને આદિવાસી નિરાધાર પરિવારને મકાનમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

આ આદિવાસી સમાજના નાયકા પરિવારને મકાન મળતા તેઓને રાહત મળી છે તેમના નાના બાળકોને રાહત મળી છે.

# પારડી પાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાન શરૂ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૧૭ :** પારડી નગરપાલિકા દ્વારા આજરોજ વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના જન્મદિવસ છે સ્વચ્છતા હીં સેવા હૈ જે અભિયાન ૧૭ સપ્ટેમ્બરથી ૩૧ સપ્ટેમ્બરસુધી ચાલવાનું હોય એની પારડી ચાર રસ્તા પાસેથી શરૂઆત કરવામાં આવી હતી. પારડી નગરપાલિકાના વહીવટદાર અને મામલતદાર કિરણભાઈ રાણા ચીફ ઓફિસર ભાવસાર માજી પ્રમુખ હસમુખભાઈ રાઠોડ માજી સદસ્ય રાજેશભાઈ પટેલ ધર્મેશભાઈ મોદી કેતનભાઈ પ્રજાપતિ સહિત અગ્રણીઓ અને નગરપાલિકાના દરેક વિભાગના કર્મચારીઓ ખાસ કરીને આરોગ્ય વિભાગના કર્મચારીઓ પારડી ચાર રસ્તા પાસે ભેગા થયા હતા અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે જાડું મારી સફાઈ અભિયાનની શરૂઆત કરી હતી. પારડી પાલિકાના વહીવટદાર કિરણભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે સ્વછતાહી સેવા હૈ સ્વચ્છતા અભિયાન પારડી નગરપાલિકા દ્વારા આજરોજ ૧૭ મી સપ્ટેમ્બરથી શરૂ કરવામાં આવ્યું છે. જે અભિયાન ૩૦ સપ્ટેમ્બરસુધી સતત ચલાવવામાં આવશે તેઓએ પારડીની જાહેર જનતાને સ્વચ્છતા અભિયાનમાં ભાગ લેવા અપીલ કરી હતી અને સ્વચ્છતા રાખવા માટે આ વાહન કર્યું હતું. આ અભિયાનની આજે ભવ્ય શરૂઆત થયા બાદ સફાઈ કર્મચારીઓએ જુદા જુદા વિસ્તારોમાં સફાઈ કરી જંતુનાશક દવાઓનો છંટકાવ કર્યો હતો.

# પારડી સ્વાધ્યાય મંડળ દ્વારા ઈકો ફ્રેન્ડલી ગણપતિ બનાવતા આકર્ષણ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૧૭ :** પારડી સ્વાધ્યાય મંડળ સાર્વજનિક ગણેશ મહોત્સવ દ્વારા ઈકો ફ્રેન્ડલી છત્રીનો ઉપયોગ કરી ગણપતિ બાપાની મૂર્તિ બનાવતા આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું પારડી હાઈવે સ્થિત સ્વાધ્યાય મંડળ રોડ પાસે છેલ્લા ૩૫ વર્ષથી ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે જ્યાં છેલ્લા ૧૦ વર્ષથી સ્વાધ્યાય મંડળ સાર્વજનિક ગણેશ મહોત્સવ દ્વારા ઈકો ફ્રેન્ડલી ગણપતિ બાપાની મૂર્તિ બનાવવામાં આવે છે મંડળના યુવાનોએ જણાવ્યું હતું કે આ વર્ષે વરસાદની સીઝન વધુ ચાલી છે તેઓને વિચાર આવ્યો કે છત્રી વડે બાપાની મૂર્તિ તૈયાર કરવામાં આવે અને વિવિધ છત્રીઓનો ઉપયોગ કરી બાપાની મૂર્તિ બનાવતા લોકોમાં સંદેશો સાથે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ અગાઉબાપાની સોપારીની મૂર્તિ, સાઈકલના સ્પેરપાર્ટસ, માટી અને છાણ, કોરોનામાં ડોક્ટરને લગતા સાધનો વડે શ્રીજીની મૂર્તિ બનાવવામાં આવી હતી હોવાનું જણાવ્યું હતું, વાતાવરણને નુકસાનકારક પીઓપીની મૂર્તિ સરકાર દ્વારા બંધ કરવામાં આવી છે. ત્યારે સ્વાધ્યાય મંડળ સાર્વજનિક ગણેશ મહોત્સવના યુવાઓ દ્વારા પ્રદૂષણને અટકાવવા ઈકો ફ્રેન્ડલી માટેની તેમજ વિવિધ ચીજ વસ્તુઓનો ઉપયોગ કરી બાપાની મૂર્તિ તૈયાર કરી સંદેશો પાઠવ્યો હતો.

# પારડીમાં માનવસેવા આરોગ્ય કેન્દ્ર ટ્રસ્ટ રક્તદાન કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૧૭ :** પારડીમાં માનવસેવા આરોગ્ય કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત બ્લડ બેન્કમાં આજરોજ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે યુવાનોએ સ્વયંભુ આવી રક્તદાન કર્યો હતો જ્યારે ખાસ બાબતો હતી કે બારીયા પરિવારના ત્રણ ભાઈઓએ રક્તદાન કર્યો હતો જેમાં એક ભાઈએ સતત ૧૧૫ મી વખત રક્તદાન કરતા બ્લડ બેન્કમાં રેકોર્ડ બનાવ્યો હતો. જેમને બ્લડ બેન્કના ચેરમેન અને માજી ચેરમેન સહિત ટ્રસ્ટીઓએ વધાવી લીધા હતા અને નરેન્દ્રભાઈના લાંબા આયુષ્ય માટે શુભેચ્છાઓ આપી હતી. અહીં બ્લડ બેન્કમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે બ્લડ ડોનેશન આપવા માટે યુવાનો આવી પહોંચ્યા હતાં. સર્વપ્રથમ બારીયા પરિવારના ત્રણ ભાઈ અનિતભાઈ બારીયા મનીષભાઈ બારીયા અને સંજયભાઈ બારીયા ત્રણે જણાએ રક્તદાન આપવાની શરૂઆત કરી હતી. ખાસ બાબત તો આ છે કે આ ત્રણે ભાઈ સતત ૯૦ દિવસ પૂરા થાય છે ત્યારે બ્લડ બેંકમાં આવીને રક્તદાન કરે છે.

જેમના થકી લોહીની જરૂરિયાતવાળા દર્દીઓને જીવનદાન મળે છે. જાણવા જેવી બાબત તો આ છે કે, સંજયભાઈ બારીયા કે, જેઓ આજે નરેન્દ્રભાઈના જન્મદિવસે સતત ૧૧૫ મી વખત બ્લડ ડોનેશન કરી રક્તદાન કેન્દ્રમાં રેકોર્ડ બનાવ્યો હતો. એમની સાથે અન્ય યુવાનો નિમેષભાઈ પટેલ પંકજભાઈ ગરાસીયા રમેશભાઈ પટેલ સહિત યુવાઓએ રક્તદાન કર્યો હતો.

એમનો ઉત્સાહ વધારવા માટે પારડી ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ રાજેશભાઈ પટેલ સહિત કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા ખાસ બાબતો આ છે કે, વહેલી સવારના માનવ આરોગ્ય સેવા કેન્દ્રના ચેરમેન દિનેશભાઈ સાકરીયા માજી ચેરમેન ડોક્ટર એમએમ કુરેશી ટ્રસ્ટી કલ્પેશભાઈ પરમાર આવી પહોંચ્યા હતા અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે રક્તદાન કરનારા યુવાનોને પ્રોત્સાહિત કર્યા હતા.

દિનેશભાઈ સાકરીયા જણાવ્યું હતું કે, આપણા દેશના લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી એમનું આયુષ છે હજી વધે જેથી દેશનો સર્વાંગી વધુને વધુ વિકાસ થઈ શકે છે તેઓએ રક્તદાન એ જ જીવનદાન છે એનાથી મોટું કોઈ દાન નથી. જેથી રક્તદાન કરનારા યુવાનોને શુભકામના પાઠવી હતી અને નરેન્દ્રભાઈના જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી.

માજી ચેરમેન ડોક્ટર એમ એમ કુરેશી એ બારીયા પરિવારના ત્રણે ભાઈઓને અભિનંદન આપ્યા હતા અને વડાપ્રધાન નરેન્દ્રભાઈના જન્મદિવસે એક લાખ યુનીટ એકત્રિત કરવાની હોય જેથી તમામ બ્લડ બેન્કના સંચાલકોને શુભકામના આપી હતી અને નરેન્દ્રભાઈના જન્મદિવસે એમને શુભેચ્છા પાઠવી હતી તથા યુવાનોએ કરેલ બ્લડ ડોનેશન કેમ્પ માટે અભિનંદન આપ્યા હતા. આમ ખૂબ જ ઉત્સાહપૂર્વક નરેન્દ્રભાઈના જન્મદિવસની યુવાનોએ રક્તદાન કરી ઉજવણી કરી હતી.

# પારડીમાં ઈદે મિલાદ પર્વની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૧૭ :** પારડીમાં મુસ્લિમ સમાજ દ્વારા ઈદે મિલાદ પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી આ ઉજવણી દરમિયાન ઝુલુસ કાઢવામાં આવ્યું હતું. અહીં પારડી મુખ્ય બજારમાં આવેલ જુમ્મા મસ્જિદમાં વહેલી સવારના મુસ્લિમ સમાજના બિરાદરો ભેગા થયા હતા અને વહેલી સવારના પવિત્ર નમાઝ અદા કર્યા બાદ તમામ મુસ્લિમ બિરાદરો મસ્જિદની બહાર ભેગા થયા હતા અને એકબીજાને ગળે મળીને ઈદે મિલાદની મુબારકબાદી આપી હતી ત્યારબાદ ઝુલુસ કાઢવામાં આવ્યું હતું. આ જુલુસ લીમડા ચોકથી થઈને પારસીવાડ, રાણા સ્ટ્રીટ, વાણીયાવાડ, કંસારવાડ થઈને દમણી ઝાંપા પહોંચી હતી અને ત્યાંથી પરત આવી કિલ્લામાં આવેલ ચાંદ વલી બાબાની દરગાહમાં પહોંચ્યા હતા મુસ્લિમ સમાજના મોહમ્મદ પેગંબર સાહેબનો જન્મદિવસ હોય જેના ભાગરૂપે ભવ્ય ઝુલુસ કરવામાં આવ્યું હતું. આ જુલુસનું સ્વાગત હિન્દુ સમાજ દ્વારા રાણા સ્ટ્રીટ, કંસારવાડ, દમણી ઝાંપા વગેરે સ્થળોએ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ જુલુસને સફળ બનાવવા માટે મુસ્લિમ સમાજના ફૈઝલ ઈકબાલભાઈ મલિક અનવરભાઈ મનિયાર ઈબ્રાહીમભાઇ મનિયા ર સાજીદ ભાઈ ખાન એ મુદદીન ભાઈ સૈયદ આરીફ ભાઈ દમણીયાનો ખાસ યોગદાન હતું. પારડીના પીઆઈ જી આર ગઢવી અને પોલીસ કર્મચારીઓએ ચુસ્ત પોલીસ બંદોબસ્ત રાખ્યો હતો અને શાંતિ રીતે જુલુસ નીકળ્યો હતો. આ પ્રસંગે શરબત વિતરણ કરવામાં આવ્યું હતું અને શાંતિમય વાતાવરણમાં ઈદે મિલાદની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

# પલસાણાનાં લૂંટના આરોપી ઝડપાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૧૭ :** પારડી તાલુકાના ના પલસાણા ગામમાં આવેલ દેસાઈ ફળિયામાં રહેતી સિનિયર સિટીઝન નણંદ અને ભાભીના ઘરમાં લુટારુઓ એ લાકડી તથા કુહાડી લઈ ઘરના પાછળના ભાગેથી ઘરમાં પ્રવેશ કરી લૂટ ચલાવનાર વોન્ટેડ લુંટારાને પારડી પોલીસે પકડી પાડ્યો હતો. અહીં ઘરમાં સુતેલ ઉષાબેન મહેશભાઈ જોશી ઉંમર વર્ષ ૭૨ તથા સાવિત્રીબેન ગુણવંતભાઈ દેસાઈ ૭૦ બંને નણંદ ભાભીને લાકડાના ફટકા મારી તેમણે પહેરેલ સોનાના દાગીનાઓ ઉતારી લઈ કબાટની ચાવી માંગી કબાટમાંથી ૫૦ થી ૫૫ હજાર રોકડા મળી કુલ ૨.૭૮ લાખની લૂંટ કરી ભાગી છુટ્યા હતા પરંતુ જે તે સમયે આ લૂંટના છ જેટલાં આરોપીઓ ઝડપાઈ ગયા હતા. પરંતુ એક આરોપી નહીં ઝળપાતા તે વોન્ટેડ જાહેર થયો હતો.

પારડી પોલીસ સ્ટેશનના ASI ચંદુભાઈ આ.પો.કો ભરતસિંહ માનસિંહને આ વોન્ટેડ આરોપી હિમસિગ ઉર્ફે કટલો પરશુભાઈ મોહનિયા રહે ઊંડાર માળ ફળિયું તાલુકા ધાનપુર જિલ્લા દાહોદ તેના સાસરે તેલસુર તળાવ ફળિયા તાલુકા લીમખેડા જિલ્લા દાહોદ ધનસુખભાઈ પરમારને ત્યાં રહેતો હોવાની બાતમી મળતા પારડી પોલીસ સ્ટેશનના પીઆઇ જી. આર. ગઢવીના માર્ગદર્શન તથા સુચના અનુસાર પારડી પોલીસ સ્ટેશનના એએસઆઈ ચંદુભાઈ સુરપાલ આ.પો. કો ભરતસિંહ માનસિંહ તથા અરુણ હરિંદ્રના ઓની ટીમે બાતમી વાળી જગ્યા એ જઈ આ લૂંટના આરોપી હિમસિંગ ઉર્ફે કટલો પરશુભાઈ મોહનયાને ઝડપી પાડી મોટી સફળતા પ્રાપ્ત કરી હતી.

# પારડીના શિક્ષિકા પદ્માક્ષીબેન પટેલનું આરએસએસ દ્વારા સન્માન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૧૭ :** પારડી કન્યા શાળાના શિક્ષિકા પદ્માક્ષી બેન પટેલે સાહિત્ય પુસ્તકો લખતા આરએસએસ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. પુસ્તકનું વાંચન કરવાથી આપણને જીવન માં જ્ઞાન મળે છે. આપણે કેટલાય લેખકો દ્વારા લેખિત પુસ્તકોનું વાંચન કરે છે. પારડી કુમાર કન્યા શાળા ખાતે શિક્ષિકા તરીકે ફરજ બજાવતા પદ્માક્ષીબેન મનીષભાઈ પટેલે સાહિત્ય ક્ષેત્રે ૨૪ જેટલા પુસ્તકો લખી પ્રકાશિત કરતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પારડી દ્વારા તેમનો સન્માન કરવામાં આવ્યું હતું. પદ્માક્ષી બેને કાળચિન્હ, વાર્તા ની વેણુ, ગીત ગુંજન કરીએ રે, દસ્તકે અહેસાસ, પ્રકૃતિના પાલવે, સૃષ્ટિ સર્જન હારા રે, મનેખને, પ્રણય રંગ, કદંબની ડાળે, વિરહના વલયો, એક વાર્તા કઉ સહિત અત્યાર સુધી ૨૪ જેટલા પુસ્તકો લખી પ્રકાશિત કર્યા હતા. આગામી દિવસોમાં ચાર જેટલા પુસ્તકો પ્રકાશિત કરશે અને શ્રીકૃષ્ણ વિશે પણ લેખન કરશે હોવાનું જણાવ્યું હતું.

જેમનું આર.એસ.એસ દ્વારા સન્માન કરવામાં આવતા શાળાના આચાર્ય નવનીતભાઈ અને પદ્માક્ષીબેને RSS ના જયસુખભાઇ પટેલ, મહાજનભાઈ, સંદીપભાઈ વગેરે સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, શાળા પરિવાર, બાળકો, આચાર્ય, સ્ટાફ મિત્રો, માતા પિતા, પતિ મનીષભાઈ તેમજ ભગવાનનો આશીર્વાદ થકી પુસ્તકોનું લેખન કાર્ય કર્યું હોવાનું જણાવ્યું હતું. પદ્માક્ષીબેન ઉત્તરો ઉત્તર પ્રગતિ કરે અને આવા પુસ્તકો લખતા રહે તેવી શુભકામના પાઠવી હતી.

# પારડીમાં રાષ્ટ્રીય લોક અદાલત યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૧૭ :** પારડીમાં કોટલાવ ગામમાં આવેલ નામદાર પારડી અદાલતમાં રાષ્ટ્રીય લોક અદાલત રાખવામાં આવી હતી જેમાં વિવિધ કેસોનો નિકાલ કરવામાં આવતા પક્ષકારોને રાહત મળી હતી. અહીં પારડી નામદાર અદાલતના જજ અમિતકુમાર સિંહ અને જજ ઝેડ જી મોદન નિરાહારી હેઠળ વહેલી સવારના રાષ્ટ્રીય લોક અદાલતની શરૂઆત પારડી વકીલ મંડળના પ્રમુખ ભરતભાઈ પટેલ સિનિયર વકીલ દિનેશભાઈ શાહ મહેશભાઈ ભટ્ટ સાથે અશ્વિનભાઈ દેસાઈ હિતેશભાઈ પટેલ વગેરેની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. આ લોક અદાલતમાં ૭૬૯ જેટલા વિવિધ કેસ પક્ષકારોના રજૂ કરવામાં આવ્યા હતા જેમાં બેન્ક ઓફ બરોડા, બેન્ક ઓફ ઈન્ડિયા ગ્રામીણ બેન્ક ઓફ ગુજરાત, પંજાબ નેશનલ બેંક સહિત સિવિલ અને ફોજદારી કેસનો સુખદ નિકાલ કરવામાં આવ્યા હતા. સિનિયર વકીલ ભરતભાઈ અને દિનેશભાઈ ને જણાવ્યા મુજબ ૧૫ દિવસ પહેલાથી વકીલ મિત્રોએ આ માટેની તૈયારી કરી હતી. જેથી લોક અદાલત સફળ થઈ છે અને ૫૩૨જેટલા કેસોનો સુખદ નિકાલ થયા છે એવું જણાવ્યું હતું. આમ આજની લોક અદાલત સફળ થઈ હતી અને વિવિધ કેશોનો નિકાલ થતાં પક્ષકારોને રાહત મળી હતી.

# પારડીમા ખરાબ રસ્તાઓનું રિપેર કામ શરૂ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૧૭ :** પારડી ચાર રસ્તા બ્રિજનીચે લાંબા સમયથી ભારે વરસાદના કારણે રસ્તો ધોવાઈ ગયો હતો અને ખાડા પડી ગયા હતા જેના કારણે અવર-જવર કરતા નાગરિકો હેરાન પરેશાન થઈ રહ્યા હતા. આ બાબતની પારડીના ધારાસભ્યને રજૂઆત કરવામાં આવતા તેઓએ તાત્કાલિક બ્રિજ નીચેનો રસ્તો બનાવવા માટે ઓર્ડર કર્યો હતો અને મોડી રાત્રે રસ્તો બનાવી દેવામાં આવતા નાગરિકોને રાહત મળી છે અને આજે આનંદ ચૌદસના દિવસે વિસર્જન હોય જેથી બ્રિજ નીચેથી પ્રસાર થનારા ભક્તોને પણ ગણેશ પ્રતિમા લઈ જવામાં સરળતા રહેશેઆવનારા ગણેશ વિસર્જનને લઈને અને નાગરિકોને પડી રહેલી મુશ્કેલીના ધ્યાનમાં રાખીને પારડી બ્રિજ નીચેનો રસ્તો રીપેર કરવા માટે પારડી શહેર ભાજપ પ્રમુખ રાજેશ પટેલે ધારાસભ્ય કનુભાઈ દેસાઇ કેબિનેટ મંત્રી ગુજરાત સરકાર ને રજૂઆત કરતાં એમણે તરત જ એજન્સીને તાત્કાલિક ધોરણે પારડી શહેરના મુખ્ય રસ્તાઓ રિપેર કરવાનું કહ્યું અને એજન્સીએ પણ તરતજ કામગીરી ચાલુ કરી અને એમણે વિસર્જન પહેલાં કામગીરી પૂરી કરી હતી. જેથી નાગરિકોને રાહત મળી છે અને રસ્તા ખાડા ભરાઈ જતા નાગરિકોને અવરજવર કરવા માટે પરેશાની ભોગવવા પડશે નહીં.

# મોતીવાડામાં ગણેશ વિસર્જન કરાયું

**પારડી, તા.૧૭ :** પારડી તાલુકાના મોતીવાડા શ્રી સિદ્ધિવિનાયક મિત્ર મંડળ દ્વારા ૫ દિવસના ગણપતિજી ની વિસર્જન યાત્રા હર્ષો ઉલ્લાસ સાથે નીકળી હતી. પારડીના વિવિધ મંડળો દ્વારા ગણપતિજીની સ્થાપના કરવામાં આવી છે. મોતીવાડા ખાતે શ્રી સિદ્ધિવિનાયક મિત્ર મંડળ દ્વારા છેલ્લા ૨૬ વર્ષ થી શ્રી ગણેશજીની સ્થાપના કરવામાં આવે છે. ૫ દિવસ સુધી ભજનકીર્તન કરતા મોતીવાડા ગામ ગણેશમય બન્યું હતું ૫ દિવસના શ્રીજી ની વિસર્જન યાત્રા સાથે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યં છે.

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Wednesday 18, September 2024

# ચીન પર ભરોસો ન કરી શકાય

સતત ચાર વર્ષથી ચાલ્યા આવતા ભારત-ચીન વચ્ચેનો તણાવ ઓછો થવાના સંકેત છે. ભારત અને ચીનના દ્વિપક્ષીય સંબંધોને લઈને હાલમાં ઘટનાક્રમ બહુ ઝડપથી બન્યો છે. ચીન ભારત સીમાથી સેનાનું પાછળ હટવું બહુ સારી વાત છે પરંતુ ચીનની વાતો પર આંખો મીંચીને ભરોસો ન કરી શકાય. સમજૂતી કર્યા બાદ પોતાની વાતથી ફરી જવું તેની જૂની આદત રહી છે. દગો કરવો એ ચીનનું ચરિત્ર છે. તેના પર નજર રાખવી પડે. તેની ચાલને અનુરૂપ આપણે આપણો વ્યવહાર અને તૈયારી કરવી પડશે.

ભારત ચીન સીમા વિવાદ ઉકેલાવાના સંકેત ૧૨ સપ્ટેમ્બરે જ સેન્ટર પીટર્સબર્ગમાં બ્રિક્સ એનએસએ લેવલની સમિટના સાઇડલાઇન્સ પર થયેલ એ બેઠક દરમ્યાન જ જોવા મળ્યા હતા, જે એનએસએ અજિત ડોભાલ અને ચીની વિદેશ મંત્રી વાંગ યી વચ્ચે થઈ હતી. ભારતીય વિદેશ મંત્રાલય તરફથી બેઠક બાદ જારી પ્રેસ નોટમાં એ વાતનો ઉલ્લેખ હતો કે બંને દેશોએ બચેલા ક્ષેત્રોમાં પણ પૂર્ણ ડિસએંગેજમેન્ટની દિશામાં કામ કરવાને લઈને સહમતિ વ્યક્ત કરી છે. જાણકારો માને છે કે ગતિરોધ દૂર કરવાની દિશામાં લઈ જવાની પ્રક્રિયા એકાએક નથી થતી. તેના માટે બેકગ્રાઉન્ડમાં કામ થતું રહે છે. ઓઆરએફમાં ફેલો અને ચીન બાબતોના એક જાણકાર કહે છે કે આવું એક લાંબી પ્રક્રિયા અંતર્ગત થાય છે. બંને દેશોના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર એ બંને દેશોના વિદેશ મંત્રી સતત મુલાકાત કરતા રહે છે. પાછલાં ચાર વર્ષોથી બોર્ડર મુદ્દાને ઉકેલવાને લઈને કોશિશો સતત થઈ રહી છે. સેનાના કમાંડર સ્તર પર વાતો અલગથી થતી રહી છે. ભારત અને ચીન બંને તરફથી આ પ્રકારની કોશિશો કરાઈ રહી હતી. જોકે હવે જે દેખાઈ રહ્યું છે, તેને ધ્યાનમાં રાખીને આ પ્રકારની કોશિશો કઈ દિશા લેશે, તેને લઈને હજુ વેઈટ એન્ડ વોચની સ્થિતિમાં રહી શકાય છે. બોર્ડર પર આવેલ ગતિરોધને ધ્યાનમાં રાખતાં વિદેશ મંત્રીઓ તથા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારની બેઠકો કરવાનું એક માળખું તૈયાર કરવામાં આવ્યું છે.

વિદેશ મંત્રી એસ.જયશંકરે પૂર્વ લદ્દાખમાં સીમા મુદ્દે ૧૨ સપ્ટેમ્બરે જ કહ્યું કે સૈનિકોની વાપસી સંબંધિત મુદ્દા લગભગ ૭૫ ટકા ઉકેલી લેવાયા છે, પરંતુ મોટો મુદ્દો સીમા પર વધતા સૈન્યીકરણનો છે. જીનેવામાં થિંકટેન્કના એક કાર્યક્રમમાં તેમણે કહ્યું કે જૂન ૨૦૨૦માં ગલવાન ઘાટીમાં થયેલ ટકરાવે ભારત-ચીન સંબંધોને સમગ્ર રૂપે પ્રભાવિત કર્યા. જયશંકરે કહ્યું કે વિવાદિત મુદ્દાનું સમાધાન શોધવા માટે બંને પક્ષો વચ્ચે વાતચીત ચાલી રહી છે. અમે કેટલીક પ્રગતિ કરી છે. મોટાભાગે સૈનિકોની વાપસી સંબંધી લગભગ ત્રણ-ચતુર્થાંશ મુદ્દાનું હલ શોધી લેવામાં આવ્યું છે. પરંતુ એનાથી પણ મોટો મુદ્દો એ છે કે આપણે બંનેએ પોતાની સેનાઓને એકબીજાની નજીક લાવી દીધી છે અને એ દૃષ્ટિએ સીમાનું સૈન્યીકરણ થઈ રહ્યું છે.

સૂત્રોનું કહેવું છેકે ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે પૂર્વ લદ્દાખમાં કેટલાક ટકરાવવાળા બિંદુઓ પર ગતિરોધ ચાલુ છે. ભારત કહેતું રહ્યું છે કે સેનાના પૂર્વ સ્થાન પર પહોંચ્યા વિના સીમાવર્તી ક્ષેત્રોમાં શાંતિ નહીં થાય, ચીન સાથે સંબંધો સામાન્ય નહીં થઈ શકે. જયશંકરે કહ્યું કે ૨૦૨૦માં જે કંઈ થયું, તે કેટલાંક કારણોસર કેટલીય સમજૂતીઓનું ઉલ્લંઘન હતું જે હજુ પણ આપણા માટે સંપૂર્ણરીતે સ્પષ્ટ નથી. ચીને વાસ્તવિક નિયંત્રણ રેખા પર બહુ મોટી સંખ્યામાં સૈનિકો તૈનાત કર્યા અને સ્વાભાવિક રૂપે જવાબમાં આપણે પણ આપણા સૈનિકો મોકલ્યા. ૨૦૨૦ની અથડામણ બાદથી બંને દેશ સીમા પર બુનિયાદી માળખાના નિર્માણ માટે પણ પ્રતિસ્પર્ધા કરી રહ્યા છે, જેને વાસ્તવિક નિયંત્રણ રેખા રૂપે પણ ઓળખવામાં આવે છે. ભારત દ્વારા ઊંચાઈ પર હવાઈપટ્ટી સુધી એક નવી સડકનું નિર્માણ ચીની સૈનિકો સાથે ૨૦૨૦માં થયેલ ઘાતક અથડામણના મુખ્ય કારણોમાં એક માનવામાં આવે છે.

### વિઘ્નહર્તાની વિદાય યાત્રામાં વિઘ્ન

## સુરતમાં ભાગળ ચાર રસ્તા નજીક પ્રતિમા સાથે મુકેલા ફટાકડામાં આગ લાગી

(સંપૂર્ણ સમાચાર સેવા)

સુરત,તા.૧૭

સુરતમાં વહેલી સવારથી ગણેશ વિસર્જન યાત્રા નિર્વિઘ્ને નીકળી રહી હતી. પરંતુ, થોડા સમય બાદ ભાગળ ચાર રસ્તા નજીકથી પસાર થતી એક વિઘ્નહર્તાની વિદાય યાત્રામાં વિઘ્ન આવતા આવતા અટકી ગઈ હતી. ભાગળ ચાર રસ્તા પરથી પસાર થતી શોભાયાત્રામાં પ્રતિમા સાથે મુકેલા ફટાકડામાં આગ લાગી ગઈ હતી.

જોકે, આગ નાની હોવા ઉપરાંત પાલિકાના ફાયર વિભભાગની જવાનોની સમયસુચકતાના કારણે તરત આગ બુઝાવી દેવામાં આવી હતી. જેના કારણે મોટી દુર્ઘટના થતી ટાળી શકાઈ.

આનંદ ચૌદશની સવારનો સૂરજ ઉગે તે પહેલા સુરતમાં ગણેશજીના વિસર્જન યાત્રા નીકળી રહી છે. વહેલી સવારથી નિકળતી વિસર્જન યાત્રા શાંતિથી અને ભક્તોના આનંદોલ્લાસ વચ્ચે નીકળી હતી. દરમિયાન ૧૧ વાગ્યા પછી ભાગળ ચાર રસ્તા પરથી વિસર્જન યાત્રામાં નાનકડું વિઘ્ન આવ્યું હતું. ગણેશજીની પ્રતિમા સાથે ફટાકડા મુકવામાં આવ્યા હતા. આ ફટાકડા પર ક્યાંકથી સળગેલો ફટાકડો પડ્યો હતો. જેના કારણે ફટાકડામાં આગ લાગી હતી.

જોકે, બાપાની પ્રતિમા સાથે રહેલા યુવાનો પણ ડર્યા ન હતા અને પ્રતિમા સાથે જ ઉભા રહ્યાં હતાં. દરમિયાન ભાગળ ચાર રસ્તા પર હાજર ફાયર જવાનો તાત્કાલિક પ્રતિમા પાસે પહોંચી ગયા અને ત્યાં આગ બુઝાવી દીધી હતી જેના કારણે મોટી દુર્ઘટના ટળી હતી.

## ભારતીય સરહદે ઘૂસણખોર તેના પ્લાનમાં નિષ્ફળ રહ્યો

(જી.એન.એસ),તા.૧૭

અમૃતસર (પંજાબ),

ફરી એકવાર પાકિસ્તાન તરફથી ઘૂસણખોરીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો જેને સરહદ પર તૈનાત બીએસએફ જવાનોએ નિષ્ફળ બનાવ્યો હતો. બીએસએફના પ્રવક્તાએ આ માહિતી આપી હતી. અધિકારીએ જણાવ્યું કે સોમવારે રાત્રે લગભગ ૯.૧૫ વાગ્યે અમૃતસર જિલ્લાના રતન ખુર્દ ગામ વિસ્તારમાં એક ઘૂસણખોરી સરહદ પાર કરતા જોવા મળ્યો હતો અને તે સરહદની વાડની નજીક પહોંચી ગયો હતો. કહેવામાં આવી રહ્યું છે કે સૈનિકો દ્વારા ચેતવણી આપ્યા બાદ પણ ઘુસણખોર આગળ વધતો રહ્યો અને આક્રમક વલણ બતાવી રહ્યો હતો.

ફરજ પરના સૈનિકોએ આગળ વધી રહેલા ઘૂસણખોર પર ગોળીબાર કર્યો અને તેનું સ્થળ પર જ મોત નીપજ્યું. બીએસએફના જણાવ્યા અનુસાર ઘૂસણખોર પાસેથી ૨૭૦ રૂપિયાની પાકિસ્તાની ચલણી અને ૧૦ રૂપિયાની ફાટેલી નોટ મળી આવી છે. પોલીસે જણાવ્યું કે મૃતદેહને સ્થાનિક ઘરિંડા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

### અરવિંદ કેજરીવાલે દિલ્હીના મુખ્યમંત્રી પદેથી આપ્યું રાજીનામું

# દિલ્હીમાં આતિશી મુખ્યમંત્રી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૧૭

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. હવે દિલ્હી સરકારમાં મંત્રી રહી ચૂકેલા આતિશી મુખ્યમંત્રીનું પદ સંભાળશે. સીએમ કેજરીવાલના રાજીનામા બાદ ગોપાલ રાયે કહ્યું કે સીએમ કેજરીવાલે પોતાનું રાજીનામું લેફ્ટનન્ટ ગવર્નરને સોંપી દીધું છે. અમે લેફ્ટનન્ટ ગવર્નરને પાર્ટીના નિર્ણય વિશે જણાવી દીધું છે કે આતિશીએ સરકાર બનાવવાનો દાવો કર્યો છે. એલજી પાસેથી માંગણી કરી કે વહેલી તકે શપથ યોજવામાં આવે.

અરવિંદ કેજરીવાલના રાજીનામા પછી આતિશીએ સરકાર બનાવવાનો દાવો કર્યો અને લેફ્ટનન્ટ ગવર્નરને ધારાસભ્યોના સમર્થનનો પત્ર સુપરત કર્યો. આ દરમિયાન સમગ્ર કેબિનેટ લેફ્ટનન્ટ ગવર્નર સચિવાલયમાં હાજર હતું.મુખ્યમંત્રીના રાજીનામાની સાથે સમગ્ર મંત્રીમંડળે પણ રાજીનામું આપી દીધું હતું. આ પછી લેફ્ટનન્ટ ગવર્નર દ્વારા આપવામાં આવેલા સમયે નવી સરકારને શપથ ગ્રહણ કરવામાં આવશે. ત્યારબાદ નવા મુખ્યમંત્રી નવા મંત્રીમંડળની પસંદગી કરશે.દિલ્હીના નવા સીએમ આતિશીએ કહ્યું કે કેન્દ્ર સરકારની તપાસ એજન્સી દ્વારા અરવિંદ કેજરીવાલ પર ખોટા આરોપો લગાવવામાં આવ્યા છે. તમામ કેન્દ્રીય એજન્સીઓને તેમની પાછળ છોડી દેવામાં આવી હતી. છ મહિના જેલમાં રાખ્યા. સર્વોચ્ચ અદાલતે નિર્દોષ જાહેર કર્યા. કેન્દ્ર સરકારની એજન્સી પર તીખી ટિપ્પણી કરી. કેન્દ્ર સરકારની એજન્સીને પાંજરામાં બંધ પોપટ કહ્યા. અરવિંદ કેજરીવાલે જે નિર્ણય લીધો તે વિશ્વના ઈતિહાસમાં ભાગ્યે જ કોઈએ લીધો હશે. તેમણે કહ્યું કે મને દિલ્હીની જનતાનો નિર્ણય જોઈએ છે. તેઓ દિલ્હીની જનતાની અદાલતમાં જશે. આ અંતર્ગત તેમણે રાજીનામું આપી દીધું છે. દિલ્હીના લોકો માટે આ દુ:ખની ક્ષણ છે. તેમના રાજીનામાથી સમગ્ર દિલ્હીના લોકો દુખી છે. દિલ્હીની જનતા અરવિંદ કેજરીવાલને ફરીથી સીએમ બનાવવા માટે તૈયાર છે. અગાઉ, આમ આદમી પાર્ટી (AAP)ની રાજકીય બાબતોની સમિતિ (PAC)ના નેતાઓએ દિલ્હીના આગામી મુખ્યમંત્રી તરીકે આતિશીનું નામ સૂચવ્યું હતું. સોમવારે (૧૬ સપ્ટેમ્બર) PACની બેઠક યોજાઈ હતી.

## ૧ ઓક્ટો. સુધી સુપ્રીમનો બુલડોઝર એક્શન ઉપર રૂક જાઓનો આદેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૧૭

સુપ્રીમ કોર્ટે મંગળવારે ડિમોલિશન એટલે કે બુલડોઝરની કાર્યવાહી પર પ્રતિબંધ મૂક્યો છે. આ પ્રતિબંધ ૧ ઓક્ટોબર સુધી લગાવવામાં આવ્યો છે. કોર્ટનું કહેવું છે કે જાહેર અતિક્રમણ પર જ કાર્યવાહી કરવામાં આવશે. કોર્ટે બુલડોઝરની કાર્યવાહી પર રાજ્યોને સૂચના આપી છે અને કહ્યું છે કે બુલડોઝર ન્યાયનું મહિમામંડન બંધ કરવું જોઈએ. કાયદાકીય પ્રક્રિયા મુજબ જ અતિક્રમણ દૂર કરો.

આ ઘટનામાં સોલિસિટર જનરલે કહ્યું કે નોટિસ બાદ જ ગેરકાયદે બાંધકામ પર બુલડોઝરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તેના પર જસ્ટિસ બીઆર ગવઈએ કહ્યું કે, રસ્તાઓ, શેરીઓ, ફૂટપાથ અથવા જાહેર સ્થળો પર કરવામાં આવેલા ગેરકાયદે બાંધકામોને યોગ્ય પ્રક્રિયા સાથે તોડી પાડવાની મંજૂરી આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ઉત્તર પ્રદેશ સહિત ઘણા રાજ્યોમાં બુલડોઝર દ્વારા તોડી પાડવાની કાર્યવાહી વિરુદ્ધ જમિયત ઉલેમા-એ-હિંદ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી દરમિયાન કોર્ટે આ વાત કહી હતી.સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ કે.વી.વિશ્વનાથનની બેંચ સમક્ષ સોલિસિટર તુષાર મહેતાએ કહ્યું હતું કે જ્યાં પણ ડિમોલિશનની કાર્યવાહી કરવામાં આવી છે, તે કાયદાકીય પ્રક્રિયાને અનુસરીને કરવામાં આવી છે. ચોક્કસ સમુદાયને નિશાન બનાવવાનો આરોપ ખોટો છે. એક રીતે, ખોટી વાર્તા ફેલાવવામાં આવી રહી છે. તેના પર જસ્ટિસ ગવઈએ કહ્યું કે અમે આ કથાથી પ્રભાવિત નથી થઈ રહ્યા. અમે સ્પષ્ટ કર્યું છે કે અમે ગેરકાયદે બાંધકામને રક્ષણ આપવાના પક્ષમાં નથી. અમે એક્ઝિક્યુટિવ જજ બની શકતા નથી. ડિમોલિશનની પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવાની જરૂર છે.

ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલા ગુજરાતમાં એક કેસની સુનાવણી વખતે સુપ્રીમ કોર્ટે પણ બુલડોઝર જસ્ટિસ પર સવાલો ઉઠાવ્યા હતા. જસ્ટિસ હૃષીકેશ રોય, જસ્ટિસ સુધાંશુ ધુલિયા અને જસ્ટિસ એસવીએન ભાટીની બેંચે કહ્યું હતું કે કોઈ વ્યક્તિના ઘર પર બુલડોઝર માત્ર એટલા માટે ચલાવી શકાય નહીં કારણ કે તે કેસમાં આરોપી છે. આરોપી દોષિત છે કે નહીં, એટલે કે તેણે ગુનો કર્યો છે કે કેમ તે નક્કી કરવાનું કામ સરકારનું નથી કોર્ટનું છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે કાયદાના શાસનથી સંચાલિત દેશમાં વ્યક્તિની ભૂલની સજા તેના પરિવારના સભ્યો વિરુદ્ધ આવી કાર્યવાહી કરીને અથવા તેનું ઘર તોડીને આપી શકાય નહીં. કોર્ટ આવા બુલડોઝરની કાર્યવાહીને અવગણી શકે નહીં. આવી કાર્યવાહી થવા દેવી એ કાયદાના શાસન પર જ બુલડોઝર ચલાવવા સમાન છે. ગુનામાં કથિત સંડોવણી એ કોઈ મિલકતને તોડી પાડવાનું કારણ નથી.

## ભારતમાં લિંગ સમાનતા માટે મોટું કામ થઈ રહ્યું છે : સ્મૃતિ ઈરાની

(જી.એન.એસ),તા.૧૭

વોશિંગ્ટન,

ભૂતપૂર્વ કેબિનેટ મંત્રી સ્મૃતિ ઈરાનીએ સોમવારે, ૧૬ સપ્ટેમ્બરના રોજ વોશિંગ્ટન ડીસીમાં વિશ્વ બેંકના ટોચના નેતાઓને સંબોધિત કર્યા. આ દરમિયાન, તેમણે ભારત અને વૈશ્વિક દક્ષિણમાં લિંગ સમાનતાના મહત્વને રેખાંકિત કર્યું. તેણીએ કહ્યું કે આજે વૈશ્વિક સ્પર્ધાને ધ્યાનમાં રાખીને, વૈશ્વિક દક્ષિણની સરકારોએ લિંગ સમાનતા નીતિઓ સુનિશ્ચિત કરવી જોઈએ. તેનો સંપૂર્ણ અમલ થવો જોઈએ. તેમણે કહ્યું કે ભારત આ દિશામાં ઘણું સારું કરી રહ્યું છે, છેલ્લા દાયકા દરમિયાન લિંગ સમાનતાને આગળ વધારવામાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. સ્મૃતિ ઈરાનીએ એમ પણ કહ્યું કે વિશ્વ બેંકના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર સાથે સંકળાયેલું હોવું ગર્વની વાત છે. તેમણે કહ્યું કે, છેલ્લા ૧૦ વર્ષમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતમાં મહિલા સશક્તિકરણને નોંધપાત્ર વેગ મળ્યો છે. તેમણે કહ્યું કે ભારત ૨૦૨૪-૨૦૩૦ માટે વિશ્વ બેંક દ્વારા તૈયાર કરવામાં આવી રહેલી રણનીતિને પ્રાથમિકતા આપવા માટે પ્રતિબદ્ધ છે.

આ દરમિયાન, વિશ્વ બેંકે તેની લિંગ વ્યૂહરચના ૨૦૨૪-૨૦૩૦ પણ આગળ મૂકી. વિશ્વ બેંકના ટોચના નેતાને સંબોધતા સ્મૃતિ ઈરાનીએ લિંગ સમાનતાના મહત્વની સાથે સાથે રાજકીય અને કોર્પોરેટ નેતૃત્વ વિશે પણ વાત કરી હતી. તેમણે કહ્યું કે આ ક્ષેત્રોમાં મહિલાઓનું નેતૃત્વ વધારવા માટે જરૂરી છે કે તે મુજબ વિશેષ શિક્ષણ નીતિ લાગુ કરવામાં આવે. તેમણે ભારતના રાજકીય અને કોર્પોરેટ ક્ષેત્રોમાં મહિલા નેતૃત્વમાં પરિવર્તનનો ઉલ્લેખ કર્યો. સ્મૃતિ ઈરાની લિંગ સમાનતા સંબંધિત પ્રાથમિકતાઓ પર ચર્ચા કરવા માટે આગામી કેટલાક દિવસો સુધી વોશિંગ્ટનમાં રહેશે અને વિશ્વ બેંકના ટોચના નેતાઓ સાથે ચર્ચા કરશે.

## શ્રીકૃષ્ણ જન્મભૂમિ મામલે મુસ્લિમ પક્ષની યાચિકા પર સુપ્રીમમાં સુનાવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૧૭

સુપ્રીમ કોર્ટે આજે શ્રી કૃષ્ણ જન્મભૂમિ વિવાદ કેસમાં મુસ્લિમ પક્ષની અરજી પર સુનાવણી કરી. મુસ્લિમ પક્ષે અલ્હાબાદ હાઈકોર્ટના આદેશ વિરુદ્ધ અરજી દાખલ કરી હતી, જેણે મથુરામાં કૃષ્ણ જન્મભૂમિ-શાહી ઈદગાહ વિવાદ સાથે સંબંધિત ૧૮ કેસોની જાળવણીને પડકારતી તેમની અરજીને ફગાવી દીધી હતી. જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ સંજય કુમારની બેંચે શાહી મસ્જિદ ઈદગાહની મેનેજમેન્ટ ટ્રસ્ટ કમિટી દ્વારા હાઈકોર્ટના ૧ ઓગસ્ટના આદેશ વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી હતી. મસ્જિદ પ્રબંધન સમિતિની અરજી એડવોકેટ આરએચએ સિકંદર દ્વારા દાખલ કરવામાં આવી છે.

સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે હજુ સુધી મુસ્લિમ પક્ષને કોઈ રાહત આપી નથી. આજે સુપ્રીમ કોર્ટે મુસ્લિમ પક્ષની અરજી પર ન તો કોઈ સ્ટે મૂક્યો છે કે ન તો કોઈ આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે મુસ્લિમ પક્ષને પહેલા એ નક્કી કરવા કહ્યું છે કે તેઓ સિંગલ બેંચના નિર્ણયને અલ્હાબાદ હાઈકોર્ટની ડબલ બેંચમાં પડકારવા માંગે છે કે નહીં, ત્યારબાદ સુપ્રીમ કોર્ટ ૪ નવેમ્બરથી શરૂ થતા સપ્તાહમાં તેની સુનાવણી કરશે.

ઉલ્લેખનીય છે કે ૧ ઓગસ્ટના રોજ હાઈકોર્ટે મથુરામાં મંદિર-મસ્જિદ વિવાદ સાથે સંબંધિત ૧૮ કેસની જાળવણીને પડકારતી અરજીને ફગાવી દીધી હતી અને ચુકાદો આપ્યો હતો કે શાહી ઈદગાહનું ‘ધાર્મિક ચરિત્ર’ નક્કી કરવાની જરૂર છે.

હાઈકોર્ટે મુસ્લિમ પક્ષની દલીલને ફગાવી દીધી હતી કે કૃષ્ણ જન્મભૂમિ મંદિરની બાજુમાં આવેલી શાહી ઈદગાહ મસ્જિદ સંકુલના વિવાદને લગતા હિંદુ પક્ષકારો દ્વારા દાખલ કરાયેલા દાવાઓ પૂજાના સ્થળો (વિશેષ જોગવાઈઓ) અધિનિયમનું ઉલ્લંઘન કરે છે અને તેથી તે સ્વીકાર્ય નથી. ૧૯૯૧નો આ કાયદો દેશની આઝાદીના દિવસે અસ્તિત્વમાં હોય તેવા કોઈપણ ધાર્મિક સ્થળના ધાર્મિક પાત્રને બદલવા પર પ્રતિબંધ મૂકે છે. માત્ર રામજન્મભૂમિ-બાબરી મસ્જિદ વિવાદને તેના દાયરાની બહાર રાખવામાં આવ્યો હતો.

## ખડગે એ રાહુલના જીવને જોખમ હોવાનું પત્રમાં મોદીને લખ્યું

(જી.એન.એસ),તા.૧૭

નવી દિલ્હી,

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ છે. તેઓ ૭૪ વર્ષના થઈ ગયા છે. શાસક પક્ષ તેમજ વિપક્ષના તમામ નેતાઓએ તેમને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ પીએમને અભિનંદન પાઠવ્યા હતા. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ તેમના જન્મદિવસ પર એક પત્ર લખ્યો છે.

કોંગ્રેસ અધ્યક્ષ ખડગેએ લખ્યું, કે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ ખૂબ જ વાંધાજનક, હિંસક અને અભદ્ર નિવેદનોની હારમાળા ચાલી રહી છે. ભાજપ અને તમારા સાથી પક્ષોના નેતાઓ દ્વારા જે હિંસક ભાષાનો ઉપયોગ કરવામાં આવે છે તે ભવિષ્ય માટે ઘાતક છે. દુનિયા ચોંકી ગઈ છે કે કેન્દ્ર સરકારમાં રેલ્વે રાજ્ય મંત્રી અને ભાજપ શાસિત ઉત્તર પ્રદેશના મંત્રી લોકસભામાં વિપક્ષના નેતાને નંબર વન આતંકવાદી ગણાવી રહ્યા છે. મહારાષ્ટ્રમાં તમારી સરકારમાં સાથી પક્ષના એક ધારાસભ્ય રાહુલ ગાંધીની જીભ કાપી નાખનારને ૧૧ લાખ રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત કરી રહ્યા છે. દિલ્હીમાં બીજેપીના એક નેતા કહી રહ્યા છે કે રાહુલનું ભાગ્ય તેની દાદી જેવું હશે.

## ન્યુયોર્કના BAPS મંદિરમાં તોડફોડ અને ભારત વિરોધી સૂત્રો લખાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

ન્યૂયોર્ક ,તા.૧૭

વડાપ્રધાન મોદીના યુએસ પ્રવાસ પહેલા ન્યુયોર્કના BAPS સ્વામિનારાયણ મંદિરમાં તોડફોડ અને ભારત વિરોધી સૂત્રો લખવાનો મામલો સામે આવ્યો છે. મેલવિલેમાં સ્થિત મંદિરના રસ્તાઓ અને મંદિરની બહાર સાઈન બોર્ડને સ્પ્રે કરીને તેના પર અપશબ્દો લખવામાં આવ્યા છે.

મંદિર તોડફોડ બાબતે ભારતીય કોન્સ્યુલેટની આકરી નિંદાન્યૂયોર્કમાં ભારતીય કોન્સ્યુલેટે મંદિરની તોડફોડની આકરી નિંદા કરી છે અને તેને ઘૃણાસ્પદ કૃત્ય ગણાવ્યું છે. આ સાથે ગુનેગારો સામે કાર્યવાહી કરવા માટે અમેરિકન સત્તાવાળાઓ સમક્ષ મામલો ઉઠાવવામાં આવ્યો છે. તેમજ BAPSએ શાંતિની અપીલ કરી છે. લોંગ આઈલેન્ડ પર સફોક કાઉન્ટીમાં નાસો વેટરન મેમોરિયલ કોલિઝિયમથી લગભગ ૨૮ કિલોમીટર દૂર મેલવિલે શહેર આવેલું છે. આ જ સ્થળે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૨ સપ્ટેમ્બરે એક મોટા સમુદાયના કાર્યક્રમને સંબોધિત કરશે. PM મોદી ૨૧, ૨૨ અને ૨૩ સપ્ટેમ્બરે અમેરિકાના પ્રવાસે હશે. હિન્દુ અમેરિકન સંગઠને પણ આ હુમલાની નિંદા કરી છે તેમજ અમેરિકી સરકાર દ્વારા તપાસની માંગ કરી હતી. એક અહેવાલ મુજબ, સંસ્થાએ ન્યાય વિભાગ અને DHSને મેલવિલેમાં BAPS સ્વામિનારાયણ મંદિર પરના હુમલા અને હિન્દુ સંગઠનોને આપવામાં આવેલી તાજેતરની ધમકીઓની તપાસ કરવા કહ્યું છે. ઉપરાંત, આ સપ્તાહના અંતે નાસો કાઉન્ટીમાં મોટી સંખ્યામાં ભારતીય સમુદાયના લોકોએ એક થવાનું આયોજન કરવામાં આવ્યું છે.

## જવાહર ચાવડાએ PM મોદીને લખ્યો પત્ર, કહ્યું- પ્રજાની વચ્ચે ક્યાં મોઢે જવુ ?

અમારા પ્રતિનિધિ તરફથી,

**અમદાવાદ,તા.૧૭ :** ભારતીય જનતા પાર્ટીથી નારાજ ભાજપના પૂર્વ મંત્રી જવાહર ચાવડા ફરી એક વાર ચર્ચામાં આવ્યા છે. જવાહર ચાવડા લોકસભાની ચૂંટણીથી લઈને મનસુખ માંડવિયા સુધી તેઓ વિવાદમાં રહ્યા છે. ત્યારે ભાજપ પાર્ટીમાં જે ચાલી રહ્યું છે તેને લઈને ફરી એક વાર પત્ર લખ્યો છે. જવાહર ચાવડાએ આ વખતે જવાહર ચાવડાએ પીએમ નરેન્દ્રમેદીને પત્ર લખ્યો છે. આજે પીએમ મોદીના જન્મ દિવસ પર જવાહર ચાવડાએ જુનાગઢ ભાજપમાં જે ચાલી રહ્યું છે તેના વિશે તેમણે પીએમ મોદીને માહિતગાર કર્યા છે. વધુમાં તેમણે લખ્યું છે કે, અમારી સમસ્યા અને પીડા એ છે કે જો ભાજપ પ્રમુખ જ આવા કૃત્યો કરે તો પ્રજાની વચ્ચે ક્યાં મોઢે જવુ ? પ્રજાનો સામનો કેમ કરવો ? આ સાથે આ મામલે અનેખ વખત ફરિયાદ પણ કરી હોવાનું જણવવામા આવ્યું છે. આમ જવાહર ચાવડાના લેટર બોમ્બથી માત્ર જુનાગઢના રાજકારણમાં જ નહીં ગાંધીનગરથી દિલ્હી સુધી હડ્કંપ મચ્યો છે. પોતાની જ સરકારના હોદ્દોદારીની પોલ ખોલી સરકારને અરીસો બતાવ્યો છે તેમણે કરેલી ટ્વિટમાંઅમિત શાહ, પીએમ મોદી, સીઆર પાટીલ ને પણ ટેગ કર્યા છે. ત્યારે જવાહર ચાવડાના આ લેટર પર શું પ્રતિક્રિયા આવે છે તે જોવું રહ્યું.

## ડોનાલ્ડ ટ્રમ્પ ઉપર હુમલાનો પ્રયાસ કરનારની ઓળખ બહાર આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમેરિકા,તા.૧૭

અમેરિકાના પૂર્વ પ્રમુખ અને વર્તમાનમાં રીપબ્લિકન પાર્ટીના પ્રમુખપદના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ ઉપર હુમલો કરવાનો પ્રયત્ન કરનારની ઓળખ બહાર આવી છે. તેની વય ૫૮ વર્ષની છે.

તેનું નામ રીયાન વેસ્લી રૂથ હોવાનું પામ બીચ કાઉન્ટીના શેરિફ રીક બ્રેડ શોયે જણાવ્યું હતું કે ફલોરિડા સ્થિત પોતાની ગોલ્ફ લિંક્સ ઉપર ગોલ્ફ રમી ટ્રમ્પ તેઓની પ્રચાર વ્યસ્તતામાંથી જરા શ્વાસ લેવા તેઓના મિત્ર સાથે ગોલ્ફ રમતા હતા ત્યારે તેમનાથી ૪૦૦-૫૦૦ વાર દૂરથી ગોલ્ફ લિંકસની ઝાંખરાની વાડ પાછળથી છુપાઈને ટ્રમ્પને ગોળી મારવાનો પ્રયત્ન કરતો હતો, ત્યાં જ અમેરિકાની આંતરિક જાસૂસી સંસ્થા એફબીઆઈના જવાનોએ તે રાયફલની નળી તરફ ગોળીબાર શરૂ કરતાં તે તેની એકે પ્રકારની રાયફલ તથા વાસે ભરાવી રખાતા બે બેક પેક્સ સ્થળ ઉપર જ પડતાં મુકી પોતાની કાળી નિસ્સાન કારમાં નાસી છુટયો હતો.

પરંતુ એફબીઆઈએ તેનો બરોબર પીછો કરી આઈ-૯૫ હાઈવે ઉપર ગોલ્ફ કોર્ટથી આશરે ૪૦ માઈલ દૂર ઓડા બાંધી દીધા હતા. રૂથ સમજી ગયો હતો કે હવે સંઘર્ષ થઈ શકે તેમ નથી, તેથી તે શરણે થઈ ગયો.સર્વવિદિત છે કે ટ્રમ્પ યુક્રેનને સહાય કરવાના વિરોધી છે. જ્યારે રૂથ યુક્રેનનો જબ્બર સમર્થક છે. યુદ્ધમાં યુક્રેનને સાથ આપવા યુવાનોની ભરતી પણ કરતો હતો.

યુક્રેન તરફનું રૂથ વલણ ધરાવે છે, ટ્રમ્પ યુક્રેનને સહાય કરવાના મતના નથી. તેથી જ રૂથે કદાચ ટ્રમ્પની હત્યાનો પ્રયાસ કર્યો હશે તેમ વિશ્લેષકએ જણાવ્યું હતું.

### બાલાપુર ગણેશ મંદિરના લાડુની હરાજી

## ભગવાન ગણેશનો લાડુ ૩૦ લાખ રૂપિયામાં નિલામ થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

તેલંગાણા,તા.૧૭

તેલંગાણાના બાલાપુર ગણેશ મંદિરના લાડુની હરાજીમાં મંગળવારે ૩૦.૧ લાખ રૂપિયાની રેકોર્ડ બોલી લગાવવામાં આવી હતી. ગણેશ ઉત્સવનું મુખ્ય આકર્ષણ, આ હરાજી દર વર્ષે બાલાપુર ગણેશ મૂર્તિને વિસર્જન માટે હુસૈનસાગર તળાવ સુધી ભવ્ય શોભાયાત્રામાં લઈ જવામાં આવે તે પહેલાં થાય છે. આ વર્ષે બોલી લગાવનાર ભાજપના નેતા કોલાનુ શંકર રેડ્ડી હતા.

શહેરના અન્ય વિસ્તારોમાં આવેલા વિવિધ ગણેશ મંદિરોમાં પણ આવી જ હરાજી હાથ ધરવામાં આવી હતી. બાલાપુર લાડુની હરાજીમાં ઘણા અગ્રણી રાજકારણીઓ અને વેપારી હસ્તીઓએ ભાગ લીધો હતો. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૩માં બાલાપુર લાડુની હરાજી ૨૭ લાખ રૂપિયામાં થઈ હતી. દરમિયાન, રંગારેડ્ડી જિલ્લામાં બંદલાગુડા મ્યુનિસિપલ સીમા હેઠળ કીર્તિ રિચમંડ વિલા ખાતે યોજાયેલી અન્ય એક લાડુની હરાજી માટે રૂ. ૧.૮૭ કરોડની બોલી લાગી હતી, જે ગયા વર્ષની રૂ. ૧.૨૬ કરોડની કિંમત કરતાં રૂ. ૬૭ લાખ વધુ હતી.

લાડુની હરાજીની આ પરંપરા ૧૯૯૪માં શરૂ થઈ હતી. અહીંના સ્થાનિક લોકોનું માનવું છે કે આ લાડુ તેમના માટે લકી છે. તે ધન, સમૃદ્ધિ અને સારા નસીબની સાથે સારું સ્વાસ્થ્ય આપે છે. દર વર્ષે મૂર્તિના વિસર્જન પહેલા આ લાડુની હરાજી કરવામાં આવે છે. આમાંથી જે પણ પૈસા મળે છે તે વિકાસના કામોમાં વપરાય છે.

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# વલસાડ જિલ્લામાં તા.૧૭ સપ્ટેમ્બરથી ૧૦માં તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમનો શુભારંભ કરાયો

## સરકારના વિવિધ વિભાગોની ૫૫ જેટલી સેવાઓ મળી રહેશે ૧૭ સપ્ટેમ્બરે જિલ્લાના ૬ તાલુકાઓમાં કલસ્ટર મુજબ કુલ ૧૬૬ ગામોને આવરી લેવાશે

**વલસાડ, તા. ૧૭ :** વલસાડ સહિત રાજયભરમાં તા. ૧૭ સપ્ટેમ્બરથી સેવા, સ્વચ્છતા અને પર્યાવરણ રક્ષણના ત્રણ અભિયાનનો પ્રારંભ થઈ ચૂક્યો છે. તા. ૩૧ ઓક્ટોબર સુધી ચાલનારી આ ત્રણેય ખાસ ઝૂંબેશમાં ‘સ્વચ્છતા હી સેવા’ અભિયાન થકી સમૃદ્ધ સમાજનો પાયો નખાશે. તો ‘સેવા સેતુ’ કાર્યક્રમથી જનતા-સરકાર વચ્ચે વિશ્વાસનો સેતુ વધુ મજબૂત થશે. તો ‘એક પેડ માં કે નામ’ અભિયાન થકી વડાપ્રધાનનો સંકલ્પ જન-જન સુધી પહોંચશે.

આ પ્રસંગે વલસાડ - ડાંગના સાંસદ અને લોકસભા દંડકશ્રી ધવલભાઈ પટેલે જણાવ્યું હતું કે, દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૪ મા જન્મદિન નિમિત્તે સમગ્ર દેશમાં શરૂ થયેલા સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતાની થીમ સાથે શરૂ થયેલ અને સરદાર વલ્લભભાઈ પટેલ જયંતિ તા.૩૧ મી ઓકટોબર સુધી ચાલનારા આ સેવાયજ્ઞમાં આપણે જોડાઈએ અને આ માટે આપણે સૌ પ્રથમ આપણા આંગણાથી સ્વચ્છતાની શરૂઆત કરી આપણો મહોલ્લો, શેરી, ગામ, તાલુકો, જિલ્લો અને રાજય પણ સ્વચ્છ બને તે દિશામાં પ્રયાસો કરીએ. પ્રધાનમંત્રના સ્વચ્છતા હી સેવાના અભિયાનને ઝૂંબેશરૂપે ઉપાડી લઈને આપણું કર્તવ્ય નિભાવીએ. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈએ દેશના ગરીબ, વંચિત, યુવાનો, ખેડૂતો અને મહિલાઓના વિકાસ માટે અનેક કલ્યાણકારી યોજનાઓ શરૂ કરી



છે અને તેના સારા પરિણામો મળી રહયા છે. તેઓએ પ્રધાનમંત્રી આયુષ્ય યોજના હેઠળ દેશના ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે સરકાર માન્ય હોસ્પિટલોમાં ૫ લાખની કેશલેસ સારવારની યોજના શરૂ કરી છે જેને આપણા રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રૂા.૫ લાખ ઉમેરી આ યોજના અંતર્ગત લાભાર્થીને રૂા. ૧૦ લાખની રાજયની સરકાર માન્ય હોસ્પિટલોમાં કેશલેસ સારવાર આપવામાં આવી રહી છે જેનો લાભ લેવા માટે તેમણે જણાવ્યું હતું. આ ઉપરાંત કોરોનાના સમયગાળામાં વર્ષ ૨૦૨૦ થી દેશના ૮૦ કરોડ ગરીબો માટે શરૂ કરેલ મફત અનાજ આપવાની યોજના હાલમાં પણ ચાલુ છે અને તે હજુ ૨૦૨૯ સુધી કાર્યરત રહેનાર છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈએ પ્રધાનમંત્રી આવાસો અંતર્ગત શહેરી અને ગ્રામીણ ગરીબોને આવાસો પૂરા પાડવાનું કામ કર્યુ છે. વડાપ્રધાનના એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત જિલ્લા પંચાયતના પ્રમુખ મનહરભાઈ પટેલ, વલસાડ- ડાંગ સાંસદ અને લોકસભા દંડક ધવલભાઈ પટેલ, અને અન્ય મહાનુભાવોએ પ્રાથમિક શાળા ડુંગરી ખાતે વૃક્ષારોપણ અને ડુંગરી ગામે સાફ સફાઈ કરી હતી. આ કાર્યક્રમમાં સૌએ સ્વચ્છતાના શપથ લીધા હતા.

# ભીલાડની સગીરાને ઈન્સ્ટાગ્રામની દોસ્તી ભારે પડી, યુવક મોપેડ- રોકડ લઈ ફરાર

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૭ :** રાજકોટના વિનાયક નગર શેરીમાંરહેતો યુવક મહેન્દ્ર આથલાણીએ ગત જાન્યુઆરી માસમાં ભીલાડમાં રહેતી સગીરાને ઈન્સ્ટાગ્રામ ઉપર ફ્રેન્ડ રીકવેસ્ટ મોકલી હતી. ઈન્સ્ટાગ્રામ ઉપર ચેટ કરતા બંને વચ્ચે મિત્રતા થઈ હતી જે થોડા સમયમાં પ્રેમમાં પરિણમી હતી. થોડા સમય બાદ યુવકે હું તારી સાથે લગ્ન કરવા માંગુ છુંનું સગીરાને જણાવ્યું હતું. ત્યારબાદ ભીલાડમાં સગીરાના પરિવારને મળવા આવ્યો હતો. પરિવાર સાથે વાતચીતમાં હું તમારી છોકરી સાથે લગ્ન કરવા માંગુ છું અને અમે બંને પ્રેમ કરીએ છીએ લગ્ન કરવાની વાતો કરી હતી. પરિવારે યુવક ઉપર વિશ્વાસ મૂક્યો હતો જેનો લાભ ઉઠાવી બહેલાવી ફોસલાવી યુવકે પાચ છ દિવસ બાદ મારે એક્સેસ બાઈક લેવી છે નું જણાવ્યું હતું.

ત્યારે છોકરીના પરિવારે ૨૭મી ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ વાપીના શોરૂમમાં એક્સેસ ગાડીના ૧૫ હજાર ડાઉન પેમેન્ટ ભર્યા હતા.

થોડા દિવસો પછી યુવકે સોનાની ચેનની માગણી કરી હતી. સગીરાની માતાએ વિશ્વાસ મૂકી ૧૫ હજાર ડાઉન પેમેન્ટ ભરી બાકીની રકમ ઉધાર રાખી સોનાની ચેન લઈ આપેલી હતી. થોડા દિવસ પછી મને પૈસાનું કામ છે, તમોને હું એક બે અઠવાડિયામાં પરત આપી દઈશ એવું જણાવી રૂા. ૨૦ હજાર ઉછીના લીધા હતા. પૈસા લઈ મહેન્દ્ર ગામ રાજકોટ ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ સગીરા સાથે ફોન ઉપર વાતમાં અઠવાડિયામાં આવીશ બે દિવસમાં આવીશના ખોટા આશ્વાસનો આપ્યા હતા. એક્સેસ મોપેડના હપ્તો ભરેલ નથી. એક્સેસ ગાડી સોનાની ચેન એમના વતન લઈને ફરાર થઈ ગયો હોવાનો આક્ષેપ સગીરાના પરિવારે પોલીસમાં કરેલી અરજીમાં કર્યો છે. આવી ઘટના બીજી છોકરી જોડેના બને એ માટે રેશ્મા ધોડીએ ભીલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી છે. જાણ કરી આરોપી મહેન્દ્ર અલથાણીને પકડી કાયદેસરની કાર્યવાહી થાય એવી આશા વ્યક્ત કરી છે.

**(પાના નં.૧નું ચાલુ...)**

**વલસાડ પંથક..............**

આરતી પૂજા, અર્ચના, અને ૫૬ ભોગ થાળ ધરાવવામાં આવતો હોય છે. બાપા ની મૂર્તિ ને દોઢ, અઢી પાંચ, સાત, નવ દિવસે વાજતે ગાજતે નદી તળાવમાં વિસર્જન કરવામાં આવતું હોય છે. ત્યારે આજે અનંત ચૌદસના દિવસે વલસાડ શહેરના શાકભાજી માર્કેટ બેચર રોડ, પારડી સાંઢપોર, ગુંદલાવ ધમડાચી, અતુલ,પાનેરા તિથલ રોડ,હાલર રોડ, સહિત શહેર કે વલસાડની આજુબાજુમાં આવેલા ગ્રામ્ય વિસ્તારોમાંથી ગણપતિ બાપાની મૂર્તિની વિસર્જન યાત્રા બપોરે શહેરના વિવિધ માર્ગો પરથી ઢોલ નગારા અને ડીજે સાઉન્ડ ઉપર નાચતા ગાતા તેમજ ગણપતિ બાપા મોરિયા અગલે બરસ તું જલ્દી આના નારા સાથે નીકળી હતી. બપોરે બાપાની વિસર્જન યાત્રા નીકળતા શહેરના આઝાદ ચોક પર બાપાના અંતિમ દર્શન કરવા માટે ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતાં. શહેરના માર્ગો પરથી વિસર્જનની યાત્રા નીકળતા ડીએસપી ઝાલાના માર્ગદર્શન હેઠળ શહેરના માર્ગો ઉપર ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો. શહેરમાંથી મોટા પ્રમાણમાં બાપાની મૂર્તિનું વલસાડની ઔરંગા તેમજ વાંકી નદીમાં શાંતિપૂર્ણ માહોલમાં અશ્રુભીની આંખે વિદાય આપી હતી. અનંત ચૌદસના દિવસે મોટા પ્રમાણમાં ગણપતિની મૂર્તિનું વિસર્જન હોવાથી વલસાડ નગરપાલિકા દ્વારા ઔરંગાના ઓવારે વિસર્જન માટે પાટલા, લાઈટ, ફાયર બ્રિગેડની ટીમ, ક્રેન, મેડિકલ સહિતની તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. વલસાડમાં આજે બપોરે વિસર્જન યાત્રા નીકળતા શરબત, ઠંડુ પાણી વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે વલસાડ શહેરના આઝાદ ચોક પરથી વિશાળ યાત્રા નીકળતા મોટી સંખ્યામાં બાપાના દર્શન કરવા માટે ભક્તો ઉમટી પડ્યા હતાં. આ લખાય રહ્યું છે ત્યાં સુધી વલસાડની ઔરંગા વાંકી નદીમાં શાંતિપૂર્ણ માહોલમાં વિસર્જન યાત્રા ચાલી રહી હતી.

# વાંસદા પંથકમાં શ્રીજીનું ધામધૂમથી વિસર્જન



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાંસદા, તા.૧૭ :** વાંસદા પંથકમાં શ્રીજીની પ્રતિમાનું વિસર્જન કરવામાં આવ્યું. વાસદા માં વહેલી સવારથી શ્રીજીની પ્રતિમાનું ઢોલ નગારા અને ડીજેને સાથે વિસર્જન કરવામાં આવ્યુ હતું. વાંસદા તથા આજુબાજુના હનુમાન બારી વિસ્તારમાંથી આશરે ૧૫૦ જેટલી શ્રીજીની પ્રતિમાનું વિસર્જન કરવામાં આવ્યું હતું. વાંસદા ગ્રામ પંચાયત તથા પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. વાંસદા નગરમાં શ્રીજીની પ્રતિમાનું વિસર્જન સમયે ગણપતિ બાપા મોરિયાના નાદ સાથે આખું વાંસદા નગર ગુંજી ઉઠ્યું હતું. વાંસદા નગરમાં જાહેર રસ્તા પર વિસર્જન યાત્રા કાઢવામાં આવી હતી. રાજ રાજેશ્વર મંદિર કાવેરી નદી કિનારે મોડી સાંજ સુધી વિસર્જન કરવામાં આવ્યું હતું.

# ચીખલીના બગલાદેવ મંડળ દ્વારા શ્રીજીનું વિસર્જન કરાયું

**ચીખલી, તા.૧૭ :** ચીખલી થાલા બગલાદેવ મંદિર નજીક બગલાદેવ ચા બાપા મંડળ દ્વારા ૫૦ વર્ષ પૂર્ણ થતાં હોય ગણેશજીની મૂર્તિનું વિસર્જન કાચ અને પ્લાયના બનાવેલ અધ્યતન બોક્સમાં વિશાળકાય માટીની મૂર્તિનું વિસર્જન સ્થાપના સ્થળની નજીક જ કરવામાં આવ્યું હતું. આ મંડળ દ્વારા દસ દિવસ મેડિકલ કેમ્પ અને રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જો કે નવસારી જિલ્લામાં આ વર્ષે ચીખલી ખાતે સ્થાપના સ્થળે મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

**U.T. ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

DIRECTORATE OF MEDICAL & HEALTH SERVICES, SILVASSA
No.DMHS/EST/Med.edu/staff/2022/347/4028
Date: 12/09/2024

**ADVERTISEMENT**

Directorate of Medical & Health Services, Dadra & Nagar Haveli and Daman & Diu conducts Walk-In-Interview on dated **20/09/2024** for the various posts on Short term contract basis under NAMO Medical Education& Research Institute, Shri Vinoba Bhave College of Nursing, institute of Allied Health Sciences and Rogi Kalyan Samiti SVBCH, Silvassa.

For details, please scan QR code
E-mail ID:
RKS- est.dmhs@gmail.com
Medical College:
medicalcollege.dnh1@gmail.com
Allied Health Science :
svbips.sil@gmail.com
Tel 0260 – 2642940

O/o Director, Medical & Health Department, Silvassa, DNH

**NO.IP/DMN/2/5/2024-25/666 datet : 17/08/2024**

**U.T. ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

Development and Planning Office

Hiring of House Keeping Service/Outsourcing for House Keeping for Development and planning Office, District Panchayat, Silvassa(3rd Call)

| | | |
|---|---|---|
| Tender No. | No. DPO/CEO/Man Power/2024/1347 | |
| Tender ID No. | 2024_UTDNH_7237_1 | |
| On line downloading start of tender documents | 13/09/2024 | 16:00 PM |
| Last date & Time for Receipt of Bid/ Uploading Bid | 25/09/2024 | 15:00 PM |
| Online Opening of Technical Bid | 26/09/2024 | 17:00 PM |
| Online Opening of Price Bid | 27/09/2024 | 15:00 PM |
| Any Other Details | - | |

For details please scan dnhtenders gov in
0260-2632303

DEVELOPMENT AND PLANNING OFFICE DISTRICT PANCHAYAT, DNH, SILVASSA
No. DPO/CEO/Man Power/2024/1347 Dated 13/09/2024

**NO.IP/DMN/2/5/2024-25/667 datet : 17/08/2024**

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM NAUSHAD ALAM TO NAUSHAD ALAM SHAIKH AND IN FUTURE IT WILL BE KNOWN AS SD/- NAUSHAD ALAM SHAIKH

# ડુંગરી વિભાગ દૂધ ઉત્પાદક સહકારી મંડળીની ૫૩મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા.૧૭ :** વલસાડ તાલુકાના ડુંગરી ગામે આવેલ ડુંગરી વિભાગ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.ની ૫૩મી વાર્ષિક સાધારણ સભા ડુંગરીના સહકારી આગેવાન ગજાનંદ પટેલના અધ્યક્ષપદે અને વસુધારા ડેરીના મેનેજીંગ ડિરેક્ટર નરેન્દ્ર વશીના મુખ્ય મહેમાનપદે યોજાઈ હતી. જેમાં મંડળીના યુવા પ્રમુખ જિનેશકુમાર દેસાઈએ રજુ કરેલા વાર્ષિક અહેવાલ અને હિસાબને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. મંડળીના પ્રમુખ જિનેશ દેસાઈએ દૂધ મંડળીના સભાસદોના આકસ્મિક અવસાનના કિસ્સામાં વીમાનું સુરક્ષા કવચ પૂરું પાડવાની યોજના અમલમાં મુકવાની જાહેરાત કરતા સભાસદોએ યોજનાને વધાવી લીધી હતી.



ડુંગરી વિભાગ દૂધ મંડળીનો વાર્ષિક અહેવાલ રજુ કરતા પ્રમુખ જિનેશ દેસાઈએ જણાવ્યું હતું કે મંડળીના કુલ ૨૮૮ સભાસદો છે. જેમાં દૂધ ભરનાર ૧૩૪ અને ૧૫૪ બિન સભાસદો છે. ગત વર્ષે મંડળીએ ૨.૫૦ લાખ લીટર ગાયનું અને ૨.૨૫ લાખ લીટર ભેંસનું દૂધ સંપાદન કરી કુલ રૂપિયા ૨૫.૬૮ લાખ રૂપિયાની સભાસદોને ચુકવણી કરી હતી. અહેવાલના વર્ષ દરમ્યાન ૬૯૫૪ કિલો દૂધ નીચી ગુણવત્તાવાળું મળેલ હોવાથી સભાસદોને મોટું આર્થિક નુકસાન થયેલ છે. તેમણે સભાસદોને ચોખ્ખું અને સ્વચ્છ દૂધ મંડળીમાં ભરવા માટે અપીલ કરી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત વસુધારા ડેરીના મેનેજીંગ ડિરેક્ટર નરેન્દ્ર વશી એ જણાવ્યું હતું કે પશુપાલનનો વ્યવસાય ઘર આંગણે રોજગારી આપી આર્થિક રીતે સ્વનિર્ભર થવા માટે ખુબ ઉપયોગી છે. તેમણે કહ્યું કે દૂધ ઉત્પાદકો માટે વસુધારા ડેરી અનેક કલ્યાણકારી યોજના ઓ અમલમાં મૂકી છે. તેમણે પશુપાલકોને વૈજ્ઞાનિક ઢબે પશુપાલન કરવા અને પશુઓ માટે કૃત્તિમ બીજદાનની ટેક્નોલોજીનો મહતમ લાભ લેવા તથા દૂધ મંડળીમાં સ્વચ્છ અને ગુણવત્તાવાળું દૂધ ભરવા સભાસદોને અનુરોધ કર્યો હતો.

આ સભામાં ડુંગરી ગામના અગ્રણીઓ અસિત દેસાઈ, રશ્મિન પટેલ, કિશોરભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ, કમિટીના સભ્યો મેઘનાબેન, કૈલાશબેન, મંત્રી નવીનભાઈ હાજર રહ્યા હતા. સભા માં ડુંગરી ગામે આવેલ પશુ દવાખાનામાં લાંબા સમયથી ખાલી પડેલ પશુ ચિકિત્સકની જગ્યા સત્વરે ભરવા માટે સભાસદોએ માંગણી કરી હતી. જે અંગે મંડળીના પ્રમુખ જિનેશ દેસાઈ એ કહયું હતું કે આ અંગે વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ સાથે ગાંધીનગર ખાતે ગુજરાત સરકારના પશુપાલન ખાતાના મંત્રી રાઘવજી પટેલને રૂબરૂ રજુઆત કરવામાં આવી છે.

# દાનહમાં પ્રધાનમંત્રી આવાસ યોજના લાભાર્થીઓને ગૃહ પ્રવેશ કરાવાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સેલવાસ, તા.૧૭ :** દાનહમાં પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ (PMVE-) હેઠળ ફાળવેલ આવાસમાં ગૃહ પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.



દાનહમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ નવા નિર્માણ પામેલા આવાસમાં ગૃહ પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. તેમજ નવા ફાળવવામાં આવેલ ગૃહ માટેના ચેકનું વિતરણ કરવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમ દાનહના તમામ ૨૦ ગ્રામપંચાયતમાં આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા સ્તરના કાર્યક્રમનું આયોજન સાયલી ખાતે કરવામાં આવ્યા હતું. જ્યાં જિલ્લા પંચાયત અધ્યક્ષ દામજી કુરાડા, જીલ્લા પંચાયત સી.એ.ઓ. અરુણ ગુપ્તા, વિકાસ અધિકારી અને આયોજન અધિકારી પંકજ પરમાર, જીલ્લા પંચાયત સભ્ય સાયલી, સરપંચ ગ્રામ પંચાયત સાયલી, જિલ્લાના પાંચ લોકો અને સ્ટાફના પાંચ લોકો હાજર રહ્યા હતાં.

આ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ હેઠળ ગ્રામીણ વિસ્તારોમાં પાંચ મકાનો બનાવશે.દાનહમાં બનેલ ઘરમાંથી એક ઘરના માલિકને ગૃહ પ્રવેશ રિબન કાપીને કરાવવામાં આવ્યો હતો. તેમજ ઘરના બાંધકામ માટે રૂ. ૮૦૦૦૦/-ના પ્રથમ અને બીજા હપ્તાના ચેકો લાભાર્થીઓને સોંપવામાં આવ્યા હતા.

# ગણદેવી તાલુકામાં વિઘ્નહર્તાની અશ્રુભીની યાદગાર વિદાય

**બીલીમોરા, તા. ૧૭:** બીલીમોરા, ગણદેવી, તાલુકામાં ગણેશ ચતુર્થીએ સ્થાપના બાદ બાપ્પાની ભક્તિમાં ભક્તો લીન બન્યા હતા. ભાદરવા સુદ ચૌદશ, અનંત ચતુર્થીને મંગળવારે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં બાપ્પા ની ૧૫૦૦થી વધુ વિસર્જન શોભયાત્રાઓ શાંતિપૂર્ણ રહી હતી. બંદર ઓવરા, તળાવ, નદી અને કૃત્રિમ તળાવોમાં બાપાને ભક્તિભાવપૂર્ણ વિદાય અપાઈ હતી.



ગણદેવી તાલુકામાં વરસાદી વિરામ વચ્ચે મંગળવાર વહેલી સવાર થી યજ્ઞ, હોમ, હવન, પૂજા, આરતી અને મહાપ્રસાદ બાદ બપોરે વિસર્જન યાત્રાઓ શરૂ કરાઈ હતી. તે અગાઉ વિવિધ મંડળોનાં મંડપ આગળ ભક્તો ગરબે ઘૂમ્યા હતાં. જે બાદ ‘ગણપતિ અપને ગાવ ચલે...’ જેવા ધાર્મિક ગીત- સંગીત ભજન સાથે ઢોલ નગારા, ડીજે મ્યુઝિક સિસ્ટમ અને અબીલ ગુલાલની છોળો સાથે ભક્તો મન મૂકીને ઝુમ્યા હતા. અનેક મંડળો એ પોતાના આગવા પહેરવેશ સાથે આકર્ષણ જમાવ્યું હતું. ગણદેવી વેગણિયા નદી બંધારા પૂલ ઓવરે, બીલીમોરા અંબિકા નદી બંદર ઓવારે અને ગ્રામ્ય વિસ્તારોમાં નદી તળાવ કિનારે પૂંજન, આરતી, બાદ ગણપતિ બાપા મોરિયા અગલે બરસ તુ જલ્દી આ... પુઢચ્યાં વર્ષી લવકર યા, ગણપતિ બાપા મોરિયા, ના ગગનભેદી નાદ સાથે વિસર્જન કરાયા હતા. ભક્તો એ દુંદાળા દેવને આગામી વર્ષે જલ્દી આવવાની પ્રાર્થના સાથે અશ્રુભીની વિદાય આપી હતી. ગણદેવી, બીલીમોરા, અમલસાડ, સરીબુજરંગ અને ધોલાઈ મરીન પોલીસે ચુસ્ત બંદોબસ્ત સાથે ૧૫૦૦થી વધુ વિસર્જનયાત્રા સુચારુ બનાવી હતી. વહીવટી તંત્ર એ ક્રેન, લાઈટ, પાણી સહિતની વ્યવસ્થા ઓ ઉપલબ્ધ કરાવી હતી. રાજકીય, સામાજિક, ધાર્મિક અગ્રણીઓ અને સેવાકીય મંડળોએ ગણેશ વિસર્જન રૂટ ઉપર સ્વાગત સાથે ભક્તો ની સેવા કરી હતી. સમગ્ર ગણેશ ઉત્સવ શાંતિપૂર્ણ રહેતા વહીવટી તંત્ર એ રાહત નો શ્વાસ લીધો હતો.

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂા.5000/-
Raymond dinesh Siyaram's DONEAR DIGJAM NIRVĀN ICON ashima Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

લગ્ન સિઝન નિમિત્તે સ્પે. ધમાકા સેલ
લેડીઝ વેરાયટી ફેન્સી ચંપલ, ફેન્સી મોજડી ફક્ત Rs.300
જેન્ટસ સ્પોર્ટ શુઝ વેરાયટી ફક્ત Rs.300
પુરા ફેમીલી માટે માટે અવનવી ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પરમાર શુ કલેક્શન
અમારે ત્યાં જેન્ટસ, લેડીઝ અને ચિલ્ડ્રન માટે ખ્યાત નામ કંપનીઓની ઓલ સિઝન ફેન્સી વેરાઈટીઓ મળશે.
કાપડીયા કોમ્પ્લેક્ષ, હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo. : 8690820403
અમારી બીજી કોઈ શાખા નથી

લગ્ન પ્રસંગ નિમિત્તે
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
ઓલ સીઝન ચંપલ, સેન્ડલ, લાઈટ શુઝ, સેફ્ટી શુઝ, લાઈટ વાળા શુઝ
ADDA VKC pride sparx RELAXO
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361



Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Wednesday 18, September 2024

# દમણગંગા ટાઇમ્સ

BHAVESH
TEMPO SEVICE
PACKERS & MOVERS
BHAVESHBHAI
MO. : 9998050250
9327850050
ઘર સમાન ખાલી કરવા તથા ભરવા લેબર તથા પેકીંગ
101, MAGANLAL RESIDENCY, NR. SULABH APPT.
TITHAL CROSS ROAD, VALSAD. PH. NO. 02632-250050

# પારડીમાં રાત્રે વાવાઝોડું : વૃક્ષો - વીજપોલ ધરાશાયી, પતરાં ઉડ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૧૭ :** પારડીમાં મધ્યરાત્રી દરમિયાનભારે પવન વાવાઝોડા સાથે વરસાદ પડતા ઠેર ઠેર વૃક્ષો અને વીજ પોલ ધરાશાય થયા હતા અને ઘરોના પતરા ઉડી જવાની ઘટના બનવા પામી હતી. ત્યારે પારડીના પોણીયા આહિર ફળિયા ખાતે રહેતા ધીરુભાઈ છનાભાઈ આહીરના ઘરે ભારે પવન સાથે વરસાદ પડતા પતરાઓ ઉડી ગયા હતા. જેને પગલે તેઓને ઘરમાં તેમજ ઘરવખરી સામાનને નુકસાન થયું હતું. આ સાથે પોણીયા ખાતે રહેતા અશોક મોરારભાઈ પટેલની આંબાવાડીમાં કેટલાક આંબાના વૃક્ષો ધરાશાય થયા હતા. જેને પગલે વાડીમાં આંબાનું ઝાડ શેડ ઉપર પડતા ટ્રેક્ટર દબાઈ જવા પામ્યો હતો. આ સાથે ભેંસલાપાડ ખાતે રહેતા માલાબેન મુકેશભાઈના ઘરે રાત્રિના આમલીનું ઝાડ તૂટી પડતા પતરા ઉપર પડ્યું હતું. જેને પગલે ઘરમાં મુકેલ ટીવી ફર્નિચરને નુકસાન તેમજ પરિવારના સભ્યોને નાની ઈજા પહોંચી હતી. આ સાથે પોણિયા, ભેંસલાપાડ, પારડી સ્ટેશન રોડ પાસે વીજપોલ ભારે પવનને કારણે ધરાશાઈ થતા દોડધામ મચી જવા પામી હતી. અચાનક ભારે પવનના સુસવાટા સાથે વરસાદ પડતા ઠેર ઠેર વૃક્ષો ઢળી પડ્યા હતા અને વીજપોલ જમીનદોષ થતા વીજ પુરવઠો ખોરવાયો હતો. જેને પગલે નગરપાલિકા તેમજ જીઈબીની ટીમ સ્થળ ઉપર દોડી આવી કામગીરી હાથ ધરવામાં આવી હતી ત્યારે આવા ગરીબ પરિવાર તેમજ ખેડૂતોને નુકશાન થતા સરકાર તેઓને યોગ્ય વળતર આપે તેવી આશા વ્યક્ત કરી હતી.



# વલસાડની ડેરીમાં બનાવટી પનીરનો શંકાસ્પદ જથ્થો ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૧૭ :** વલસાડ શહેર તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી ડુપ્લીકેટ પનીર વેચાતું હોવાની બુમરાણો ઉઠવા પામી હતી.

જોકે તહેવારોમાં ડુપ્લીકેટ પનીરનો ઉપયોગ મોટા પ્રમાણમાં થતો હોવાની ફરિયાદો ઉઠી હતી જેને લઈ આજ રોજ વલસાડ જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ વલસાડના ડેઝિગ્નેટેડ ઓફિસર એ આર વલવીના માર્ગદર્શન હેઠળ તથા આગામી તહેવારોમાં વલસાડ જિલ્લાના પ્રજાજનોને આરોગ્યપ્રદ ખોરાક મળી રહે તે બાબતનું આયોજન કરી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર




વલસાડના ફૂડ સેફટી ઓફિસર કુ.બી કે પટેલ તથા કુ.આર એમ પટેલ સાથેની સંયુક્ત ટીમે વલસાડના છીપવાડ વિસ્તારમાં આવેલ શ્રીજી ડેરી એન્ડ ચોપાટી આઈસ્ક્રીમ પેઢીની આકસ્મિક તપાસણી હાથ ધરી શંકાસ્પદ પનીરનો આશરે ૨૧ હજાર રૂપિયાનો ૭૦ કિલો જેટલો જથ્થો મળી આવતા ફૂડ વિભાગની ટીમે જપ્ત કરી સરકારી લેબમાં તપાસ સાથે મોકલવામાં આવ્યો છે. મળી આવેલા શંકાસ્પદ ૭૦ કિલો પનીરના જથ્થાનો નાશ પણ કરવામાં આવ્યો છે.

વધુ ચોંકાવનારી માહિતી મુજબ વલસાડ નગરપાલિકા દ્વારા આવા દુકાનદારો ઉપર ચાર હાથ હોય તેવું ચર્ચા ચાલી રહી છે અને એને સમર્થન મળતું હોય તેમ ડેરી ચલાવતા સંચાલક પાસેથી લાઈસન્સ માંગતા તેની પાસે લાયસન્સ પણ ન હોવાનું જણાવતા ફૂડ વિભાગની ટીમે લાયસન્સના લે ત્યાં સુધી દુકાન બંધ રાખવા કડક સૂચના આપી હતી.

# મુંબઈના 'આપણું આંગણું'ના સાહિત્યકારો 'સંસ્કૃતિ'ના ઉપક્રમે 'વલસાડી વહાલ' અનુભવી ગયા







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ધરમપુર, તા.૧૭ :** ગુજરાતી સાહિત્ય -કલાને સમર્પિત એવા સમગ્ર ગુજરાતમાં જાણીતા બ્લોગ આપણું આંગણું દ્વારા મુંબઈના કવિ,લેખક, કલાકાર અને સાહિત્ય રસીકો માટે વલસાડ જિલ્લાના સાહિત્ય કલા પ્રેમીઓના એક અનૌપચારિક જૂથ સંસ્કૃતિના સંયુક્ત ઉપક્રમે વલસાડી વહાલ નામે એક દિવસીય પ્રકૃતિ દર્શન અને સાહિત્ય ગોષ્ટિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સુરત નેચર ક્લબના પ્રતિનિધિઓએ પણ ઉપસ્થિતિ નોંધાવી હતી અને પ્રકૃતિ અંગેની માહિતી પૂરી પાડી હતી માર્ગદર્શક તરીકે મુંબઈના હિમાંશુ પ્રેમ અને વલસાડના ડો.પિયુષ પટેલ દ્વારા જરૂરી પરામર્શ પુરા પડાયા હતા. ધરમપુરના પરેશ રાવલ, પ્રતીક કોટક,ભાવેશ રાયચા વગેરે એ પણ પોતાની સેવા પૂરી પાડી હતી. સ્થાનિક સ્તરે સંસ્કૃતિ ગ્રુપના ટ્રસ્ટીઓ અને પારડીના ડો. મુસ્તાક કુરેશીએ સંકલન સાધી આયોજનમાં સહયોગ કર્યો હતો.

# વલસાડ કલેકટરે બે બુટલેગરો સામે પાસાનો કોરડો વિંઝ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૧૭ :** સંઘ પ્રદેશ દમણથી ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં મોટા પાયે દારૂ બિયરની હેરાફેરી કરનાર બે ઈસમો વિરુદ્ધ વલસાડ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પાશા ની કાર્યવાહી કરી એકને કચ્છ ભુજ અને બીજાને રાજકોટ ની જેલમાં મોકલી અપાયા જેને લઇ અન્ય બુટલેગરોમાં ભારે ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ છેલ્લા કેટલાક સમયથી સંઘ પ્રદેશ દમણના મશાલ ચોક ખાતે રહેતા અર્જુન જયેશભાઈ રોહિત અને વિનોદ શિવનાથ પાલ રહે વાપી જીઆઇડીસી હાઉસિંગ બોર્ડ ના દ્વારા દમણથી ગુજરાતના વિવિધ પોલીસ મથકોમાં દારૂની હેરાફેરીના અસંખ્ય કેશો નોંધાયેલા હોવાને લઈ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બંને આરોપી વિરુદ્ધ ભાષાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. જેમાં વિનોદ શિવનાથ પાલ રહે વાપી જીઆઇડીસી ન્યુ ગુજરાત હાઉસિંગ બોર્ડ વાપી કચ્છ ભુજ તેમજ અર્જુન જયેશભાઈ રોહિત રહેનાની દમણ મસાલ ચોક દમણનાને રાજકોટની જેલમાં પાસા કરી મોકલી આપવામાં આવ્યા છે. જેને લઇ દમણ દાનહ તેમજ વલસાડ જિલ્લામાં ગેરકાયદે દારૂની હેરાફેરી કરનાર તેમજ ગેરકાયદે દારૂનું વેચાણ કરનાર બુટલેગરોમાં ફેલાઈ જવા પામ્યો છે.

## નેપાળી બનાવટના ડુપ્લીકેટ માલસામાનો શ્રમજીવી અને ગ્રામીણ વિસ્તારના ગ્રાહકોના આરોગ્ય માટે પણ જોખમી

# વાપીના બજારમાં ચાઈનીઝ જ નહીં પણ હવે નેપાળી માલસામાનનું પણ વેચાણ!?

**નેપાળની બનાવટના અને નેપાળી રૂપિયાના ચલણમાં કિંમત દર્શાવતા માલ સામાન બનાવટી હોવાની સંપૂર્ણ શક્યતા : નેપાળી બનાવટનો માલ વાપીના બજારમાં કોણ ઠાલવી રહ્યું છે? એ કયા રસ્તે અને ક્યાંથી આવે છે? એનું વેચાણ કરનારા આ માલ સામાન સત્તાવાર રીતે ખરીદે છે કે ગેરકાયદે જેવી અનેક બાબતો તપાસનો વિષય**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૧૭ :** વલસાડ જિલ્લા માં શહેરી કકે એની આસપાસના ગ્રામીણ વિસ્તારો બનાવટી ચીજ વસ્તુઓના વેચાણની વાત સાવ નવી નથી તાજેતરમાં જ વલસાડમાં એક દુકાનમાંથી બનાવટી પનીર પકડાયું હતું અગાઉ બનાવટી મરચાંની ભૂકી અને પ્લાસ્ટિકના ચોખા વેચાતા હોવાની પણ વાતો ચાલી હતી. ઈલેક્ટ્રોનિક્સ અને અન્ય ચીજ વસ્તુઓની બાબતમાં તો ચાઈનીઝ પ્રોડક્ટનો સ્થાનિક બજારમાં ભારે પગ પેસારો છે એ કોઈનાથી અજાણ્યું નથી પરંતુ હવે વાપીના બજારમાં એક નવો જ ટ્રેન્ડ પાછલા ઘણા સમયથી ચાલી રહ્યો હોવાનો ઘટસ્પોટ થયો છે.

વાપી અને આસપાસમાં ખાસ કરીને જ્યાં પરપ્રાંતિય કે શ્રમજીવી વર્ગ વસવાટ કરે છે. એવા વિસ્તારોમાં ભારતીય બનાવટની જાણીતી બ્રાન્ડના ડુપ્લીકેટ સામાનો




વેચાઈ રહ્યા છે. એમાં બિસ્કીટથી લઈને કોસ્મેટિક્સ ઘરવખરીની ચીજ વસ્તુઓ અને કરિયાણાનો સામાન પણ સમાવેશ પામે છે આવા જ વેચાણ નો એક નમૂનો સામે આવ્યો છે જેમાં ચોકાવનારી બાબતે છે કે, આવું ડુપ્લિકેશન ભારત કે ચાઇનામાં નહીં પણ નેપાળમાંથી થઈને આપણા બજારમાં ઠલવાઈ રહ્યું હોય એમ જણાઈ રહ્યું છે. આ બાબતે વલસાડ જિલ્લાના પુરવઠા અને સંબંધિત તંત્રોએ તાત્કાલિક ચાંપતી તપાસ આદરવાની જરૂર વર્તાઈ રહી છે. વાપીના બજારમાં નેપાળમાં બનેલી હોવાની જણાતી અને ત્યાંના જ સરનામા દર્શાવતી તથા નેપાળી રૂપિયામાં કિંમત દર્શાવતી પ્રોડક્ટ ઉઘાડે છોગ વેચાઈ રહી છે દાખલા તરીકે વાપીના બજારમાં જાણીતી ટુથપેસ્ટની બ્રાન્ડ ક્લોઝ અપની ડુપ્લીકેટ જોવામાં આવી છે જે

**નેપાલી ચલણમાં રૂપિયા ૭૫ ની ટૂથપેસ્ટ, ભારતીય ચલણ પ્રમાણે માત્ર ૪૮.૭૫ રૂપિયામાં જ મળવી જોઈએ એની જગ્યાએ વેપારીઓ પુરા ૭૫ વસુલી રહ્યા છે !**

નેપાળમાં બની છે અને નેપાળી ૭૫ રૂપિયાની કિંમત દર્શાવે છે પરંતુ જોવા જેવું એ છે કે આ માલ સામાન ભારતીય બજારમાં કઈ રીતે કયા રસ્તે અને કોણ ઠાલવી રહ્યું છે નોંધનીય બાબત તો એ પણ છે કે, નેપાળમાં રૂપિયાનું ચલણ ચાલે છે અને ત્યાંનો રૂપિયો એ આપણા માત્ર ૬૫ પૈસા બરાબર હોય છે ત્યારે ભારતમાં નેપાળી ૭૫ રૂપિયાની વસ્તુ ભારતના ૭૫ રૂપિયા મુજબ વેપારીઓ વસૂલી રહ્યા છે. નેપાળી માલસામાન ભારતીય કે વાપીના બજારમાં ગેરકાયદે રીતે વેચાણમાં ચલણી હોવાનું જણાઈ રહ્યું છે. તપાસ તો એ બાબતની પણ થવી જોઈએ કે જે દુકાનોમાં આ માલ સામાન વેચાય છે.

એમને આ પુરવઠો કોણ પૂરો પાડે છે અને આ માલ સામાન ખરેખર નેપાળમાંથી જ બનીને આવે છે કે, પછી આસપાસમાં જ ક્યાંક બનીને પેકિંગ થઈને બજારમાં ઠલવાઈ રહ્યો છે? આવા માલ સામાનની ગુણવત્તા ગ્રાહકોના આરોગ્ય માટે પણ એટલી જ જોખમી ગણાઈ શકે છે.

# વંકાસમાં સરપંચ સામેની અવિશ્વાસ દરખાસ્તનું સુરસુરિયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ઉમરગામ, તા.૧૭ :** વંકાસ ગ્રામ પંચાયતનાં સરપંચ રાજેશભાઈ હોલ્યાભાઈ ઢંઢીયા સામે અવિશ્વાસની દરખાસ્ત મુકતા ૧૨ મી સપ્ટેમ્બરનાં રોજ ખાસ સામન્ય સભા બોલાવવામાં આવી હતી. જેમાં દરખાસ્ત મૂકનાર ૬ સભ્યો માંથી એક ગેરહાજર રહ્યો અને એક સભ્ય તટસ્થ રહેતા સરપંચ સામે મુકેલ અવિશ્વાસ દરખાસ્તનું સુરસુરિયું થયું હતું. અવિશ્વાસની દરખાસ્ત પસાર કરવા ૬ સભ્યોનું સંખ્યા બળ હોવું જરૂરી હતું. ઉમરગામની વંકાસ ગ્રામ પંચાયતમાં સરપંચ તરીકે રાજેશ હોલ્યાભાઈ ઢંઢીયા તથા ૮ સભ્યો બાગડોળ સંભાળી રહ્યા હતા.પંચાયત માં ૩૦ ઓગષ્ટે વોર્ડ નં પનાં સભ્ય અસ્મિતા પિયુષ પટેલે તેના સાથી વોર્ડ નં ૧,૨,૪,૬,૭નાં સભ્યોએ સરપંચ રાજેશભાઇ ઢંઢીયા સામે સભ્યોને વિશ્વાસમાં લીધા વિના મનસ્વી નિર્ણયો લેતા હોવાન આક્ષેપ સાથે અવિશ્વાસની દરખાસ્ત મુકતા બહુમતી પુરવાર કરવા માટે ૧૨ સપ્ટેમ્બરે પંચાયત કચેરીએ સવારે ૧૧ કલાકે તલાટી કમ મંત્રી હીરાભાઈ વાઢેરની ઉપસ્થિતિમાં ખાસ સામાન્ય સભા બોલાવવામાં આવી હતી.જેમાં પંચાયતના ૮ સભ્યો પૈકી અવિશ્વાસની દરખાસ્ત મૂકનાર ૧ સભ્ય ગેરહાજર રહ્યા હતા. જ્યારે એક સભ્ય તટસ્થ રહેતા અવિશ્વાસ મૂકનાર સભ્યોની સંખ્યા ૪ રહી જતાં અવિશ્વાસની દરખાસ્તનું સુરસુરિયું થયું હતું. સરપંચ સામે મુકેલ અવિશ્વાસની દરખાસ્ત પસાર કરવા ૬ સભ્યોનું સંખ્યા બળ હોવું જરૂરી છે. અવિશ્વાસ દરખાસ્ત નામંજૂર થતાં સરપંચે રાહતનો શ્વાસ લીધો હતો. ગ્રામ પંચાયતમાં પ્રજાએ ચૂંટીને મોકલેલા જનપ્રતિનિધિઓ સત્તાના મદમાં આંતરિક ખેંચતાણ કરી બજેટનાં મંજૂર કરી પંચાયતને સુપરસિડ કરે છે અથવા સરપંચ સામે અવિશ્વાસ મુકી પંચાયતને અસ્થિર કરતા ગામનો વિકાસ રુંધાય છે.



ગોકુલ વિહાર ક્લબ હાઉસમાં શ્રી આર્ટના પ્રણેતા મંગલાબેન મર્દા દ્વારા હસ્તકલા તથા ધોરણ બનાવવાનો કાર્યક્રમ યોજાઈ ગયો આ કાર્યક્રમમાં મંગલાબેન ભરતા તથા મંજુલાબેન ઉકાણી બીનાબેન શાહ દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ખુલ્લો મુકાયો. આ કાર્યક્રમમાં રસ ધરાવતી ઘણી બધી બહેનોએ ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## સુધારો

**તા.૧૧-૯-૨૦૨૪ને બુધવારના રોજ દમણગંગા ટાઈમ્સના પાના નં.૮ પર પ્રકાશિત જાહેરખબરમાં એસબીપીપી કો-ઓપરેટીવ બેંક લી. (શિડ્યુલ બેંક)નું નામ સરતચૂકથી સબીપીપી કો-આપરેટીવ બેંક લી. (શિડ્યુલ બેંક) તરીકે પ્રકાશિત થયેલ છે. જે સુધારીને એસબીપીપી કો-ઓપરેટીવ બેંક લી. (શિડ્યુલ બેંક) તરીકે વાંચવું.**

# ધરમપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં મોબાઈલ નેટવર્કના પ્રશ્ને ધારાસભ્યની રજૂઆત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ધરમપુર, તા.૧૭ :** ધરમપુર તાલુકાના ૧૫ થી વધુ ગ્રામ્ય વિસ્તારોમાં bsnl નેટવર્ક ખોરવાતા આ વિસ્તારમાં વિદ્યાર્થીઓ દુકાનદારો તેમજ અન્ય સરકારી કામકાજ માં bsnl ટાવરનું નેટવર્ક ન હોવાને કારણે કામગીરીમા અડચણ આવતા આ વિસ્તારના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે બી એસ એન એલ ચીફ ને રજૂઆત કરી છે.

બીએસએનએલ ટાવરની સમસ્યા નીચેના પૈકી ગ્રામ્ય વિસ્તારોમાં હોવાનુ જણાઇ આવ્યું હતું. (૧) હથનબારી (૨) ચાસમાંડવા (૩) જાગીરી (૪) ગનવા (૫) સજનીબરડા (૬) મનાઈચોઢી (૭) મામાભાચા (૮) માંકડબન (૯) ભવઠાણ આંબોસી (૧૦) જામલીયા (૧૧) સોંનદર (૧૨) મુરદડ(૧૩) પંગારબારી (૧૪) ભાનવળ (૧૫) મોટીકોસબાડી (૧૬) ઉપલપાડા જેવા ગામોમાં બી.એસ.એન.એલ.ના ટાવર હોવા છતા નેટવર્ક બરાબર આવતુ નથી. ધરમપુર તાલુકાના હનમતમાળ સહિતના પૂર્વ પટ્ટીના ગામોમાં મોબાઈલ ટાવર ઉભા કરાયા હોવા છતા કેટલાક ટાવર કાર્યરત કરવાના બાકી અને નેટવર્ક આવતુ નહીં હોવાની ફરીયાદો જિલ્લા પંચાયત સભ્ય, તાલુકા પંચાયત સભ્ય, ગામના સરપંચ તથા આગેવાનો દ્વારા કરાયેલ રજૂઆત અનુસાર ગ્રામપંચાયત તથા શાળામાં ઓનલાઇનની કામગીરી માટે ટેકરા ઉપર ચઢી કામગીરી કરી રહયા છે. રેશનકાર્ડ તેમજ આધારકાર્ડની કામગીરીમાં પણ ખુબજ વિલંબ થઇ રહયો છે. આ બાબતે સમસ્યાનું નિરાકરણ લાવવા ધારાસભ્ય અરવિંદભાઇ પટેલ દ્વારા ભલામણ કરવામાં આવી છે.

ચોથી પુણ્યતિથીએ શ્રધ્ધાજંલી



જન્મ : તા. ૨૬/૧૦/૧૯૮૪ સ્વ. : તા. ૧૮/૦૯/૨૦૨૦

સ્વ. ડૉ. નીરજ રમેશભાઈ સંજાણા

આપના પુણ્યત્માની દિવ્ય જયોતિનો પ્રકાશ
અમોને સદૈવ આત્મબળ અને પ્રેરણા આપતો રહેશે.
પરમકૃપાળુ પરમાત્મા આપના આત્મા ને પરમ શાંતિ આપે એજ પ્રાથના.
|| ૐ શાંતિ ||

લિ.
ડૉ. ભુમીકા નીરજ સંજાણા (પત્ની)
ડૉ. શ્વેતા શૈશવ પટેલ (સાળી) ડૉ. શૈશવ એસ. પટેલ (સાળુભાઈ)
પ્રવિણા ડી. જાદવ (સાસુ) દિપક આર. જાદવ (સસરા)

'કેશવકુંજ', ૯ મોહનસિંહ પાર્ક, નરોલી રોડ, સિલવાસા - ૩૯૬ ૨૩૦. (દા. ન. હ.)

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**